શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદરાબાદનું મુખપત્ર

નવેમ્બર ૨૦૨૧

# નિંયાપો

સાહિત્ય અને સભ્યતાનો સેતુ



# THE GRAND
## BALLROOM

Luxury Banquets for all Occasions by

MINTTU SARNA - GAURAV CATERERS - RAJ KABRA



- Banqueting Capacity - 100 to 400 Pax
- Centrally Located in Heart of the City
- Plush Interiors, suitable for all Occasions
- Hygienic and Sanitized Atmosphere
- Best in-house Decor and Catering Services by Minttu Sarna & Gaurav Caterers
- Ample Parking space
- Pure Vegetarian

Opp. Police Head Quarters, Road No. 12, Banjara Hills, Hyderabad - 500 034.

For Bookings Call : 6302414052

# ‘નિંયાપો’

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૩૦ અંક : ૩૧૧

પ્રમુખ
**સુશીલ ધીરજલાલ કાપડિયા**
93933 19333

માનદ્ મંત્રી
**હેમાંગ મણીકાંત મોમાયા**
9885 101010

સંપાદક
**દિનેશ કલ્યાણજી ગોસર**
98480 99011, 93911 99011

સહ સંપાદક
**નિલેશ કલ્યાણજી છેડા**
93922 48002

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૦૪૦-૨૪૭૫૨૩૮૩
email : hydkmm@gmail.com

*મુદ્રક :* **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૪૦૨૫૮૯૯૯
email:chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



‘‘નિંયાપો’’ માં પ્રગટ થતા કોઈપણ લેખ, ફોટોગ્રાફ, માહિતિ કે જાહેરાત માટે શ્રી કચ્છી મિત્ર મંડળ કે સંપાદકની કોઈ જવાબદારી રહેશે નહિં, જેની નોંધ લેવા વિનંતી.


## પ્રમુખશ્રીનો સંદેશ


**સુશીલ ધીરજલાલ કાપડિયા**
93933 19333




Jai Jinendra

A happy Diwali and a Prosperous new year to all our members".

I am very positive that the next one year will be a very dramatic period with lots of changes happening around the world and which is working in favour of our country “Technology and health will be leading fields to be in and I hope our youngsters prepare themselves for this great times that is expected and achieve success and reach great heights.

We are now positioned to lead the world and our young generation are the luckiest to be part of this period. I wish all luck to them...

“With warm regards

**જયજિનેન્દ્ર**

**આપણા સૌ સભ્યોને દિવાળીની શુભકામનાઓ અને નવા વર્ષની શુભેચ્છાઓ. આગામી એક વર્ષ વિશ્વભરમાં ઘણા બધા ફેરફારો સાથે ખૂબજ નાટકીય સમયગાળો હશે અને જે આપણા દેશની તરફેણમાં કામ કરી રહ્યું છે. ટેકનોલોજી અને આરોગ્ય ક્ષેત્રોમાં અગ્રણી હશે અને હું આશા રાખું છું કે આપણા યુવાનો પોતાને આ મહાન સમય માટે તૈયાર રાખશે અને સફળતા હાંસલ કરશે જેથી ઉંચાઈ સુધી પહોંચી શકાશે.**

**આપણે હવે વિશ્વનું નેતૃત્વ કરવા માટે સક્ષમ છીએ અને આપણી યુવા પેઢી આ સમયગાળાના સાક્ષી બનવા ભાગ્યશાળી રહેશે...**

**મારી શુભેચ્છા પાઠવું છું....**




**શ્રી કચ્છી મિત્ર મંડળ-હૈદરાબાદ ના સર્વે ટ્રસ્ટીગણ, પદાધિકારીગણ, કારોબારી સમિતિના સભ્યો અને સમિતિ સંચાલકો તરફથી મંડળના સર્વે સભ્ય પરિવારજનોને પ્રકાશના પર્વ દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ સહ વિ.સં. ૨૦૭૮ નૂતન વર્ષાભિનંદન....**

## માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

**હેમાંગ મણીકાંત મોમાયા**
9885 101010



આપ સૌને નૂતન વર્ષાભિનંદન, હમણાં જ દિવાળી પર્વના જ્યોતિર્મય દિવસો પસાર થયા, આપણે સૌએ દિવાળીના દિવસે દિપપ્રજવલ્લિત કરીને આ દિપોત્સવી તહેવાર ઉજવ્યો.

શિક્ષણ સમિતિ તથા માવજત સમિતિ સુચારૂરૂપે કાર્યરત છે. ગત માસોમાં વેક્સીનેશન કેમ્પો યોજાયા, જેમાં આપણા પંકજભાઈ વલ્લભજી સાવલાનો સહયોગ મળેલ તે બદલ પંકજભાઈનો ખૂબ ખૂબ આભાર.

શિક્ષણ સહાય માટે સભ્યો પાસેથી અરજીઓ આવેલ તે સર્વે સભ્યોને શિક્ષણ સહાય આપવામાં આવી છે.

કોવિડના કારણે ભવનની બુકીંગમાં ઘટાડો થયેલ તે હવે વાતાવરણ નોર્મલ થાતા ભવનની બુકીંગમાં વધારો થયેલ છે.

વિવિધ સમિતિના પ્રોગ્રામો ઉપર કોવિડને કારણે કાપ મૂકવામાં આવેલ તે સર્વે સમિતિઓ હવે પૂર્ણ રીતે કાર્યરત થશે.

ડિસેમ્બર મહિનામાં માવજત સમિતિ દ્વારા આઈ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે, જેની વિગત આપને ટુંક સમયમાં જણાવવામાં આવશે.

આ સૌને આ વર્ષ સુખ-શાંતિ-સમૃદ્ધી અને ઐશ્વર્ય આપવા વાળું બનો એજ અભ્યર્થના સહપ્રાર્થના ....

# સગપણ સેતુ

હાલની સગપણ સમસ્યાને ધ્યાનમાં લઈને નિયાંપોમાં મંડળના લગ્નોત્સુક ઉમેદવારો માટે સંક્ષિપ્તમાં બાયોડેટા નિ:શુલ્ક છાપવામાં આવે છે. મંડળનાં જે કોઈ સભ્યોને આનો લાભ લેવો હોય તેઓએ ઉમેદવારનો બાયોડેટા ફોટો સહિત મહિનાની ૨૫ તારીખ સુધી મોકલાવી આપતા આગામી અંકમાં તે પ્રકાશિત છાપવામાં આવશે.

| | |
|---|---|
| ઉમેદવારનું પુરૂ નામ | જીત કિર્તીકુમાર કલ્યાણજી ગંગર |
| કચ્છમાં ગામ | મેરાઉ, તાલુકો માંડવી, જિલ્લો કચ્છ |
| દાદા | કલ્યાણજી લાલજી ગંગર |
| નાનાણા | દયાચંદ જૈન ગામ વિદિશા, મધ્યપ્રદેશ |
| જન્મ તા | ૦૬-૦૯-૧૯૯૫, જન્મ સમય ૫.૩૦ સાંજે |
| જન્મ સ્થળ | વિદિશા, મ.પ્ર. |
| હાઈટ | ૫'.૫'' વજન ૭૮, બ્લડ ગ્રુપ ઓ.પોઝીટીવ |
| અભ્યાસ | બી.બી.એ. (ફાઈનાન્સ), પરસ્યુઇંગ એમ.બી.એ. |
| વ્યવસાય | મહાવીર હોમીયો સ્ટોર્સ, રામકોટ, હૈદરાબાદ |
| ઈ-મેલ | jeetshah78@gmail.com |
| સંપર્ક નામ | કિર્તીકુમાર કલ્યાણજી ગંગર |
| ફોન નં : | ૯૬૧૮૫ ૭૦૬૪૪ |



કિમત બન્નેની ચૂકવવી પડે છે.
જરૂર વગર બોલવાની અને
ખરેખર જરૂર છે ત્યાં ચૂપ રહેવાની

गलतफहमियों के सिलसिले ईतने दिलचस्प है..
हर ईंट सोचती है
दीवार मुझ पर टिकी है ।

## સંપાદકની કલમે...

**દિનેશ કલ્યાણજી ગોસર**
98480 99011
93911 99011



તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક પોસ્ટ વાયરલ થઈ કે વહેલું મોડું આપણને કચ્છને ભૂલવું જ પડશે. હાલની પરિસ્થિતિમાં કદાચ આ દ્રષ્ટિકોણ મહદ્ અંશે સત્ય હોઈ શકે, પણ એક સકારત્મક દ્રષ્ટિકોણથી જોઈએ તો કદાચ સતત વિકાસશીલ કચ્છના વિકાસના મહત્વના હિસ્સેદાર આપણે પણ બની શકીએ. એક સમયે આપણે સ્થળાંતર કરતાં કરતાં કચ્છને માતૃભૂમિ બનાવી સ્થિર થયા. રોજગાર માટે વરસાદ આધારિત ખેતી પર અવલંબન હોવાથી દુષ્કાળની પરિસ્થિતિ સતત્ રહેતી હોવાથી રોજગાર અર્થે મુંબઈ તથા અન્ય સ્થળોએ સ્થળાંતર કર્યું.

ભારતના અન્ય સ્થળોને કર્મભૂમિ બનાવવાનો આપણા સમાજનો લગભગ ૧૫૦ વર્ષોનું ઈતિહાસ હશે. આપણી સાહસિક કોમ જ્યાં જ્યાં સ્થિર થઈ છે ત્યાં ત્યાં વિવિધ ક્ષેત્રોમાં હરણફાળ પ્રગતિ કરી અને સ્થાનિક લોકો સાથે હળીભળીને નામના કાઢી લોકપ્રિયતા મેળવી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વિશ્વના દેશોમાં પણ આપણે સ્થિર થયા છીએ.

છતાંપણ કચ્છને આપણે ભૂલી નથી શકતાં કચ્છના દરેક સંકટમાં આપણે અડીખમ ઉભા રહી સામનો કરતા આવ્યા છીએ. ભૂકંપના ભયંકર પ્રકોપને પણ આપણે ખૂબજ જલ્દી ભૂલી કચ્છને ફરી પાછું બેઠું કરી આપણે ખૂબજ જલ્દી ભૂલી કચ્છને ફરી પાછું બેઠું કરી આપણે કચ્છને વિશ્વસ્તર પર મુકી દીધું છે. વિશ્વના દેશો માટે કચ્છ આજે ઉભરતા વિકાસનું ઉદાહરણ છે. હમણાં હમણાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એમની કેદારનાથ યાત્રા દરમ્યાન એક સંબોધનમાં કચ્છનો ઉલ્લેખ કરી કચ્છને ગૌરવ પ્રદાન કર્યું. મહાભૂકંપ જેવી આફતને ટુંક સમયમાં અવસરમાં બદલનાર કચ્છવાસીઓનું ઉદાહરણ પ્રસ્તુત કર્યું. આમ પણ પ્રધાનમંત્રી મોદીજી કચ્છ પ્રત્યે કુણી લાગણી ધરાવતા હોવાનું આપણે સૌ જાણીએજ છીએ.

૪૫,૬૭૪ ચોરસ કિલોમિટરનું ક્ષેત્રફળ ધરાવતો કચ્છ જિલ્લો ભારતનો સૌથી મોટો જીલ્લો છે. વિશાળ સમુદ્રતળ, અફાટ રણ તથા કુદરી ખનીજ સંપદાઓ ધરાવતા કચ્છમાં અનેક તકો સમાયેલી છે. કચ્છ માટે સુવર્ણ યુગની શરૂઆત થઈ ચુકી છે. હમણાં અવસર આવી ગયો છે કચ્છીઓને વિશ્વસ્તર પર ઝળકવાનો. કચ્છી પ્રજાને ૧૫૦ વર્ષનો મુંબઈની જાહોજલાલીનો અનુભવ છે. મુંબઈને ઊંચાઈએ લઈ જવામાં કચ્છીઓનો પણ જબરદસ્ત યોગદાન રહ્યો છે. આપણી બુદ્ધિ, મહેનત અને વ્યવહાર થકી આપણે દરેક ક્ષેત્રે લોકચાહના મેળવી છે. આપણે પાંચ પેઢીઓથી મુંબઈમાં તેમજ અન્યત્ર સ્થાયી થયા છીએ.

વિકાસશીલ કચ્છમાં પ્રદાર્પણ કરવાનો આ ખરો સમય છે. વિભિન્ન ક્ષેત્રોમાં અનેક તકો સમાયેલી છે. કોઈપણ ઉદ્યોગો – લઘુ ઉદ્યોગો માટે ઘણી સગવડો ઉપલબ્ધ છે. હજી એક બંદર પશ્ચિમ તટે ઉભું થવાની પૂરેપૂરી શક્યતાઓ છે. દક્ષિણ કચ્છ દરિયાઈ કિનારે આધુનિક હવાઈ પટ્ટી પણ વિચારાધીન છે. નર્મદાના પાણી કચ્છ પહોંચી ચુક્યાછે. હજીપણ છેવાડાના પ્રદેશોમાં એનું વિસ્તરણ થશે. વરસાદ આધારિત ખેતી પર અવલંબન હવે રહ્યું નથી. બે કરતા વધારે પાકની ખેતી શક્ય બની છે. બાગાયતન ખેતીનો વિકાસ પણ આપણે જોઈ રહ્યા છીએ. આજે ઉત્તમ ક્વાલિટીના ફળો જેવા કે કેસર કેરી, ખારેક, દાડમ, કમલમ ફ્રુટ (ડ્રેગન) તથા અન્ય ફળોની વિસ્તુત પેદાશ કચ્છમાં થઈ રહી છે. જે ભારતભર તથા દુનિયાના અન્ય દેશો સુધી પહોંચી રહી છે. સરગવું, બાંબુ, લાકડું, મશરૂમની સફળ ખેતીઓ પણ થઈ રહી છે. પારંપરિક ખેતીવાડી ઉપરાંત શાકભાજીઓ, મગફળી, કપાસ જેવી ઘણી વસ્તુઓનું રેકોર્ડ ઉત્પાદન થઈ રહ્યું છે. મોસંબી-સંતરા, ચિકુ, પાઈનેપલ, કિવી ઉપરાંત ઠંડા પ્રદેશોમાં થતા સફરજન અને કેસરની ખેતીના પણ પ્રયોગો સફળ થયા છે.

પશુપાલન અને ડેરી ઉદ્યોગોમાં પણ કચ્છ ખૂબજ આગળ વધી ગયું છે. કચ્છની ગાયોનું ઘી સર્વત્ર વખણાય છે. ભારતની એક માત્ર ઊંટડીના દૂધની ડેરી પણ કચ્છમાં પ્રસ્થાપિત થઈ છે. કચ્છમાં બનતી મિઠાઈઓ-ફરસાણનું આજે ભારતભરમાં વેંચાણ થાય છે.

પવન આધારિત વીજ ઉદ્પાદન મોટા પ્રમાણમાં કચ્છમાં થતું હોવાથી વિજળીની સમસ્યા પણ કચ્છમાં રહેતી નથી. અન્ય રાજ્યોમાંથી રોજગાર અર્થે કચ્છમાં ઘણા શ્રમજીવીઓ સ્થાઈ થયા છે. જેથી મેન પાવર પણ ઉપલબ્ધ રહે છે. કચ્છની વસ્તી ૨૫ લાખ નજીક પહોંચી રહી છે. જેથી વ્યાપાર ધંધા પણ સારી રીતે ચાલી રહ્યા છે. કચ્છની હસ્તકલા, ભરતકામ, આભલાનો કસબ આજે વિશ્વભરમાં પહોંચી ચૂક્યો છે.

પર્યટન ક્ષેત્રે પણ કચ્છનો વિકાસ થઈ ચુક્યું છે. રણોત્સવ, વર્લ્ડ હેરીટેજ ધોરાવીરા, પ્રાચીન સ્મારકો, બીચ વગેરે... જગાઓએ પર્યટકો ઉમટી રહ્યા છે. ભૂજ, ગાંધીધામ, મુંદરા, માંડવી, અંજાર, નલીયા જેવા શહેરો વિક્સી ચૂક્યા છે. ઉપરાંત નવા નવા ટાઉન પણ વિક્સી રહ્યા છે. બાંધકામ ક્ષેત્રમાં પણ હજી વિકાસ થશે. સમગ્ર કચ્છને આવરી લેતી પાકી સડકો હોવાથી કનેકટીવીટી પણ સરળ બની છે.

કચ્છ આપણી માતૃભૂમિ છે. આપણાંમાંથી ઘણાંના ત્યાં રહેવા માટે વિશાળ ઘરો તથા જમીનો પણ છે. મુંબઈ કે અન્ય શહેરોમાં હજીપણ લગભગ ૪૦ થી ૫૦ હજાર આપણા પરિવારો પોતાના સન્માનપૂર્વક પગભર થવા ઝઝુમી રહ્યા છે. સંકટભરી જિંદગી જીવી રહ્યા છે. નાનકડી એક બે રૂમોમાં પોતાનું જીવન વ્યતિત કરી રહ્યા છે. લોકલ ટ્રેનની ધક્કામુક્કી ભરી યંત્રવત જિંદગીને જીવનનું અંગ બનાવી, મર્યાદિત આવક માટે પણ સંઘર્ષ કરી રહ્યા છે. એ પરિવારો કદાચ પોતાની નવી શરૂઆત માટે વિચારે તો એમની નવી જિંદગી સુવર્ણમય બનવાની પૂરી શક્યતાઓ છે, પણ મજબુરીઓ થકી સાહસવૃત્તિ મુરજાઈ ગઈ હોવાથી નવું કદમ ભરવા મુશ્કેલ પણ લાગી શકે.

આપણાં સમાજની દુરદર્શિતા કે વતનપ્રેમને કારણે કચ્છમાં મહાજનો લગભગ દરેક ગામોમાં અતિથિગૃહ અને નિઃશુલ્ક અથવા મર્યાદિત શુલ્ક સાથે ભોજનાલયો ચલાવી રહ્યા છે. એટલે શરૂઆતમાં મુશ્કેલીઓ પણ નહી નડે. બસ મક્કમ અને મજબૂત મનોબળ સાથે પ્રગતિના રસ્તાઓ ખુલવાની શક્યતાઓ વધારે રહેશે. ભારત સરકારની સ્ટાર્ટઅપ, મેક ઈન ઈન્ડિયા, મુદ્રા લોન જેવી યોજનાઓનો પણ ફાયદો મળી શકે છે.

કચ્છના ઉધોગપતિ પરિવારો પણ કચ્છમાં ઉધોગો સ્થાપવાની દિશામાં વિચારે તો આ સમય ઉત્તમ બની શકે. આ થકી આપણાં પરિવારોને પણ મદદરૂપ થઈ શકાશે.

મારા મતે આ સમય કચ્છને ભુલવાનો નહિં પણ યાદ કરવાનો છે. કચ્છનો સુવર્ણમય ભવિષ્ય આપની રાહ જોઈ રહ્યો છે.


# SHRI KUTCHI MITRA MANDAL

## NIYAPO - Revised Rates for Adervisement with Effect from 01-09-2021

**COLOUR**

| S.NO | PARTICULARS | OLD RATE | NEW RATE | ANNUAL RATES |
|---|---|---|---|---|
| 1 | LAST COVER BACK PAGE (OUTSIDE) | RS.3200 | RS.3500 | 38500 |
| 2 | FIRST INSIDE COVER PAGE | RS.2800 | RS.3000 | 33000 |
| 3 | LAST INSIDE COVER PAGE | RS.2800 | RS.3000 | 33000 |
| 4 | COLOUR FULL PAGE | RS.2800 | RS.3000 | N.A |

**BLACK & WHITE**

| S.NO | PARTICULARS | OLD RATE | NEW RATE | ANNUAL RATES |
|---|---|---|---|---|
| 1 | FULL PAGE | RS.850 | RS.950 | 10450 |
| 2 | HALF PAGE | RS.500 | RS.600 | N.A |
| 3 | QUARTER PAGE | RS.200 | RS.300 | N.A |
| 4 | STRIPS | RS.150 | N.A | |

Note : If the advertisement is given for 12 months 1 month Price discount is allowed.
The scheme is for the advertisement for which the annual rates are mentioned above.

# હેલ્થ કેર (માવજત) સમિતિ

સંચાલકો : કિર્તીકુમાર કાપડિયા
93910 12969
પંકજ હિરજી સાવલા
98497 47625



હેલ્થ કેર સમિતિ દ્વારા હોસ્પીટલાઈઝેશન સહાય માટે આવેલ ત્રણે અરજીઓ મંજુર કરવામાં આવેલ છે. મંડળ દ્વારા પરિવારોને યથાયોગ્ય સહાય કરવામાં આવેલ છે.

મેડીક્લેઈમ ઇન્સ્યુરેન્સ માટે જે પરિવારે મેડીક્લેમ લીધેલ ન હોય અને પરિવારની વાર્ષિક આવક ૨.૫૦ લાખથી નીચે હોય એવા જરૂરીયાદમંદ પરિવાર માટે બે સભ્યોની રૂ. બે લાખ સુધીના મેડીક્લેમ માટેના પ્રિમીયમ ઉપર મંડળ દ્વારા ૭૦ ટકાની રકમ ભરવામાં આવશે. જે પરિવાર આ સ્કીમમાં જોડાવવા માંગતા હોય તેમણે અરજીપત્રક સાથે પરિવારની ઈન્કમ સર્ટીફિકેટ એટેચ કરી ઓફિસમાં આપવાની રહેશે. મંજુર થયા બાદ એમને જાણ કરવામાં આવશે.

તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૧ના દિવસે એલ.વી. પ્રસાદ આઈ હોસ્પિટલના સહયોગથી એક આઈ કેમ્પ યોજવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. નક્કી થતાં પૂર્ણ વિગત આપવામાં આવશે.

હોસ્પિટલાઈઝેશનના સમયે મંડળ દ્વારા આપવામાં આવતી સહાય માટે જરૂરીઆતમંદ સભ્યને આવેદન પત્ર સાથે હોસ્પિટલનું કોટેશન બિલ ઓફિસમાં આપવાનું રહેશે. જેથી આપવામાં આવતી સહાય સીધી હોસ્પિટલમાં મંડળ દ્વારા આપવામાં આવશે. ટુંક સમયમાં બાળકો માટે કોરોનાની રસી આવવાની જાહેરાત સરકાર દ્વારા કરવામાં આવેલ છે.

મંડળ દ્વારા ચાલી રહેલ ત્રણે દવાખાના રેગ્યુલર ચાલી રહેલ છે. આપ ડોક્ટર્સનો સંપર્ક ફોન અથવા વોટ્સએપ દ્વારા પણ કરી શકો છો.

| | | |
|---|---|---|
| Dr. Deepti Bhuta | Alopathic | 9908647199 |
| Dr. Roshna | Homoepathic | 9704377791 |
| Dr. Meenakshi Agarwal | Ayurvedic | 9441510266 |

આવનાર નવ વર્ષ સર્વપરિવારો માટે મંગલમય બની રહે એજ મંગલકામનાઓ...

# માનવ મિત્ર સમિતિ

સંચાલકો :
લહેરચંદ ટોકરશી લોડાયા 92465 31066
હિતેન મણીલાલ સંગોઈ 98491 64221



માનવમિત્ર સમિતિ તરફથી સર્વે સભ્યોને દિવાળીની શુભેચ્છાઓ તથા નૂતન વર્ષાભિનંદન.

વિવિધ ક્ષેત્રે દાન આપનાર સર્વે દાતાઓનો હ્રદયપૂર્વક આભાર

| આવનાર દાનની નોંધ દાતાઓના નામ | આશ્રમ રૂ. | ગૌશાલા રૂ. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦ લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| **શ્રી નવીનચંદ્ર માલશી મારૂ** | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **શ્રીમતી કુસુમબેન ચંદ્રકાંત દેઢિયા** | - | – | ૫ | - | – | — |
| **શુભસાગર એપાર્ટમેન્ટ, રામકોટ** | - | - | - | - | - | ૮૦૦ |

**WE HAVE AT KUTCHI BHAVAN :**

| | | | |
|---|---|---|---|
| 1) Oxygen Cylinder | - 2 nos | 6) Bed Back Rest | -3 nos |
| 2) Adjustable Hospital Bed | -2 nos | 7) Walking Stick | -4 nos |
| 3) Wheel Chair | -3 nos | 8) Baby sleeping Cot | -3 No's |
| 4) Potty Chair | -3 nos | 9) Traction Wt. Set | |
| 5) Walker | -6 nos | 10) Arh Handicap Crutches Stick. | |

Any requirement of above item, kindly contact Padam Haria Ph : 92463 72326




## Shri Kutchi Mitra Mandal

Sanchalit

Matushree Shantaben Hirji Kanji Gosar

**Shanti** *Primary School*

Amrat Kavita Kapadia Bhavan

# SALIENT FEATURES

- Class from Nursery to V
- Spacious & Airy Class Rooms.
- Qualified trained & experienced teachers
- Nursery section equipped with the neccessary furniture, toys & play material.
- A nice play ground with play items.
- Audio-Visual classes for Nursery to V
- Extra Curricular activities like Dance, Yoga, Drawing, Arts & Craft.
- Library Room to inculcate the reading habit in every student.
- Each child is given the oppurtunity to participate in events like Annual / Sports days, Science and Craft Exhibition etc.
- Educational and Recreational Tours for Students.
- Well Equipped Computer Lab.
- Medical Check - Up for Students.

3-4-1013/5, Rajendra Colony, Lane opp. to Kachiguda Railway Station,
Barkatpura, Hyderabad 500027. Tel No. 040-27566477,
email : kmmshkg.shantiprimaryschool@gmail.com

Shanti PRIMARY SCHOOL

સંચાલક: વિપુલ હરિલાલ નિશર
98481 29772



## BACK TO SCHOOL

Greetings ! Wishing you a Very Safe and Happy Diwali

We have just completed the journey of the first term of this academic year 2021-22 with a plethora of activities.

As per the Directives of Govt of Telangana the reopening of Physical classes from 1 st September 2021 was possible as almost 75% of parents surveyed, were eager to send their wards to school.

We were glad to see every child refreshed and enthusiastic on the very first day on the commencement of Physical classes, after a gap of one and half year, due to pandemic.

Shanti Primary School aims at Holistic development of the child, which focuses on both the academic and co-curricular activities.

On the academic side, regular tests were conducted wherein the children performed well. On the occasion of Teacher's Day – September 5 th , students made elaborate greeting cards to shower their love and respect to their beloved teachers. Each teacher was given gifts by the school as an honour and to show gratitude and appreciation for the myriad work contributed by the teachers.

As a step to save the environment, Eco-friendly Ganesh Idol was brought in school on 10 th September and offered Pooja.

The co-curricular activities prepare our students in the Art of Living and Working together in Harmonious atmosphere.

To enhance speaking skills among the students, Elocution competition was conducted on 5 th October for all classes LKG to V. Each class came out with their own ideas and thoughts on the given different topics.

The colourful and exclusive Bathukamma –The Flower Festival of Telangana was celebrated wherein little ones dressed in traditional attire, displayed beautiful arrangement of flowers and danced with full fervor to the songs .

Alumni meet was held in school on 24 th October where in ex-students and teachers of our school came together for the first time . This meet was filled with fun and memories of golden days of childhood in Shanti Primary School.

It was a day for the children to recall their childhood days and cherish memories with their teachers.

To mark Diwali celebrations and to create awareness among the students about green Diwali and to ignite the creative side of the children's mind, our school organized drawing competition for all classes on 1st November. After a short break for Diwali ,children are now busy preparing for the Summative Assessment offline exams which is scheduled from November 15th.

Once again wishing all the members of KMM a Very Prosperous Nutan Varsh.

**Donate Eyes - Live Twice**

**રક્તદાન - મહાદાન**

## જીવનચક્ર



**સગપણ**

| | | |
|---|---|---|
| **રાહુલ ગૌતમ માણેકજી લોડાયા** | **વારાપધર** | **હૈદરાબાદ** |
| **મોક્ષા ચિરાગ પ્રવીણ દોશી** | **દાવડ** | **અમદાવાદ** |

**સ્વર્ગવાસ**



**વિમલાબેન વલ્લભજી મેઘજી સાવલા**
ડેપા, હૈદરાબાદ
ઉ.વ.૭૪, ૧૮-૧૦-૨૦૨૧

**સ્વર્ગવાસ**



**મહેન્દ્રભાઈ મણીલાલ હરખચંદ શાહ**
ભુજ, હૈદરાબાદ
ઉ.વ.૭૨, ૧૯-૧૦-૨૦૨૧

**સ્વર્ગવાસ**



**કુસુમબેન પ્રેમજી હિરજી કેનિયા**
બારોઈ, હૈદરાબાદ
ઉ.વ.૭૭, ૨૬-૧૦-૨૦૨૧

**સ્વર્ગવાસ**



**પાનબાઈ ખીમજી ડુંગરશી મામણિયા**
મેરાઉ, હૈદરાબાદ
ઉ.વ.૯૧, ૨૮-૧૦-૨૦૨૧

**સ્વર્ગવાસ**



**શ્વેતાબેન મિલિન્દ શશિકાંત નાગડા**
વરંડી મોટી, હૈદરાબાદ
ઉ.વ.૪૦, ૧-૧૧-૨૦૨૧

**સ્વર્ગવાસ**



**ઝવેરચંદ કુંવરજી મૈશેરી**
બાંડીયા, હૈદરાબાદ
ઉ.વ.૭૧, ૭-૧૧-૨૦૨૧

**સ્વર્ગવાસ**



**વિનોદ હીરજી દેવજી નાગડા**
બારોઈ, હૈદરાબાદ
ઉ.વ.૭૬, ૯-૧૧-૨૦૨૧




વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ,
સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવી) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ,
શ્રાધ્ધ, નાગ-નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડલી
અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો
**વિજયકુમાર શુક્લા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮
ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો
ADVT 01/22





**Bharat Buddhidhan Bhatt,**
ASTROLOGER & VASTU CONSULTANT
4-3-622, Flat No. 214, Vasishtha Aashram Apartment, Ramkote X Road,
Beside Sarojini Naidu Hall, Opp. Maharashtra Mandal, Hyderabad 500 095.
Ph : 9440498308, 99591 01966 email : bbastrobhatt@hotmail.com
ADVT #

## SKILL & PERSONALITY DEVELOPMENT COMMITTEE

સંચાલક : **દિપેન દામજી સાવલા**
98498 94591



**આસો માસે ઉત્સવની ટોળી**
**લેજો હૈયાને હરખે હિંચોળી**
**દીવા લઈને આવી દિવાળી**
**પુરજો ચોકે રૂડી રંગોળી**

**ભગવાન મહાવીના નિર્વાણોત્સવ અને ઝગમગાહટ ભર્યા દીપોનાં પાવન પર્વ પર આપના જીવનમાં સદૈવ ખુશહાલી અને સમૃદ્ધિ રહે એવી આપ સર્વેને શુભેચ્છાઓ.**

**સ્કિલ અને પર્સનાલીટી ડેવલપમેન્ટ સમિતિ દ્વારા આમંત્રિત લેખોને આપ સર્વે તરફથી ખૂબજ સારો પ્રતિસાદ સાંપડેલ છે તે બદલ આભાર.**

**ગત મહિનાના અંકમાં પ્રકાશિત લેખ માટે મિત્તલ દેઢિયા તેમજ આ મહિનાના અંકમાં પ્રકાશિત લેખ માટે ચંદનબેન હરિયાને ઈનામ આપવામાં આવેલ છે એ બદલ એમને ખૂબ ખૂબ અભિનંદન.**

**નોંધ : ચંદનબેન હરિયાનો લેખ આ નિયાપોમાં સ્કીલ એને પર્સનાલીટી ડેવલમેન્ટ સમિતિ હેડીંગ ઉલ્લેખ સાથે અન્યત્ર છાપવામાં આવેલ છે. દર મહિનાની ૨૫મી સુધી લેખો મોકલવા વિનંતી.**

## આવાસગૃહ સમિતિ

સંચાલક : કેશવજી પ્રેમજી છેડા
93910 29266



**આવાસગૃહ સમિતિ તરફથી દિવાળીની શુભેચ્છાઓ તથા નૂતન વર્ષાભિનંદન...**

**આવાસગૃહમાં અત્યારે કુલ ૬ ફ્લેટ ખાલી છે. ઓછી આવક ધરાવનાર મેમ્બર પરિવારને ફ્લેટ જોઈતા હોયતો મંડળની ઓફીસમાં લેખિત અરજી આપવાની રહેશે. વધુ વિગત માટે સંચાલક ન્નો સંપર્ક કરવા વિનંતી.**

## સભ્યપદ સમિતિ

સંચાલક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર**
98499 88999



સભ્યપદ સમિતિ તરફથી દિવાળીની શુભેચ્છાઓ તથા નૂતન વર્ષાભિનંદન.. ગત વર્ષ દરમ્યાન આપણી વચ્ચેથી વિદાય લઈ ગયેલ દિવંગત સભ્યોને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**નિંયાપો જાહેરખબર માટે ખાસ સૂચના :** નિંયાપોનાં વિજ્ઞાપન દાતાઓને ખાસ વિનંતિ કે જાહેરાત મેટર કચ્છી ભવનની ઓફિસમાં જ જરૂરી રકમ ભરી, રસીદ મેળવી રજીસ્ટર કરાવવી. કોઈએ પણ ડાયરેક્ટ સંપાદક કે મુદ્રક પાસે મોકલવી નહીં. લેખન સામગ્રી પાનાની એકજ બાજુ સુવાચ્ય અક્ષરોમાં લખી મોકલવી.

નોંધ : જાહેરખબરો, લેખો-અહેવાલો આદિ મોડા આવતા હોવાને કારણે નિંયાપો ને છાપવામાં અને પ્રકાશિત કરવામાં વિલંબ થાય છે. મહિનાની ૧ તારીખ સુધી આવેલ અહેવાલ, લેખ, જાહેરાતોને એ મહિનાનાં અંકમાં સમાવેશ કરી શકાશે. ત્યારબાદ આવેલ મુદ્રણ સામગ્રીને એ પછીના મહિનામાં સમાવેશ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

– સંપાદક



# The Dental Studio

*Multispeciality Dental Clinic*

4-1-2A, Kokila Cottage, Lane opp. Wesley Church, Tilak Road,
Opp. Panchratna Apartment, Ramkote, Hyderabad 001. T.S.

Dr. Yashika Mehta,
BDS




With best regards:
JAYANT ENTERPRISES
Mr. Rajendra Mehta
Mr. Hardik Mehta
Ph : 9866665511

**Special Discounts For Kutchi & Jains**

**For Appointment call on 7331128787**

ADVT 03/22

## હેડ લાઈન્સ

દિનેશ ગોસર
98480 99011



### કચ્છ

- વર્લ્ડ હેરિટેજ ધોળાવીરામાં આવવા જવા એસ.ટી. એક્સપ્રેસ બસ શરૂ
- કચ્છના ખેડોઈમાં મંદિરના શિખરમાથી ૭૫ વર્ષ પૂર્વે મૂકેલો પ્રસાદીનો શીરો તાજો મળ્યો
- કચ્છના નાના રણમાં ફરીવાર સૂરખાબ પક્ષીઓના ૪૦ હજાર માળા, ૫ હજાર ઇંડા અને ૩૦ હજાર જેટ્લા બચ્ચાઓ સાથે અનોખી માળા વસાહત જોવા મળી

### ગુજરાત

- ગુજરાતની વસ્તી ૯ વર્ષમાં ૬ કરોડથી વધી ૭ કરોડ : ૧૩ ટકાનો વધારો
- જામનાગરમાં રિલાયન્સ દ્વારા રાજ્યની પ્રથમ કોરોના પીડિયાટ્રીક હોસ્પીટલ શરૂ
- ડૉ. કેતન દેસાઈ તિરૂપતી બોર્ડ મેમ્બર તરીકે સ્થાન પામનાર પ્રથમ ગુજરાતી
- સૂર્યમંદિર, રાણીની વાવ, ચાંપાનેર કિલ્લો, જૂનાગઢની બૌદ્ધ ગુફાઓ ખાનગી કંપનીના સહયોગમાં વિકસાવાશે.
- રાજકોટ જિલ્લાના ૧૦૧ ગામોમાં ૧૦૦ ટકા રસીકરણ
- ગુજરાતમાં ૫૦ થી વધુ મુસાફરો માટે એસ.ટી. બસ ઘરેથી તેડીને ગંતવ્ય સ્થાન મુકી જશે
- સાબરમતી રીવરફ્રન્ટમાં ક્રુઝ તથા ફ્લોટીંગ રેસ્ટોરન્ટ શરૂ થશે
- બહુચરાજી મંદિરમાં માં બહુચરને ૨૫૦ કરોડનો નવલખો હાર પહેરાવાયો
- ગાંધીનગર - અમદાવાદ - ગાંધીનગર રૂટ ઉપર હેલીકોપ્ટર કોરિડોર વિક્સિત કરવાનું આયોજન

### હૈદરાબાદ / તેલંગાણા

- મુંબઈ - હૈદરાબાદ બુલેટ ટ્રેન માટે જમીન સર્વેક્ષણનું કામ હાથ ધરાયું : ત્રણ કલાકમાં મુંબઈથી હૈદરાબાદ પહોંચાશે.
- મુસી નદીમાં વહેશે ગોદાવરીના જળ : મુસીને ઐતિહાસિક સ્મારકની યાદીમાં સામેલ કરવા પ્રયાસ
- ઘર બેઠા મતદાન કરી શકાશે. તેલંગાણાએ બનાવ્યું દેશનું પહેલું ઈ-વોટીંગ સોલ્યુશન



### સાધુ-સાધ્વી ભગવંતો વિહાર રક્ષા સ્તુતિ / પ્રાર્થના

છે એક વિનંતિ નાથ મારી, કાનમાં અવધારજો...
વિહાર કરતાં શ્રમણ-શ્રમણીના, વિઘ્નોને નિવારજો...
મંગલ થાઓ ચતુર્વિધ સંઘનું, કરૂણા એવી વહાવજો...
આ કાળ પંચમમાં વિભુ, જે પામતાં તુજ માર્ગને..
વિચરી રહ્યા અવનિ તળે, પાવન કરે સૌ ગામને...
વિ...હરતા એ વૃંદના, વિઘ્નો તણાં વાદળ હટે...
હે નાથ! મહાવીર પ્રભુ, આ અરજ મારી તું સુણે...

સર્વે સાધુ-સાધ્વી સંત ગણનો વિહાર નિર્વિઘ્ન અને શાતાપૂર્ણ થાય એવી પરમાત્માને અંતરથી પ્રાર્થના...













## ‘ડૉ. પ્રશાંત શાહ’

નો મનોરંજન ક્ષેત્રે મ્યુઝિકલ આલ્બમ ‘રિબૂટ’ થી પ્રદાર્પણ થયું.

વર્લ્ડ વાઈડ ૧૫૦ થી વધુ ચેનલ્સ પર રિલીઝ થયેલ આ આલ્બમને ફક્ત એકજ અઠવાડિયાની અંદર મિલિયન+ થી પણ વધુ વ્યૂઝ મળતા આ આલ્બમ સફળતાના શિખરે પહોંચી ગયું. કોઈ નવા ચહેરાને આટલી જવલંત સફળતા ભાગ્યેજ મળે છે. આપ સૌના આશીર્વાદથી આ શક્ય બન્યું છે, એ માટે આપ સૌનો આભાર માનતા ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

મનોરંજન ક્ષેત્રે આ ઉગતા ગુજરાતી કલાકારની યાત્રા અહીંથી શરૂ થાય છે. આગામી ટૂંક સમયમાં ક્રમબદ્ધ વિડીઓની શૃંખલા જાણીતા સહકલાકારો અને નામી દિગ્દર્શકો, નિર્માતાઓના સહકારથી આપની સમક્ષ આવી રહ્યા છે. આપ સૌનો સહકાર અને આશીર્વાદ આપણા પોતાના કલાકાર ડૉ. પ્રશાંત શાહને આવી જ રીતે મળતા રહે એવી મંગલકામના.

ડૉ. પ્રશાંત શાહના આવી રહેલા વિડિઓની વણઝારની લિંક સોશિઅલ મીડિયાના માધ્યમથી આપને મળતી રહેશે. આપ આવીજ રીતે વિડીઓને માણી Like - Subscribe - Share જરૂર કરશો એ અભ્યર્થના....

**ડૉ. પ્રશાંત શાહ ફેન કલબ**

Advt@6949

# સંસ્થા સમાચાર

## ગોસર ભાવિક મંડળ - હૈદરાબાદ

ગોસર નુખના રતડિયા મોટા-કચ્છ સ્થિત માં દાદલમાં ને નમતા ભાવિકોની ચતુર્થ સમૂહ પહેડી રવિવાર તા. ૧૩-૨-૨૦૨૨ શ્રી કચ્છી ભવન, ઇડનબાગ, હૈદરાબાદ મધ્યે રાખવામાં આવેલ છે. આ વર્ષની સંપૂર્ણ પહેડીના લાભાર્થી માતુશ્રી શાંતાબેન હીરજી કાનજી ગોસર પરિવાર (શ્રી શાંતિ સિલેક્શન) ગામ : સાભરાઈ કચ્છ હાલે હૈદરાબાદ છે. હૈદરાબાદ-સિકંદરાબાદ ઉપરાંત વિજયવાડા, વરંગલ, ગુલબર્ગા, બાગલકોટ, સોલાપુર, ડિગ્રસ, માલેગામ, આકોલા, અમરાવતી, નાસિક, દેવલાલી, સાંગલી, ગદગ, તથા તેલંગાના, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકના અન્ય શહેરોમાં વસ્તા સર્વે ગોસર પરિવારોને સહકુટુંબ તથા ઉપરોક્ત સર્વે સ્થળોએ વસવાટ કરતી ગોસર નિંચાણી બહેનોને સજોડે પધારવા આમંત્રણ આપવામાં આવેલ છે.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ સિટી

શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ સિટી, શ્રી જિનેશ્વરધામ, કાચીગુડા, હૈદરાબાદ મધ્યે ચાતુર્માસાર્થે વિરાજીત પ.પૂ. સા. શ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ નું ચાતુર્માસ પરિવર્તન તા. ૧૯-૧૧-૨૦૨૧ શુક્રવાર સવારના ૭ વાગે જિનેશ્વરધામથી નિકળી ચાતુર્માસ સંઘપતિ માતુશ્રી પુષ્પાબેન કેશવલાલ ધનજી સંઘવી પરિવાર ના નિવાસ સ્થાન કાવેરી શિખર, બરકતપુરા મધ્યે ગયેલ. આ પ્રસંગે શ્રીસંઘ માટે નવકારશી રાખવામાં આવેલ.

## નાગડા ભાવિક મંડળ

નાગડા નુખના અંબા માતાજી, આસરા માતાજી અને ચામુંડા માતાજીને નમતા ભાવિકોની સમુહ પહેડી રવિવાર તા. ૦૨-૦૧-૨૦૨૨ ના શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે.

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન હૈદરાબાદ : સમાજના સભ્યોનું દિવાળી સ્નેહમિલન કાર્યક્રમ અને વાર્ષિક સામાન્ય સભા ૨૦૨૧નું તા. ૭-૧૧-૨૦૨૧ ના કચ્છી ભવન,** રામકોટમાં આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં જ્ઞાતિના ૪૦૦ સભ્ય પરિવારજનો હાજર રહ્યા હતા. ઉચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓનું અને કાર્યક્રમના દાતાઓનું સન્માન કરવામાં આવ્યું. મનોરંજન કાર્યક્રમમાં કિસમે કિતના હૈ દમ, બોલીવૂડ હંગામાં અને બાળકો દ્વારા સ્વાગત નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું. મહિલા મંચ દ્વારા કઠોળની રંગોલી હરિફાઈ પર યોજવામાં આવી હતી.

# ભાવ - પ્રતિભાવ

શ્રી કચ્છી મિત્ર મંડળ - હૈદરાબાદ સભ્યોના હિતાર્થે અલગ અલગ સમિતિઓના માધ્યમથી વિવિધ પ્રવૃત્તિઓ કરે છે, જેની નોંધ ભારતભરની આપણી સંસ્થાઓમાં લેવાય છે.

મંડળની પ્રવૃત્તિઓમાંથી એક ''નિંચાપો'' માસિકનું અવિરત પ્રકાશન જે લગભગ શ્રીસેક વર્ષથી થાયછે. પ્રિન્ટ તેમજ ડિજિટલ સ્વરૂપે તે હવે દેશ-દુનિયામાં વંચાય છે.

છેલ્લા ત્રણ મહિનાથી 'નિંચાપો'માં આવેલા સુધારા નજરે ચડે છે. વાંચન સામગ્રીનો વિસ્તાર, મેગેઝીનને છાજે એવું દળદાર બનાવવાની કોશિષ અને સુંદર છપાઈકામ થકી 'નિંચાપો' ના રંગરૂપ બદલાઈ ગયા છે. આ ફેરફારોથી વાંચકોનો રસાસ્વાદ જળવાઈ રહેશે. ઉત્તોરોત્તર પ્રગતિશીલ ફેરફારો થતા રહે એવી શુભકામનાઓ. 'નિંચાપો'માં રંગભરનાર સંપાદક શ્રી દિનેશભાઈ ગોસર તથા એમને સહયોગ પ્રદાન કરનાર વર્તમાન પદાધિકારીગણ, કારોબારી સમિતિને અભિનંદન.



**ચિમનલાલ લાલજી ગાલા**
છસરા - હૈદરાબાદ

આપણાં નિંચાપો મિત્ર મંડળના દરેક સભ્યના ઘેર ઘેર પહોંચે છે જેના દ્વારા આપણને સમાજની પ્રવૃતિઓની માહિતી તથા વિવિધ રસભર વાંચન મળે છે. જેમાં એક કોલમ છે જીવન ચક્ર જેમાં જન્મ-મરણ, સગપણ, લગ્ન વગેરે વિગત કોઈપણ જાતના ચાર્જ વગર છાપવામાં આવે છે. તો આપણી પણ ફરજ થાય છે કે આપણા કુટુંબમાં બનતા પ્રસંગોની માહિતી આપણે ભવનની ઓફિસમાં લેખિત આપવી જેના થકી બધાને સમાચાર મળી રહે. આ માસિક પત્રિકા જ આપણને એકબીજાના સંપર્કમાં રાખે છે તો આપણે યોગ્ય કરીશું



**મહેન્દ્ર દેવશી વોરા**
મુંદરા - હૈદરાબાદ

# Homemade Pure Ghee Sweets Namkeen & Khakhara

Finia Laddu

Godia Laddu

Godpapdi

Raggi Godpapdi

Raggi Khajoor Laddu
Sugar Free

Dry Fruit Laddu

Panch Dhanya Laddu
Magdaria

Oats Makhana Laddu

Adadiyapak
(in Winter)

Ginger Laddu
(in Winter)

Spl.Godia Laddu
with Dry-Fruits & Katra Masala

Coconut Biscuit

Protein Chikki

Peanuts Butter Chikki
(from Bhopal M.P. in Winter)

Bhadang

Termeric Powder

**Khakhara :** Chorafari, Ghee Jeera, Math
Methi Masala, Mari Masala, Sada

**Sikandar :** Khari Shing - Chana
Chana (Hing Jeera, Nimbu Fudina)

**Namkins from Mumbai** Spl. Kachori, Nadiyadi Bhuso, Navratna Bhuso, Lakadia Gathia,
Spl. Bhakhrwadi, Moong Dal Bhakhrwadi, Banana Chips, Masala Chips
Diet Bhel, Rajma Chatpat, Masala Peanuts, Jain Nachos

**Pravin Chheda - 82477 89295 & Paras Chheda - 81691 80769**

102 Uma Residency, Near Jineshwardham, Kachiguda, Hyderabad - 500 027

ADVT 12-20/21

મનોજ હંસરાજ નાગડા
નરેડી – હૈદરાબાદ



# દેશના કરોડો લોકો ઠગાઈ ચુક્યાં હવે સરકારને જ્ઞાન લાધ્યું

## ઓનલાઈન ઠગાઈથી બચવું હોય તો આ નંબર યાદ કરી લો

# 155260

## માત્ર 7-8 મિનિટમાં તમારા એકાઉન્ટમાં પરત પૈસા જમા થઈ જશે

ટેક્નોલોજીના યુગમાં સતત ઓનલાઈન ફ્રોડના કેસ વધી રહ્યા છે. ઓનલાઈન છેતરપિંડીને અટકાવવા માટે હવે કેન્દ્ર સરકારે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. તાજેતરમાં કેન્દ્ર સરકારે એક હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે, જેના પર ફોન કરીને તમને છેતરપિંડીના બધા પૈસા પાછા મળી શકે છે.

### કોલ કરવાના 7-8 મિનિટમાં પૈસા પાછા મળી જશે

સરકારનો દાવો છે કે ઓનલાઈન છેતરપિંડીથી બચવા માટે જાહેર કરવામાં આવેલા હેલ્પલાઈન નંબર 155260 પર કોલ કરીને માત્ર 7થી 8 મિનિટની અંદર તમારા બધા પૈસા પાછા એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ જશે.

### મેસેજ મોકલતા જ રકમ હોલ્ડ

અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, ફરિયાદ મળતાં જ અમે સંપૂર્ણ વિગતો ચકાસીશું અને શોધીશું કે તમારા પૈસા કયા ખાતા અથવા ID પર ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. અમને તેની જાણકારી મળતા જ અમે તે બેંક અથવા ઈ-વોલેટને અલર્ટ મેસેજ મોકલીશું. જેના પછી તમારી રકમ હોલ્ડ થઈ જશે.

### ફ્રોડ થતાં તરત કોલ કરવો પડશે

જો તમે કોઈ છેતરપિંડી કરનાર દ્વારા છેતરપિંડીનો શિકાર બનો છો તો સૌથી પહેલા હેલ્પલાઈન નંબર 155260 ડાયલ કરો. ફોન કનેક્ટ થવા પર તમારું નામ, મોબાઈલ નંબર, ફ્રોડનો ટાઈમિંગ, બેંક એકાઉન્ટની ડિટેઈલ્સ વગેરેની જાણકારી માગવામાં આવશે અને ત્યારબાદ તેને વેરિફાઈ કરવામાં આવશે.



# સંયોગોનો સહજ સ્વીકાર

સાધ્વીશ્રી ચંદ્રશીલાશ્રીજી મ.સા.



૧) મેં તમને પૂર્વ ભવમાં દુઃખ આપ્યું છે, દુઃખી કર્યા છે કે દુઃખ આપવામાં નિમિત્ત બન્યો છું તેથી જ તમને આ ભવ માં મને દુઃખ દેવાનાં ભાવ થયા છે.

૨) આપણાં નજીદીકની વ્યક્તિઓ જ આપણને વધુ દુઃખ આપતા હોય છે. તેનું કારણ શું ? અને તે વખતે શું કરવું ? જેની સાથે સૌથી વધુ પ્રેમ સંબંધ અને સૌથી વધુ દ્વેષ સંબંધ ભોગવવાના બાકી હોય તે જ વ્યક્તિઓ આપણી સૌથી નજદીક આવે છે. બાકી તો દુનિયામાં કરોડો લોકો છે. લેણદેણનાં સંબંધ વગર કોઈની આંખેય મળતી નથી. કોણ આપણાં મા-બાપ બનશે ? કોણ સાથીદાર ? કોણ ભાઈ બહેન ? કોણ પુત્ર-પુત્રવધુ ? કોણ દીકરી-જમાઈ ? કોણ પાડોશી ? કોણ સગાં-વ્હાલાં ? આ બધું જ આપણે આ સૃષ્ટિમાં જન્મ લેતાં પહેલાં પૂર્વકૃત કર્મ પ્રમાણે નક્કી થઈ જાય છે.

૩) જ્યારે આપણા નજદીકના જ વ્યક્તિઓ આપણને દુઃખ આપતા હોય ત્યારે વિચારવું કે આ મારાં સગાં બન્યાં છે તે પણ મારાં જ કોઈ પૂર્વજન્મનાં લેણદેણને કારણે તે આજે મારી સાથે વેર રાખી રહ્યાં છે. તેનું કારણ મારા જીવે પૂર્વજન્મમાં ક્યારેક ને ક્યારેક તે જીવ સાથે વેર બાંધ્યું હશે. ભલે આજે હું મારી જાતને નિર્દોષ માનતો હોઉં પણ હું ક્યાં જાણું છું કે પૂર્વજન્મમાં મેં આનાથી અનેક ઘણું દુઃખ એ જીવને આપ્યું હશે. આજે જ્યારે એ જીવ મારી સાથે હિસાબ પૂરો કરવા આવ્યો છે કે મારાં જ કૃત્યની મને ભેટ પરત કરવા આવ્યો છે ત્યારે હું સમતાભાવે સહર્ષ સ્વીકાર કરું તો જ આ વેરની ગાંઠ ભેદાશે નહિ તો જન્મોજન્મ ચાલી આવશે. ના...ના... ભગવાન મહાવીરનો કર્મવાદ સમજ્યા પછી મારે એનો ગુણાકાર નથી કરવો. મને આ દુઃખ સમતાભાવે વેદવાની, હે.... પ્રભુ શક્તિ આપ...

૪) ક્યારેય કોઈ વ્યક્તિ સાથે થોડો વખત સારા સંબંધ રહે છે પછી એ જ વ્યક્તિ દુશ્મન જેવી બની જાય છે ત્યારે સમજવું કે એની સાથે રાગના સંબંધ હતા તે પૂરા થયા. હવે વેરના સંબંધ ચાલુ થયા લાગે છે. એ વખતે બે વસ્તુ ધ્યાનમાં રાખવી. રાગના સંબંધ ઉદયમાં હોય ત્યારે ખૂબ ખુશ ન થવું, અહંકાર ન કરવો, રાગને ટકાવી રાખવા કાવાદાવા ન કરવા, નહીં તો રાગના કર્મોના ગુણાકાર થઈ જશે.

જ્યારે દ્વેષના કર્મ ઉદયમાં હોય ત્યારે અત્યંત દુઃખી ન થઈ જવું, રોકકળ ના કરવી. બંને સંબંધો સમતાભાવે વેદવા. વિચારવું કે રાગ પણ કાયમ રહેવાનો નથી, દ્વેષ પણ કાયમ રહેવાનો નથી.

૫) કાચના વાસણ જેવા માનવીના મનનો શું ભરોસો ? દ્વેષના સંબંધ ઉદયમાં હોય ત્યારે વચ્ચે કોઈ ત્રીજી વ્યક્તિએ જ આમ કરાવ્યું એમ વિચારી કોઈના પણ પ્રત્યે દ્વેષના સંસ્કાર નાખશો નહિ ત્રીજી વ્યક્તિને તો હંમેશા નિમિત તરીકે જ જોજો. નિમિત્તને બચકાં ભરવા નહીં જતાં. મારાં નસીબમાં આમ બનવાનું જ હતું. માટે જ આ વ્યક્તિ આમાં નિમિત્ત બની છે એમ વિચારીને જે બન્યું છે તે બધું જ સ્વીકાર. હસતે મોઢે સ્વીકાર. આ વખતે મહાપુરુષોના જીવનને યાદ કરવું. ખુદ ભગવાન મહાવીર સ્વામીનાં દીકરી-જમાઈ જ તેમની વિરુદ્ધમાં હતાં. તો શું ભગવાને તેમના પર રોષ કર્યો ? જો રોષ કર્યો હોત તો તેઓ ભગવાન મહાવીર બની શક્ત ?

૬) શક્ય છે કે આપણાં નજીકનાં સગાને જ આપણને ખરાબ ચિતરવામાં બહુ રસ હોય, દૂરના ને તો શું પડી હોય ? પાર્શ્વનાથ ભગવાનને એમનો સગા ભાઈનો જીવ, આઠ-આઠ ભવ સુધી તેમને મારવાવાળો બન્યો. એક નાની સરખી વેરની ગાંઠ કેટલું મોટું વૃક્ષ બન્યું ? ઈસુ ખ્રિસ્તને ખીલા ઠોકવાવાળા એમના જ માણસો હતા. આ બધાનો વિચાર કરી મનને સમજાવવું કે કસોટી તો સોનાની જ હોય .

૭) ભગવાન મહાવીર સ્વામીનો કર્મવાદ સમજ્યા પછી દરેક દરેક જીવ આપણી સાથે હિસાબ જ પૂરો કરવા આવે છે તેમ સમજી હૃદયમાં સમતા ધારણ કરવી. છતાં પણ આ જીવ કરોડો વર્ષોના સંસ્કાર સાથે લઈને આવ્યો છે તે કારણે કદાચ તે વ્યક્તિ ઉપર કે નિમિત્ત ઉપર ખૂબ દુઃખ કે દ્વેષ પણ થઈ જાય, છતાં બને તેટલાં જલ્દી ભાનમાં આવી જઈ હૃદયથી દુશ્મનની પણ ક્ષમા માંગી લેવી. બને તેટલું આત્મભાવમાં લીન થવું તેથી કર્મ વેદાશે. ખાસ નોંધઃ સામી વ્યક્તિ સાથે વેર વિરોધ દ્વેષ કે બોલાચાલી થઈ તો વાંધો નહીં પરંતુ આ બધું થયા પછી માફી ના માગવી કે પશ્ચાતાપ ના કરવો તેનો મોટો વાંધો છે. વેરનો અનુબંધ ભયંકર છે અને નિકાચિત કર્મબંધનું કારણ છે. આ સંસારનાં દરેક જીવો એકબીજા પ્રત્યે વાત્સલ્યમય બને એ જ મંગલ ભાવના.

## પ્રતિભા પ્રોત્સાહન

નિશા નિતિન ધરોડ
પત્રી - હૈદરાબાદ



**શ્રીમતી ભાવનાબેન હરેશ દેવજી દેઢિયા**

ગામ : મેરાઉ - મુંબઈ (હૈદરાબાદના શ્રી વિશનજી મેઘજી હરિયાના સુપુત્રી) છેલ્લા ૨૩ વર્ષોથી સુંદર રંગોળીઓ બનાવતા રહ્યા છે.

૧૯માં તીર્થંકર પરમાત્મા શ્રી મલ્લિનાથદાદાએ સ્ત્રીરૂપમાં શા માટે જન્મ લીધો હતો, તે જાણવા શ્રી મલ્લિનાથ દાદાના ૩ ભવને તાદ્રશ્ય કરતી અદ્ભુત, મનમોહક અને નયનરમ્ય ૬-ડી રંગોલી 'એક અચેરૂ શ્રી મલ્લિનાથદાદા' પર આ વર્ષે બનાવી છે. જેની સાઈઝ ૯x૧૨ ફીટની છે જે ફક્ત ૨૦ દિવસમાં રોજ ૧૮ કલાક કામ કરી તૈયાર કરી છે. જેમાં લગભગ ૧૦ કિ.ગ્રા. માર્બલ પાઉડર અને ૧૫૦૦ થી ૧૭૦૦ શેડ છે. દુનિયાની ફક્ત આ એક રંગોલી છે જે ૩ ડી ગ્લાસમાં યુ.વી. અને બ્લેકઆઉટ ઈફેક્ટ સાઉન્ડ અને લાઈટ સાથે પ્રદર્શિત કરવામાં આવે છે, જે આ રંગોળીની ખાસ વિશેષતા છે. આ રંગોલીનું વિનામુલ્યે પ્રદર્શન જાહેર જનતા માટે નીચે જણાવ્યા મુજબ એમના નિવાસસ્થાને તા. ૧૭ નવેમ્બર થી ૨ ડિસેમ્બર ૨૦૨૧ સવારના ૧૧ થી રાતના ૧૧ વાગ્યા સુધી ચાલી રહ્યુ છે. સ્થળ : એ-૪, ચંદન મહાલ, ગોલીબાર લેન નં ૧૧, વી.એન. દેસાઈ હોસ્પીટલ પાસે, સાંતાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૫૫. મો. ૯૮૨૦૭૨૭૨૫૪, ૯૯૨૦૯ ૨૦૨૮૧




**વિશેષ : આપણા સમાજની પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા એમની ઉપલબ્ધિની વિગતો સાથે મોકલતા એને નિંચાપોમાં સ્થાન આપવામાં આવશે. વિગતો ઈમેલ અથવા વોટ્સઅપ પર સંપાદકશ્રીને મોકલી આપવા વિનંતી.**

email : dineshgosar1008@gmail.com
WhatsApp no. 9848099011

# ક.વિ.ઓ. જ્ઞાતિના ભાડઈ ગામનો ઈતિહાસ

**મણિલાલ પ્રેમજી દેઢિયા,**
દહીંસર - મુંબઈ



માંડવી તાલુકામાં આવેલ મોટી ભાડઈ નામના ગામ વિશે આપણી ક.વિ.ઓ. દ્રષ્ટિએ થોડી જાણકારી મેળવીએ.

આપણી જ્ઞાતિના ૫૨-૪૨ ગામોના નામોની જે ગણત્રી થાય છે તેમાનું આ એક ગામ છે. હાલ આ ગામમાં આપણી જ્ઞાતિનું એક પણ ઘર નથી. આ ગામ કેવું હતું, ત્યાં શું હતું અને આપણી જ્ઞાતિના લોકો શા માટે આ ગામ છોડીને ગયા તે વિશે થોડી જાણકારી મેળવીએ.

સૌ પ્રથમ ભૌગોલિક રીતે આ ગામ ક્યાં આવ્યું છે તે જાણીએ. મોટી ભાડઈ માંડવી તાલુકાનું ગામ છે અને માંડવી શહેરથી ૧૮ કિ.મી. ના અંતરે, ભુજથી ૫૧ કિ.મી. અને ગાંધીનગર થી ૩૯૬ કિ.મી. ના અંતરે આવેલ છે. મોટી ભાડઈ-૪ કિ.મી. ડોણ -૫ કિ.મી. ગોણીયાસર નાના -૫ કિ.મી. અને શેરડી-૬ કિ.મી. છે. આ ગામનો પીન કોડ નં ૩૭૦૪૬૫ છે.

આજથી ૨૫૦ થી ૩૦૦ વર્ષ પહેલા આપણી ક.વિ.ઓ. જ્ઞાતિના વિરમબાપાનો પરિવાર તલવાણા ગામમાં રહેતો હતો. તેમને બે દિકરા હતા. એક દેવશી અને બીજો જેઠો. તે વખતે આપણા ક.વિ.ઓ. જ્ઞાતિની શાખ બહુજ ઉંચી હતી અને દરેક ગામમાં ક.વિ.ઓ. જ્ઞાતિની હાજરી અનિવાર્ય થઈ ગઈ હતી. જે જે ગામોમાં આપણી જ્ઞાતિની વસ્તી ન્હોતી ત્યાંના જાગીરદારો અને ગામના તિલાટો આજુબાજુના ગામોમાંથી આપણી જ્ઞાતિના લોકોને પ્રલોભનો આપી પોતાના ગામમાં કાયમી વસવાટ માટે બોલાવી લેતા. આપણી જ્ઞાતિના લોકો વ્યવહારકુશળ, શાંત સ્વભાવના અને ધર્મપ્રિય ગણાતા હતા. તે વખતે દરેક ગામમાં કરિયાણાનો વ્યવસાય મોટાભાગે આપણી જ્ઞાતિના લોકો વ્યવહારકુશળ, શાંત સ્વભાવના અને ધર્મપ્રિય ગણાતા હતા. તે વખતે દરેક ગામમાં કરિયાણાનો વ્યવસાય મોટાભાગે આપણી જ્ઞાતિના લોકો પાસે જ હતો અને કરિયાણાની દુકાનો માટે કચ્છી શબ્દ ‘હટ’ વપરાતું.

મોટી ભાડઈમાં પણ તે વખતે આપણી જ્ઞાતિનું એક પણ ઘર ન હતું અને તે વખતના વેસલજી નામના તિલાટ ને આ વાતની ચિંતા હતી. વેસલજી તિલાટને તલવાણાના જેઠા વિરામ સાથે સારા સંબંધો હતા અને તેમણે જેઠાને મોટી ભાડઈમાં કાયમી વસવાટ માટે બોલાવી લીધો. વેસલજીએ જેઠાને ખેતીની જમીન અને રહેવાના મકાનની વ્યવસ્થા કરી આપી. આમ મોટી ભાડઈમાં આપણા આપણી જ્ઞાતિના ઘરની શરૂઆત થઈ.

આ જેઠાને મેપા નામે દિકરો થયો. તે પછી મેપાને ઓભાઈયો નામનું સંતાન થયું. હવે આ ઓભાઈયા ને કોઈ સંતાન થતું ન હતું અને શેર માટીની ખોટ સાલવા લાગી. આથી તેમણે ગામના ઝંડા પીરની માનતા કરી અને બાધા કરી કે હવે પછીનો જે પણ તેમના પરિવારનો વંશવારસ હશે તે પોતાના પ્રથમ સંતાનને પીરની દરગાહમાં લાવીને લેટાવશે અને તે દિવસે પહેડી પણ કરશે. ઓભાઈયાએ ઝંડા પીરની કરેલ માનતા ફળી અને તેમને પાંચ સંતાનો થયા જેમના નામ નેણશી, ગણશી, નાગશી, ખેરાજ અને માણેક. આ પાંચ ભાઈઓના પરિવારના અંદાજે ૨૫ જેટલા ઘરો મોટી ભાડઈમાં થયા.

જૈન ભાઈઓના પરિવારો વધ્યા પણ ધાર્મિક પ્રવૃત્તિ માટે જિનાલય કે ઉપાશ્રયોની વ્યવસ્થા ન થઈ. જૈન સાધુ સંતોના આવાગમન પણ નહિંવત હતા. સામાન્ય રીતે ક.વિ.ઓ. ના દરેક ગામોમાં મહાજનવાડીની વ્યવસ્થા હોય છે પણ આ વ્યવસ્થા પણ ન હતી. ગામમાં શાળા પણ ચાર ધોરણ સુધીની જ હતી.

જ્યારે આજુબાજુના આપણી જ્ઞાતિના ગામો જેવાકે ડોણ, શેરડી, રાયણ અને કોડાય જેવા ગામોમાં ઘણી બધી સગવડો હતી. પાયાની ધાર્મિક તેમજ સામાજિક સગવડોના અભાવે આ ગામના જૈન પરિવારો ધીરે ધીરે આજુબાજુના ગામોમાં કાયમ માટે સ્થળાંતર કરતા ગયા. મોટા ભાગે આ પરિવારો પોતપોતાના સાસરીયાના ગામો ઉપર પસંદગી વધારે કરી.

લગભગ છેલ્લા ૯૦ વર્ષથી ત્યાં ક.વિ.ઓ. જૈનના કોઈજ ઘર નથી.

# Secret Investments

**Vaibhav Gosar**
Hyderabad



Secret Investments or keeping the Investments unknown to your family members may cost you very dearly. Just see the DATA and think yourself. Rs. 82,025 cr estimated investor wealth is idling in unclaimed accts.

1. Rs 18,381 cr lying in unclaimed bank accounts.
2. Rs. 15,167 cr lying unclaimed with insurance companies.
3. Rs. 17,880 cr lying in inactive mutual fund folios.
4. Rs. 4,100 cr of unclaimed dividend lying in IEPF.
5. Rs. 26,497 cr is lying unclaimed in provident fund account.

SOLUTION..

1. Keep family informed about finances
2. Always have a nominee
3. write a will
4. Keep updating details, whenever there is a change.
5. Keep your deposit in one branch. If you keep in many branches of multiple banks, your are making way for unclaimed deposit.
6. Keep your trading and demat account with 1 or 2 brokers. Finally shift to one. Do visit your brokers office, Bank branch and maintain relationship. In case of eventuality, they will inform your family.
7. Never invest on your own. Pay a small fee and remain with your advisor. Even if you forget, all your investment info will be with the advisor. He will pass on to your family.

(Recently, there was an unfortunate case with one of investors. Immediately, broker advised his spouse about the original investment and its current value).

So, please take care and plug the loopholes, if any, in your portfolio.



# ગાલા નુખના

## ભાવિકો અને નિયાણી બહેનો જોગ

સવિનય જણાવવાનું કે ગાલા નુખના વિશલ માતાજી ને નમતા સર્વે ભાવિકોની સમુહ પહેડી રવિવાર તા. ૧૨-૧૨-૨૦૨૧ સવારના ૯.૪૫ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. તો સર્વ ભાવિકો સપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## કાર્યક્રમ

**શ્રી ગણેશજી ની સ્થાપના (કચ્છી ભવનમાં) ................. સવારે ૦૯.૪૫ કલાકે**
**માતાજીનું સામૈયું (કચ્છી ભવનની બાજુ થી) ................ સવારે ૧૦.૦૦ કલાકે**
**માતાજીના સ્તવન, ગરબા તથા સંગીત ની રમઝટ.......... સવારે ૧૦.૩૦ કલાકે**
**ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી ............. બપોરના ૧૨.૦૦ કલાકે**
**માતાજીને પ્રસાદી જુવારવાનુ (ચિટ્ઠી દ્વારા) ................ બપોરના ૧૨.૧૫ કલાકે**
**માતાજીની આરતી(ચિટ્ઠી દ્વારા) .............................. બપોરના ૧૨.૩૦ કલાકે**
**માતાજીની પ્રસાદી (પ્રીતિભોજન) ........................... બપોરના ૦૧.૦૦ કલાકે**

**આરતી પછી માતાજીની પ્રસાદી લેવાનું સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને ભાવભર્યુ આમંત્રણ છે.**

**:: પ્રસાદી ના લાભાર્થી ::**

**શ્રીમતી સાકરબેન ગોવિંદજી આણંદજી ગાલા સમસ્ત પરિવાર**

**અને**

**શ્રીમતી દેવકાબેન મગનલાલ આણંદજી ગાલા સમસ્ત પરિવાર**

**(ગામ : સાભરાઈ કચ્છ)**

**નોંધ :**

**૧) શ્રીફળ પ્રથા બંધ છે.**
**૨) ભાવિકોને ખાસ વિનંતી કાળા વસ્ત્રો પહેરીને આવવું નહીં.**
**૩) નિયાણી બહેનોને સજોડે પધારવા વિનંતી**

**લી. ગાલા ભાવિક સંઘ,**

**હૈદરાબાદ ના જયજિનેન્દ્ર**

ADVT @6911

# વિજય વિલાસ પેલેસ

રમેશ શામજી મોતા
બોરીવલી - મુંબઈ



ગુજરાતના કચ્છ જીલ્લામાં માંડવી શહેર આવેલું છે. કચ્છના પેરિસ ગણાતા બંદરીય શહેર માંડવીમાં એક સમયે ૮૪ બંદરોના વાવટા ફરકતા હતા. આ વાત છે ૧૯મી સદીના શરૂઆતના દાયકાના સમયની. કચ્છના મહારાવ વિજયરાજજીનો દરબાર અને રાજ ભુજમાં ચાલતો. પરંતુ ત્યાં એમને આરામ કરવાલાયક જગ્યાની ખોટ સાલી. એટલે મહારાવનો હુકમ છૂટ્યો કે કરછમાં આરામધામ બનાવી શકાય એવી સ્વર્ગ જેવી અતિસુંદર અને ભવ્ય જગ્યા શોધી કાઢો. બસ, ચીઠ્ઠીના ચાકર નિષ્ણાતો તેમજ તજ્જ્ઞોની ટીમો સમગ્ર કચ્છ ખૂંદી વળી અને આખરે માંડવીથી ૯ કિ.મી. દૂર દરિયાઈ પટ્ટીની નજીક રળિયામણા જંગલની વચ્ચેની જમીન પર પસંદગી ઉતારવામાં આવી. બાજુના ચારણોની વસતી ધરાવતા પાંચોટિયા ગામના પથ્થરોથી મહેલ બનાવવાનું નક્કી કરવામાં ચ્યું.

૧૯૧૮માં વિજય વિલાસ પેલેસના કામનો પ્રારંભ થયો. મહેલને અદ્વિતીય બનાવવા માટે કચ્છ ઉપરાંત ખાસ રાજસ્થાનના કુશળ કારીગરોને તેડાવવામાં આવેલા. તૈયાર થયેલો પેલેસ જોઇને કરછના મહારાવ એટલા બધા પ્રભાવિત થયા કે તેમણે આ મહેલના કારીગરો માટે આખું ગંગાપર ગામ બાંધીને તેમને રહેવા માટે બક્ષીસમાં આપી દીધું. ૬૯૨ એકરના વિશાળ વિસ્તારમાં ફેલાયેલો આ ભવ્યાતિભવ્ય મહેલ બાંધવામાં એ વખતે ૫૦ લાખ કોરી (કચ્છના ચાંદીના ચલણી સિક્કા) ખર્ચ થયો હતો, આજના ભાવ પ્રમાણે તેની કિંમત ૬૫૬ કરોડ રૂપિયા જેટલી થાય. માંડવી શહેરમાં ચાર હજાર વર્ષ જુની શીપયાર્ડ કંપની છે જે અત્યારે પણ નાની શીપોનું નિર્માણ કરે છે. અત્યારે વિજય વિલાસ પેલેસની આજુ-બાજુમાં સુંદર બાગ-બગીચાઓ, પાણીના ફુવારાઓ છે. બીચ રસિયાઓએ અહીં એકવાર તો મુલાકાત લેવી જ જોઈએ, ત્યાંનું વાતાવરણ ઈકો-ફ્રેન્ડલી છે અને તેની સુંદરતા જોવા જેવી છે

**શુંછે મહેલની ખાસિયત ?**

મહેલની ખાસિયત એવી કે તેમાં કયાંય કોઇ પણ ઠેકાણે પંખાની જરૂર વર્તાતી નહીં. અત્યારનો પેલેસ જોઈને ત્યારની જાહોજલાલીનો બખૂબી ખ્યાલ આવી જાય. કચ્છની સૌ પ્રથમ લિફ્ટ પણ વિજય વિલાસ પેલેસમાં મેરિયર સ્ડોટ નામની લંડનની કંપની દ્વારા ફિટ કરાઈ હતી. વીજળી જયારે લકઝરી ગણાતી એ વખતે આ મહેલમાં જર્મન બનાવટના ઝુમ્મરો લાઇટથી ઝળહળતાં હતાં. મહેલની થોડે દૂર મિની પાવરહાઉસ ઉભું કરવામાં આવ્યું હતું. પેલેસના ગ્રાઉન્ડમાં ચાઇનીઝ મારબલનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને હિંદુ સંસ્કૃતિની બારીકાઇથી મીનાવર્કની આકષર્ક કલાકૃતિ કંડારાઈ છે. ફ્રેંચ, ભારતીય, મોગલાઇ પ્રકારનું આર્ટ આ મહેલમાં જોવા મળે છે. કરાચીના કારીગરોએ નમૂનેદાર ઓપ આપેલા સાગનાં બારી-બારણામાં જડેલા બેલ્જિયમના કાચ આજે પણ અકબંધ છે. ઈટાલીના કપ-રકાબી તેમજ કાચની પ્લેટનો ઉપયોગ આજે પણ થાય છે. ક્રોકરીની વેરાયટીઓ જૂના અને અવશેષ રૂપે રહી છે. મહેલમાં મસાલા ભરીને શો-પીસ તરીકે રખાયેલા ચિતા-વાઘ, હરણ તેમજ નાનાં-મોટાં પ્રાણીઓ રાજા-મહારાજાઓના શિકાર શોખની ચાડી ખાય છે. એક જમાનામાં મહેલની આસપાસના લીલાછમ રખિયાલી જંગલમાં ઉપલબ્ધ અમૂલ્ય વનસ્પતિનો ખજાનો કાળક્રમે લુપ્ત થયો છે, પરંતુ પક્ષીઓનો કલરવ આજે પણ એટલા જ ઉલ્લાસથી ગુંજે છે. ૧૯૨૯માં રાવ વિજયરાજજીએ બનાવેલા આ મહેલની કાળજીપુર્વકની માવજત કરવામાં આવે છે. ઘણીવાર બોલીવુડની ફિલ્મોનું અહીં શુટિંગ થાય છે.

રાજપુત શૈલીમાં લાલ રેતાળ પથ્થરોથી બનેલો આ મહેલ એક મુખ્ય ગુંબજ ધરાવે છે, તેની ચારેબાજુએ બંગાળી ગુંબજો, ખૂણામાં બૂરજો અને રંગીન કાચની બારીઓ છે. છત પરના ઝરુખામાંથી આસપાસના વિસ્તારનું સુંદર દ્રશ્ય અને રાજાની સમાધિ પણ જોવા મળે છે. શહેરના મધ્યભાગથી સાત કિ.મી. ના અંતરે આવેલો મહેલ સવારે ૯.૦૦થી ૧.૦૦ વાગ્યા સુધી અને બપોરે ૩.૦૦થી ૬.૦૦ વાગ્યા સુધી ખુલ્લો રહે છે.

# પ્રથમ પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ

દેહ ધારણ
૦૬-૦૬-૧૯૪૮





દેહ પરિવર્તન
૨૧-૧૧-૨૦૨૦



# શ્રી માવજી નેણશી ગાલા

**ગામ - ઉનડોઠ મોટી-કચ્છ, હાલ - હૈદરાબાદ**

**વરસ વીત્યું.... વર્ષો વીતશે...**
**અમોને છોડી આતમ ચાલ્યો અનંત પ્રવાશે...**
**યાદ આવે છે આપની અને આંખો વહે છે આંસુ ચોધાર**
**મન નથી માનતું કે આપ નથી રહ્યા અમ સંગાથ**
**આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અને શાશ્વત સુખ મળે એજ પરમાત્માને પ્રાર્થના...**

**શોકાતુર**

**મેઘબાઈ નેણશી જેવત ગાલા - ઉનડોઠ મોટી (માતા-પિતા)**
**ભાણબાઈ રતનશી વીરજી ગડા - રાયધણજર (સાસુ - સસરા)**
**હેમલતા માવજી ગાલા (ધર્મપત્ની)**
**વિનય માવજી ગાલા (સુપુત્ર)**
**કૌશિક માવજી ગાલા (સુપુત્ર)**

**નિવાસ : વેજીટેબલ માર્કેટ, નલ્લાકુંટા, હૈદરાબાદ ૫૦૦૦૪૪.**
**મોબાઈલ : ૯૩૯૪૫ ૩૪૦૯૯, ૭૭૦૨૮ ૪૯૪૭૩**

Advt @6905

# શ્રી કચ્છી મિત્ર મંડળ હૈદરાબાદ સંચાલિત શ્રી શાંતિ પ્રાઈમરી સ્કૂલ મધ્યે આયોજિત વિવિધ કાર્યક્રમોની ઝલક



















શ્રી કચ્છી મિત્ર મંડળ હૈદરાબાદ-સ્કિલ એન્ડ પર્સનાલિટી ડેવલપમેન્ટ સમિતિ દ્વારા વિષય સંબધિત ઉત્તમ લેખના વિજેતાઓને પારિતોષિક અર્પણ કરવામાં આવ્યા તેની તસ્વીરો



# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન હૈદરાબાદ દ્વારા તા. ૭-૧૧-૨૦૨૧ ના કચ્છી ભવનમા આયોજિત દિવાળી પર્વ ઉજવણી-સ્નેહ મિલન અને વાર્ષિક સામાન્ય સભાની ઝલક




Advt@8961

# THE WEDDING NINJAS

Wedding management| Engagement ceremony| House warming| Birthday parties| Sangeet & Mehendi| Cradle ceremonies and many more....

*Ninjas who make your special day memorable...*





DHARA DHAROD-8291320722
PREETI DHAROD-8369832944

Advt@6924

# આદરાંજલિ



## માતુશ્રી પાનબાઈ ખીમજી ડુંગરશી મામણીયા

ગામ મેરાઉ- કચ્છ, હાલે હૈદરાબાદ ઉ.વ. ૯૧

સૌની સાથે સુમધુર અને સુચારૂ વહેવાર જાળવનારા સૌમ્યસ્વભાવી
પ્રેમાળ - પરોપકારી - વાત્સલ્યહૃદયી - ધર્માનુરાગી એવા માતૃસમાન પૂજ્ય બાઈને ગુમાવ્યા છે
એમના સ્નેહ સ્મરણ અવિરત આંખો ભિંજવશે
આપ આત્મ સ્વરૂપે જ્યાંપણ હો ત્યાં પરમ શાંતિ અને શાશ્વત સુખ પામો
એજ પરમપિતા પરમાત્માને પ્રાર્થના..

કિરણ ચીમનલાલ રાંભિયા
તુષાર શીવજી કારાણી
જયંત ખીમજી ગડા
નેમચંદ માવજી ગાલા
હસમુખ ખીમજી વીરા

ધીરજ રામજી સાવલા
જયેશ મોહનલાલ ગાલા
મહેશ નવીનચંદ્ર ધરોડ
નિલેશ ચુનિલાલ સંગોઈ

# શ્રી શંભુદાન ગઢવી

રિદ્ધીશ રમેશ લોડાયા જાગીરદાર
બાંડીયા - હૈદરાબાદ



શ્રી શંભુદાન ગઢવી- આમ તેઓ મુળ કચ્છના અબડાસાના વતની. ચિઆસર ઠાકોર ચાર ગામના ધણી હતા તેઓ તરફથી મળેલ જમીન હાલ પણ તેમના પરિવાર પાસે છે એમના પૂર્વજો મહારાઓશ્રી પ્રાગમલજીના આશ્રિત કવિ હતા પણ શંભુદાનજીનો જન્મ તા. ૨-૨-૧૯૧૪ ના રોજ એમના મામાને ત્યાં સેવક ધુણીયામાં થયો હતો તેમના મામા જામનગર, રાજકોટ, ગોંડલ, કોટડા, વીરપુર, કોઠારીઆ, શાપર, ગૌરીદળ, પાળ, લોધીકા, રાજપરા, ભાડવા, મેંગણી આમ ૧૪ રજવાડા અને ૮૦૦૦ જાડેજા પરિવારના ભટ્ટ. પોપટભાઈ જ્યાં સુધી જામનગરમાં બિરાજતા ત્યાં સુધી જામ રણજીતસિંહજીના ઘરે જ રહેતા, ક્યાંય જતા નહીં કારણ રોજ સવારે સાડા પાંચ વાગે એમને જામસાહેબશ્રી ને આશીર્વચન આપવા રણજિત વિલાસ પેલેસમાં જવાનું રહેતું. શંભુદાનજીને એમના મામા એ ભણાવેલા અને લોકસાહિત્યનું પણ શિક્ષણ આપેલુ.

પોતાના યજમાનોમાં એમને યજમાનવૃત્તીની પણ રીત શીખવી આથી ઘણાં વરસો શંભુદાનજી જાડેજાઓમાં માનપાન થી ફર્યા. એક વાર ભરાણા ગામે હતા ત્યારે તા.૬-૩-૧૯૪૨ના રોજ એક ઘોડેસવાર મારફત શ્રી પ્રતાપસિંહજીએ એમને આમંત્રણ પાઠવી તેડાવ્યા જેથી તેઓ પ્રતાપસિંહજી ને મળ્યા એમને લઈ પ્રતાપસિંહજી રણજીત સાગર પધાર્યા અને થોડી વારે ત્યાં જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજી અને મહારાણી સાહેબ પણ ત્યાં પધાર્યા પ્રતાપસિંહજી એ શંભુદાનની ઓળખ જામસાહેબને કરાવી અને ત્યાંથી જામનગરના લાંકસરના ફૌજી જવાનોની સલામી લીધી પછી જામસાહેબશ્રી એ શંભુદાનજી ને ફરમાવ્યુ કે આજે આ જવાનો લડાઈ માટે સરહદ તરફ કુચ કરે છે તો કાંઈક વીર રસનું પાન એમને કરાવો જેથી શંભુદાનજી એ વીર દુર્ગાદાસ રાઠોડની વાર્તા સંભળાવી જેથી જામસાહેબે ખૂશ થઈ એમના પેલેસ પર આવવા આમંત્રણ દીધુ પછી અનુકુળતાએ શંભુદાનજી પેલેસ પર જતા ને વાર્તાઓ કરતા જેથી ખુશ થઈને મહારાણીસાહેબે શંભુદાનજી ને તા. ૩-૧૨-૧૯૪૨ના રોજ રાજ્યના આશ્રિત કવિનું પદ એમને આપ્યું. ત્યારબાદ મેંગણી ઠાકોર સાહેબે પણ એમને વર્ષાસન બાંધી આપેલુ. તેઓ ડીંગળ પીંગળનું સારૂ જ્ઞાન ધરાવતા. લોકસાહિત્યના સારા વક્તા પણ હતા એમનો અવાજ ખુબજ સારો એટલે આકાશવાણી રાજકોટને પણ તા.૧૬-૩-૧૯૬૬ થી લાભ આપતા રહ્યા. જામનગર જિલ્લાના વડારીઆના વાઘજીભાઈ નાગપાળ શેઠના આગ્રહથી આફ્રીકામાં પણ કાર્યક્રમો આપી આવેલા. કચ્છ, કાઠીયાવાડ અને મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોમાં પણ અગણીત કાર્યક્રમો એમણે કરેલા છે. શ્રી શંભુદાનજી ગઢવી ગોસર - ગોસરાણી નૂખના ભટ્ટ તરીકે અંતિમ સમય સુધી રહ્યા, હાલ એમના વંશજ આ કાર્ય આગળ ધપાવી રહયા છે.



# સામાજિક સમસ્યા

**લહેરચંદ ટોકરશી લોડાયા**
રાપર ગઢવારી – હૈદરાબાદ



તાજેતરમાં લગ્ન વિષયક સમસ્યાઓ માં ઉપરા ઉપરી બે ત્રણ કેસ ખુબ દુઃખદ આવ્યાં. એમાં મુખ્ય સમસ્યા એ છે કે લગભગ ૨૫ થી ૨૭ વર્ષની ઉંમરે પરણીને આવેલી દીકરીને ખીચડીથી માંડીને કંઈજ બનાવતા કે કામ કરતાં આવડતું નથી, અથવા તે જૂઠું બોલે છે કે તેની દાનત નથી. એમાંથી જે હોય તે પણ સાસરિયાં માટે સમસ્યા સરખી જ રહે છે. દીકરી ડોકટર, એન્જિનિયર કે જે હોય તે પણ પેટતો દરેકને હોયજ છે, અને રસોયા, ઝોમેટો, સ્વીગી કે ટિફિનમાં આખી જિંદગી જીવી ન જ શકાય.

સાસરિયા પણ વહુ લાવતા હોયતો તેમની કઈક તો અપેક્ષા હોય જ. અને ૨૭ વર્ષની ઉંમરે તેઓ પાઠશાળાનાં અણઘડ બાળકને તો ન જ લાવતા હોય અને દરેક માણસ દરેક કામ શીખીને જન્મ્યું નથી હોતું પણ શીખવાની અને શીખવાડવાની પણ એક ઉંમર હોય, અને ઘણા કેસમાં તો શીખવાડી શકે તેવું કોઈ સાસરામાં ન પણ હોય. એની પણ વ્યવસ્થા થાય, પણ શીખવાની કે કરવાની દાનત અને તૈયારી તો અનિવાર્ય જ છે ને ?

પણ આ તો પિયરમાં કંઈ હોય કે ન હોય પણ સાસરે આવે એટલે ૧૦૦ ટકા ટીવી સિરિયલો અને પિક્ચરની વહુઓની જ રહેણીકરણીની હવામાં જ હોય છે. રસોયા, નોકર, નોકર થી થોડો અપગ્રેડ પતિ, પાર્લર, પિક્ચર, પિકનિક, ટૂર, બહુ તો નોકરી, કે પછી અભ્યાસનું બહાનું, અને એ કંઈ પૂરું ન થાય કે વાંધો વિરોધ થાય તો કોર્ટની ધમકી.....

આ પરિસ્થતિમાં દીકરાઓને પરણાવવાની પણ ખુબ જ બીક લાગે છે અને દીકરીનો કે પોતાનો વાંક કબુલવાને બદલે દીકરીઓના પિયરીયાની દાદાગીરી અને દખલગીરી એટલી વધી ગઈ છે કે તેણે સામાજિક વ્યવસ્થાનો સત્યાનાશ કર્યો છે.....

પોતાની ૨૭ વર્ષની દીકરી સાવ અણઘડ અને વેતા વગરની છે તેમાં પોતાની જ જવાબદારી છે તેવી કોઈ શરમ કે ગુન્હાહિત કબૂલાત કે હજી તેને કંઈજ શીખવવાને બદલે સાસરામાં કંઈ કહેવા કે શીખવવાનો પ્રયત્ન કરવામા આવેતો તેને સાસુ કે નણંદનું ભાઈ ભાભીના જીવનમાં ઇન્ટરફિયારન્સ થતું હોવાનો વાહિયાત અને મૂર્ખ હોબાળો કરવામાં આવે છે.

જેને દેશી ભાષામાં લાજવાને બદલે ગાજવું કહેવાય. દરેક રજાઓ કે વેકેશનમાં આ છોકરીઓને અને તેના માં બાપને હીલ સ્ટેશન જવા જોઇશે, પછી ભલે બાળક ન હોય કે ભણતું ન હોય અને તેને વેકેશન સાથે કોઈ લેવાદેવા ન હોય, પતિ પ્રાઇવેટમાં નોકરી વ્યવસાય કરતા હોય, રજા, પૈસા વગેરે મેનેજ થાય તેમ ન હોય, ઘરમાં વૃધ્ધો હોય તેનો પ્રોબ્લેમ થાય તેમ હોય, અમુકથી નાના બાળકને લઈ ફરવું આ વાતાવરણમાં સલાહ ભર્યું ન હોય, પણ જવું એટલે જવું. અને માં બાપ પણ સાચી સલાહ આપવાને બદલે ઉત્તેજન આપે અને પોતાની સાથે એકલી પરણેલી દીકરીને પણ ટૂરમાં લઇ જવાની બેહૂદી વાત કરે અને દીકરાની વહુ માટે આનાથી તદ્દન વિપરીત અપેક્ષા અને વર્તન હોય. સાસુ સસરાની સામે બોલવું માન મર્યાદા ન જાળવી સસરા એકલા હોય તો પતિ ને ફરિયાદ કરીને  અલગ કરી દેવું.

આ બધી લાગણીઓના અતિરેક લગ્ન જીવનની ઘોર ખોદી નાખી છે. તેમાં કાયદાઓ અને કોર્ટોએ મીઠું ભભરાવવાનું કામ કર્યું છે. એક વકીલના ૪૦ વર્ષના અનુભવમાં આવા dispute માં ૮૦ ટકાથી વધુ વાંક સ્ત્રીઓ અને એનાં પિયરીયાનો મેં અનુભવ્યો છે અને તેમાં છેલ્લા દાયકામાં તો એ ખુબજ વકરી ગયેલ છે. મોટા ભાગના ઘર કુટુંબોમાં હવે વહુઓને સારી જ રીતે રાખવામાં આવે છે પરંતુ તેનો ગેરલાભ ઉઠાવવામાં આવે છે. ખાસ કરીને વાનગી ક્લાસ ચલાવતી બહેનોએ હવે ચાઈનીસ, પંજાબીને બદલે ખીચડી, રોટલી દાળ, ભાત, શાકના ક્લાસ ચલાવવાની જરૂર છે જે ઘરમાં શીખવવામાં આવતાં નથી. અને કોર્ટોએ આ બધીજ બાબતો લક્ષ્યમાં લેવાની જરૂર છે.પિયર તરફથી સાચી શિખામણ આપવામાં આવે તો છૂટાછેડાના કેસ નિમ્ન સ્તરે આવીજાય.

મારા મંતવ્ય મુજબ સાસરિયામાં પીયરીયાએ દખલગિરી કરવી જોઈએ નહીં. કાલે તમારા દીકરાનો પણ નંબર હોઈ શકે. પ્રી-વેડિંગ શૂટિંગથી દસમા ભાગનું ધ્યાન પણ પ્રિ-વેડિંગ ટ્રેનીંગ કે કુકિંગમાં આપવામાં આવે તો ઘણા ઘર ભાંગતા બચી જાય. અપવાદ રૂપ કેસ માં ખરેખર દુઃખ ત્રાસ આપતા હશે પણ ૯૦ડ કેસમાં હવે ત્રાસ આપનારા બદલાઈ ગયાં છે. અને આવી માથે ચડાવેલી અણઘડ દીકરીઓ પછી પિયરમાં ભાઈ ભાભી માટે પ્રોબ્લેમ ઊભા કરે છે અને માં-બાપની હયાતી પછી સમાજ માટે પણ પ્રોબ્લેમરૂપ બને છે. કોર્ટ માત્ર ભરણપોષણ, વળતર, અલગ થવું કે ડિવોર્સ અપાવી શકે છે, ઘર, કુટુંબ, પતિ, બાળક, સલામતી, હોદ્દો કે અનુશાસન અને રાંધણકળા અપાવી શકતી નથી, એ તો શીખશો તો જ પામશો. આ વિષય પર આપના અનુભવો તથા પ્રતિભાવો હોયતો આગામી નિંચાપોના ભાવ પ્રતિભાવમાં આવકાર્ય છે.

## લગ્ન વિષયક સમસ્યાઓ

વસંત 'કચ્છ કેસરી'
મુલુન્ડ - મુંબઈ



અત્યારના સમય કાળમાં આપણા સમાજની અનેક સમસ્યાઓમાંથી એક અતિ મૂંઝવતી સમસ્યા છે દીકરા - દીકરીની વિવાહ સગપણની. છેલ્લા ૧૦ વર્ષના નિવૃત્તિકાળ દરમિયાન આ વિષયમાં ચર્ચા વિચારણાને આધારે સંશોધન કર્યું છે તેનું તારણરૂપે મારો અભિપ્રાય આપ સૌ મિત્રો સમક્ષ વિનમ્ર ભાવે મૂકું છું.

સમસ્યાઓ ઊભી કેમ થાય છે એ જાણીએ :

૧. વિવાહ યોગ્ય ઉંમરના સંતાનો માટે યોગ્ય જીવનસાથીની પસંદગી, અને યોગ્યતાના માપદંડ નક્કી કરવામાં વડીલ માવતરની ખૂબ ઊંચી અપેક્ષાઓ.

૨. શૈક્ષણિક સમાનતા, રૂપરંગ, વાક્ચાતુર્ય, અંગ્રેજી ભાષા પરનો કાબૂ, ઊંચાઈ, વજન, શારીરિક બાંધો, વસ્ત્ર પરિધાનમાં આધુનિકતા, નોકરી કે વ્યવસાય, આવક, રહેઠાણ પોતાનું કે ભાડાનું, કુટુંબ નાનું કે મોટું તેમજ અંગત શોખ, આ સર્વ બાબતોમાં વડીલો પોતાનો વિચાર અનામત રાખતા હોય છે અને એ પ્રમાણે સર્વગુણ સંપન્ન પાત્ર શોધે છે.

૩. મુંબઈ શહેરમાં અમુક પરાઓ સુધીની રેખા બંધાયેલી હોય છે તેની સીમામાં જ સગપણ થઈ શકે એવી માનસિકતા.

૪. આર્થિક સમાનતા પણ એક મુખ્ય ભાગ ભજવે છે.

૫. ભારતના અન્ય પ્રદેશોમાં વસતા આપણા સમાજને મુંબઈમાં યોગ્ય પાત્રની શોધ હોય છે જ્યારે મુંબઈના આધુનિક વર્ગને મુંબઈ બહાર સંબંધ બાંધવામાં ઈચ્છા ઓછી હોય છે. આવા અનેક પ્રશ્નોને લીધે આજે સામાન્ય રીતે સમાજમાં વિવાહની વય, જે ૨૨ થી ૨૫ વર્ષની યોગ્ય ગણાતી, તે ૩૦ વર્ષની આસપાસ થઈ જતી હોય છે અને ઘણાં કુટુંબોમાં સંતાનો ૩૦ વર્ષની વય વટાવી ચૂક્યા હોય છે જેના લીધે તેવા યુવાઓ હતાશાનો ભોગ બનતા જોવાય છે. એમને જીવન નીરસ જણાય છે. આવા કિસ્સાઓમાં પછી વડીલો સાધારણ કે ઘણી બાંધછોડ કરી વિવાહ ગોઠવે છે જેમાં નમતું જોખ્યાનો અફસોસ સાલે તેથી સુમેળભર્યા બનાવી શકાતા નથી અને ક્યારેક વિવાહ વિચ્છેદમાં પરિણમે છે.

વૈચારિક મતભેદથી મનભેદ થતાં હોય છે અને લગ્નો નિષ્ફળ થઈ છૂટાછેડામાં પરિણમે. અમુક કિસ્સાઓમાં લગ્ન થઈ ગયાં પછી પતિ - પત્ની બન્ને કમાતા હોય તો પત્ની સ્વતંત્રતાનો આગ્રહ રાખતી હોય, પોતાની આવક જુદી રાખી હક્ક જમાવતી હોય, ગ્રહકાર્યની જવાબદારી પ્રત્યે અંતર રાખતી થાય જેથી કલેશ થાય અને સંભવિતઃ આવા લગ્ન નો અંત દુઃખદ જ આવે. આ આખી સમસ્યાનો ઉકેલ, મારા મત મુજબ, વડીલોએ પોતાની વિચારસરણી બદલવાનો સમય અત્યારે છે. આજનો યુવા વર્ગ ખૂબ હોશિયાર, જવાબદાર, વિચારશીલ હોય પોતાના જીવનસાથીની પસંદગી વિશે સ્વતંત્ર અને યોગ્ય માનસિકતા ધરાવતા હોય છે.

કોલેજમાં કઈ લાઈન લેવી, કેટલું ભણવું, જેવું કેરિયર બનાવવું વિગેરે બાબતોમાં શિખામણ આપવા વડીલોનું પનું ટૂંકું પડે તો પછી યુવાઓને પોતાનું જીવન ઘડવા માટે સ્વતંત્રતા આપવી જોઈએ. સલાહ સૂચન પૂરતી દખલ રાખો પણ આગ્રહ ન રાખવો. આવી વ્યવસ્થા અપનાવવાથી જ સગપણ વિવાહની સમસ્યાઓ ઘણે અંશે હલ થઈ શકશે.

# વાત તારી મારી

દિલીપ હીરજી નાગડા
ડોંબીવલી - મુંબઈ



## બજારની વર્તમાન સ્થિતિ..

મમ્મી પપ્પાની વૃદ્ધ અવસ્થા... ઘરમાં કમાનાર વ્યક્તિ ફક્ત હું, છતાંપણ આજે મમ્મી અને મારી પત્ની વચ્ચેના ઉગ્ર મતભેદ, અંતે મનભેદનું પરિણામ [illegible]

જે મને શંકા હતી અંતે તે જ થયું, વેકેશનમાં ગયેલ પત્ની વેકેશન પુરૂ થવા છતાં પિયરથી પાછા આવવાનું નામ નહોતી લેતી. મેં કારણ પૂછ્યું, તો મારા સાસુ-સસરા તરફથી જવાબ મળ્યો. જમાઈરાજ, તમારા મા-બાપથી તમે જુદા થાવ તો મારી દીકરીને ત્યાં મોકલું.

અચાનક થયેલા પ્રહારથી હું મૂંઝાઈ ગયો, છતાપણ સ્વસ્થ થઈ મેં સામો સવાલ કર્યો, અને નહીં થાઉ તો? સસરા બોલ્યા દીકરી અહીં અમારે ત્યાં રહેશે.

મેં કહ્યું આ તમારી ધમકી સમજી લઉ? તે બોલ્યા એવું સમજી લ્યો. મેં કહ્યું, તો મારી ચેતવણી પણ સાંભળી લો, આ નિર્ણય તમારો છે મારો નહીં. હવે પછીના આવનાર દરેક પરિણામો માટે ફક્ત તમે જવાબદાર હશો.

મતલબ? સસરા બોલ્યા. મતલબ સાફ છે, મા-બાપ મારા છે જુદા થવું કે ન થવું એ મારી અંગત વાત છે. આ તમારો વિષય નથી, જેથી તમે તમારી મર્યાદામાં રહો અને હું મારી મર્યાદા માં રહું, તેમાં આપણા બન્નેનું માન સન્માન રહેશે. એમ વાત કરી મેં મોબાઈલને કટ કર્યો. મને ઘરે ચિંતામાં બેઠેલો જોઈ પપ્પાએ સવાલ કર્યો.. બેટા કોઈ તકલીફ? મેં વિગતે વાત કરી. પપ્પાના ચહેરા ઉપર નારાજગી જણાતી હતી, પણ સાથે મક્કમતા પણ હતી. પાપા તરત જ સ્વસ્થ થઈ બોલ્યા, બેટા... આવડી નાની વાતમાં દુ:ખી શું કામ કામ થવું.. મારા તરફથી લીલી ઝંડી છે. તું ખુશીથી જુદો થા...બેટા, તેઓ તેમની આંખો ભીની લૂછતાં બોલ્યા.. બેટા પણ અમને મળવા આવતો રહેજે. આવા નાના કારણોને લીધે લગ્ન જીવન ઉપર કોઈ અસર ન થવી જોઈએ. આટલું બોલી પપ્પા છાપું વાંચવાનો વ્યર્થ પ્રયત્ન કરવા લાગ્યા.

મને મંદિરની અંદર બેઠેલો ભગવાન રડતો હોય તેવી લાગણી થઈ. અગણિત ઉપકાર મારી જિંદગી ઉપર આ મા-બાપ ના છે. પોતાની જરૂરિયાત ઉપર કાપ મૂકી મારા મોજશોખ પુરા કર્યા. જ્યારે જ્યારે હું રડતો ત્યારે ત્યારે પપ્પાએ મને હસાવવાનો પ્રયત્ન કર્યો છે. જયારે જયારે હું મુંઝાયો છું ત્યારે ત્યારે મારા ખભા ઉપર હાથ મૂકી મને હિંમત આપી છે. એ પપ્પાની ભીની આંખો અને હિંમત હારેલા જોઈ હું કઈ રીતે ઘરની બહાર જઈ શકું? તેના માટે તો માત્ર હું જ ઘડપણની લાકડી છું.

મારા લગ્ન જીવનને ફક્ત ચાર વર્ષ જ થયા છે. તેમાં મારા સાસુ સસરાને આવું બોલવાનો હક્ક કોણે આપી દીધો? તમે દીકરી આપી છે તો મારા મા-બાપે કમાતો દીકરો આપ્યો છે, દિકરી આપી અને મારા ઉપર ઉપકાર કરતા હોય તેવું વાણી વર્તનતો હું કદી નહીં ચલાવું, એવો મેં મનની અંદર નિર્ણય લઈ લીધો. સાંજે મમ્મી-પાપા સાથે ડાઇનિંગ ટેબલ ઉપર હું જમતો હતો, ફરીથી સસરાનો મોબાઈલ આવ્યો, ફરીથી એજ સવાલ... જમાઈરાજ, શું વિચાર્યું? મેં કહ્યું, વિચારવાનું શું હોય? મારી ટ્રાન્સફર તમારા જામનગર ગામમાં જ કરાવી લીધી છે. હું મમ્મી-પપ્પાથી જુદો થાઉ છું, પણ હવે જામનગરમાં કાયમ માટે તમારી સાથે રહીશ. જમાઈરાજ, ઘર ના મળે ત્યાં સુધી સાથે રહેજો. સસરા બોલ્યા. મેં કહ્યું, ઘર કોને ગોતવું છે, મારે તો તમારા ઘરે જ તમારી દીકરી સાથે કાયમ રહેવું છે, આમે હું તમારી દીકરીના આગ્રહને કારણે તમને પપ્પા કહીને જ બોલાવું છું. ૩૫ વર્ષ મારા બાપે મને સાચવ્યો, બાકીના વર્ષ તમે મને સાચવો. સસરાજી ગંભીર થઈ બોલ્યા, એ શક્ય નથી. દીકરી અને જમાઈ કાયમ માટે અમારા ઘરમાં સારા ન લાગે. મેં કીધું, પણ મારે તમારી સાથે જ રહેવું છે, જેથી મને અને તમને તમારી લાડકી દીકરીના

સાચા સ્વરૂપની ખબર પડે. સસરા બોલ્યા, દીકરી જમાઈ પિયરમાં સારા ન લાગે. સાસરામાં જ સારા લાગે. મેં કહ્યું, મારૂં કહેવાનું એ જ છે વડીલ.. દીકરી સાસરેજ સારી લાગે. તમારી દીકરી છે, તો તે મારી પત્ની પણ છે. જેટલી ફરજ તમારી દીકરીને મારે સુખી રાખવાની છે, તેટલી જ ફરજ મારી મારા મા-બાપ પ્રત્યે પણ છે, એ કેમ તમે ભૂલી જાવ છો? તમારી દીકરીને જયારે મોકલવી હોય ત્યારે અમારા ઘરના બારણાં ખુલ્લા છે.

બાકી એક સલાહ તમને આપું. તમે દીકરીના ઘરમા માથું ના મારો એ આપણા એકબીજાના હિતમાં છે. તમારા લાડ અને વધારે પડતા પ્રેમે તમારી છોકરીને વધારે પડતી સ્વચ્છંદી અને તોછડી બનાવી દીધી છે. આજકાલ દીકરીના મા-બાપ દીકરીનું યોગ્ય ઘડતર કરતા નથી અને વગર ટ્રેનિંગે કોઈના ઘરમાં મોકલી આપે છે પછી વર અને સાસુના વાંક કાઢવા એ આદતો બનતી ગઈ છે અને એ કડવું સત્ય છે. છેલ્લે સાંભળી લો, દીકરીને એકલું એટલે રહેવું છે કે તેના સમયે ઉઠવું, કીટી પાર્ટીઓ કરવી અને સહેલીઓ સાથે રખડવું તે શક્ય નથી. આપ છ મહિના કે વર્ષ સાચવી તેનો અનુભવ કરી જુઓ, લગ્ન પહેલાની દીકરી અને સાસરેથી પાછી આવેલ દીકરીનો તફાવત ખબર તમને પડી જશે, અને યાદ રાખજો જાતે અહીં મુકવા તમે આવશો. સોમવારથી સ્વીટુની સ્કૂલ ખુલે છે, તમારી દીકરીને મોકલવી હોય તો મોકલી આપો નહીંતર સ્વીટુનું ત્યાં એડમિશન લઈ લેજો કહી મેં મોબાઈલ કટ કરી દીધો.

પપ્પા મમ્મી મારી સામે જોતા રહ્યા, પપ્પા ભીની આખે બોલ્યા તારા વ્યક્તિત્વ પ્રમાણે મેં જે આશા તારી પાસે રાખી હતી તે જ તું બોલ્યો. બેટા મને તારા પર ગર્વ છે, સાથે તારી મમ્મીને પણ એક સલાહ આપું છું બીનજરૂરી કચકચ કે તે લોકોની વ્યક્તિગત જીંદગીની અંદર દખલગીરી ન કરતી નહિતર ઘરને તૂટતું કોઈ બચાવી નહીં શકે. ત્યાં થોડીવાર પછી ફરીથી મોબાઈલની રિંગ વાગી. સસરાનો મોબાઈલ આવ્યો, જમાઈરાજ કાલે બપોરે નીકળી રાત્રી સુધીમાં અમારી દીકરીને મુકવા આવું છું, સાંજે આપણે સાથે જમવાનું રાખશું.

મેં કહ્યું, આવો તો બે ત્રણ દિવસ રોકાઈને જજો, ઘર જ છે. સસરા બોલ્યા, બેટા.. માફ કરજે, તારી સ્વમાની અને કડક વાત સાંભળી મારી જવાની યાદ આવી ગઈ. મેં તારા જેવું વર્તન કર્યું હોત તો આજે મારા મા-બાપના દીવાલ ઉપર લટકતા ફોટા સામે નીચે માથે ઉભો ન હોત. તમે શાંતિથી સ્વમાનથી તમારા મા-બાપ સાથે જીવો તેવા અમારા આશીર્વાદ છે. પપ્પાના પ્યારને દિકરી જે દિવસથી સમજતી થશે ત્યારપછી પપ્પાને ઘરમાંથી બહાર કાઢવાનો સમય ક્યારેય નહિ આવે.




यु असर डाला है...
मतलबी लोगों ने दुनिया पर
प्रणाम भी करो तो लोग समझते है कि
जरूर कोई काम होगा ।

# ગાંધી સાથેના કચ્છ પ્રવાસમાં સરદાર પટેલની મહત્વની ભૂમિકા

નરેશ અંતાણી
ભુજ - કચ્છ



ભારતના લોખંડી પુરૂષ વલ્લભભાઈ પટેલના કચ્છ સાથેના સંબંધો ત્યારથી પ્રસ્થાપિત થયેલા છે. જે સમયે તેઓ માત્ર વલ્લભભાઈ પટેલ હતા. સરદારનું બિરૂદ તેમને ૧૯૨૮ના બારાડોલી સત્યાગ્રહ સમયે મળ્યું, વલ્લભભાઈ તો એથીય પહેલાં ૧૯૨૫નાં વર્ષમાં કચ્છ આવ્યા હતા. હા, ૧૯૨૫નાં વર્ષમાં તેઓ ગાંધીજી સાથે કચ્છના પ્રવાસે આવ્યા હતા. મોટાભાગનાં પ્રકાશમોમાં માત્ર એકજ લાઈન વાંચવા મળે છે કે, વલ્લભભાઈ પટેલ ગાંધીજી સાથે કચ્છના પ્રવાસમાં જોડાયા હતા. પરંતુ એ પ્રવાસ દરમ્યાન કચ્છમાં તેમણે શું કર્યુ ? કઈ સભા સંબોધી ? વગેરે અંગે કોઈ વિગતો બહાર આવી નથી.

દલીલ એવી પણ કરવામાં આવે છે કે, વલ્લભભાઈનું ગજું એ વખતે એટલું નહોતું થયું, તેઓ એક કાર્યકર તરીકે ગાંધીજી સાથે હતા. પરંતુ ના, કચ્છના પ્રવાસ દરમ્યાન એમણે અનેક કાર્યો કર્યા છે, ગાંધીજીના પ્રવાસની બાગડોર સંભાળી છે, લોકોના પ્રશ્નો સાંભળ્યા છે, હસ્તકલા કારીગરોને મળ્યા છે, તેમની સમસ્યાઓ પણ સાંભળી અને તેને હલ કરવા પ્રયાસો કર્યા છે. તે કચ્છરાજ સામેની લડતના કાર્યકરોને પણ મેળી તેમની લડતને યોગ્ય દિશા આપવા પ્રયાસ કર્યા છે. એક રાષ્ટ્રીય નેતામાં હોય તેવા નેતૃત્વના બધાજ ગુણો તેમનામાં કચ્છના પ્રવાસ દરમ્યાન જોવા મળ્યા છે, પરંતુ આ બધી વાતો હજુ સુધી બહાર કેમ નથી આવી એ માટો સવાલ છે.

આ બધી વાતોને શોધવાનું મંથન બહુ લાંબા સમયથી ચાલતું રહ્યું હતું. અનેક પ્રકાશનો તપાસ્યાં, પરંતુ બધેજ ઉપર જણાવેલી માત્ર એકજ લાઈન વાંચવા મળી. આથી સ્વાભાવિક નિરાશા સાંપડી, પરંતુ ગાંધીજીના પ્રવાસ દરમ્યાન સતત સાથે રહેલા કચ્છના આગેવાન સ્વ. પ્રભુલાલભાઈ ધોળકિયાએ પ્રવાસ દરમ્યાનની તમામ નોંધ લખી છે, જે તેમના લંડન સ્થિત પુત્રી અને ગાંધી પ્રચારક સ્વ. નરેન્દ્રભાઈ અંજારિયા પત્ની સરોજબહેન અંજારિયા પાસેથી મેળવી શકાઈ. તેમાં ગાંધીજી સાથે વલ્લભભાઈ કચ્છમાં માત્ર એક કાર્યકર તરીકે નહીં, પણ એક નેતા તરીકે અને ગાંધીજીના પ્રવાસના સંપૂર્ણ ચાલકબળ તરીકે કચ્છમાં આવ્યા હતાં. એ દરમ્યાન એમણે એક રાષ્ટ્રીય નેતાને છાજે તે રીતે કેટલાય નિર્ણય લીધો છે, લોકોને સાંભળ્યા છે, કાર્યકરોને પણ સાંભળ્યા છે, તેને દોરવણી પણ આપી છે.

ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, મહાદેવભાઈ દેસાઈ સહિતની ટુકડીએ ૨૨મી ઓક્ટોબર ૧૯૨૫ના દિવસે બ્રિટિશ ઈન્ડિયા સ્ટીમ નેવિગેશન કંપનીની સ્ટીમરમાં માંડવી બંદરે ઉતરી અને પોતાના કચ્છ પ્રવાસનો આરંભ કર્યો હતો. આ પ્રવાસ દરમ્યાન તેમણે ભુજ, કોટડા (રોહા), કોઠારા, ડુમરા, માંડવી, ગોધરા, ખાખર, દેશલપર, ભુજપુર, મુંદરા તથા અંજાર વગેરે શહેરો અને ગ્રામ્ય વિસ્તારોની મુલાકત લીધી હતી. આ પ્રવાસ દરમ્યાનની વિગતો ગાંધીજીએ નોંધી છે અને જાહેર છે.

વલ્લભભાઈ પટેલની આ પ્રવાસ દરમ્યાન કેવી ભૂમિકા રહી, તેમણે શા કાર્યો કર્યાં તે નોંધવાનો અહીં ઉપક્રમ છે. ગાંધીજી ભુજ રોકાણ દરમ્યાન શહેરના અંત્યજવાસમાં સભા યોજવામાં આવી હતી. એ સભામાં હાથ રેટિંયાથી કાંતેલી સૂતરની આંટી વડે એક આગેવાને સ્વાગત કર્યુ ત્યારે વલ્લભભાઈની ચકોર નજરે એ હાથવણાટને પારખીને એ સૂતરની આંટી ક્યાં કાંતવામાં આવી છે તેની તપાસ કરી એ વણકરની પ્રશંસા કરી હતી અને ગાંધીજીનાં કચ્છ આગમન પહેલાં જ કચ્છમાં આ રીતે રેંટિયા ચાલુ થઈ ગયા હતા તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

ગાંધીજી ભુજની નાગરવંડીની સભા વખતે થયેલા છુતાછુતના દર્શન અંગે મુંબઈના અખબારોમાં પ્રગટ થયેલા રંગદર્શી અને ભેળસેળવાળા અહેવાલો જોઈ વલ્લભભાઈએ સખત નારાજગી વ્યક્ત કરી હતી અને યાત્રામાં સાથે રહેલા મુંબઈના અખબારી

પ્રતિનિધિઓને બોલાવી પોતાની નારાજગી જણાવી અને હવે પછીના તમામ અહેવાલો મહાદેવભાઈ દેસાઈને વંચાવ્યા પછી જ મોકલવા તાકીદ કરી હતી. આ રીતે તેમનામાં રહેલા એક કુશળ વહીવટકર્તાના ગુણના દર્શન કરાવ્યાં હતા.

ગાંધીજી પ્રવાસ દરમ્યાન એક વાત એવી વહેતી થઈ હતી કે, મુંબઈવાસી કચ્છી આગેવાનોએ સ્થાનિક આગેવાનો તથા કાર્યકરોના કાને એવી વાત સમજાવી દીધી હતી કે, ગાંધીજી લોકફાળો કરી કચ્છનો પૈસો બહાર લઈ જશે, આથી કચ્છનો પૈસો કચ્છમાં જ રહે તે માટે બહુ મોટું ભંડોળ ન આપવા લોકોને સમજાવાયા હતા અને આ માટે કચ્છમાં ઠેર ઠેર પત્રો પણ લખ્યા હતા.

આ વાતની ગંધ વલ્લભભાઈને ભુજમાં જ મુંબઈના પત્રકારો સાથેની વાતમાં આવી ગઈ હતી, પરંતુ તે હકીકત કોઠારામાં સામે આવતાં તેઓ અત્યંત ક્રોધિત થયા હતા, પરંતુ ગાંધીજીએ શીખવેલા સંયમ અને વિવેક વડે પોતાના રોષના ઝેરને પી ગયા હતા અને મૌન કેળવ્યું હતું. પ્રભુલાલભાઈ નોંધે છે કે આ ઘટના વલ્લભભાઈમાં રહેલા કુશળ રાજનીતિજ્ઞની લાક્ષણિકતાનાં દર્શન કરાવે છે. લોકોની આ માનસિક્તાથી તેમને અતિ દુઃખ થયું હતું.

ગાંધીજીના કચ્છ પ્રવાસમાં વલ્લભભાઈ સાથે હતા, એ કચ્છની સ્થાનિક સ્વાગત સમિતિ માટે એક રાહતરૂપ હતું. એમને દોરવણી, સૂચના અને સલાહએ સ્વાગત સમિતિની અનેક મૂંઝવણો દૂર કરી દીધી હોવાનું નોંધતા પ્રભુલાલભાઈ જણાવે છે કે, કુશળ લોકનેતા અને વહીવટકર્તાના તમામ ગુણોનાં તેમનામાં દર્શન કર્યા હતાં. ક્યા કાર્યકરે ગાંધીજી સાથે ક્યાં સુધી જવું. કોણે સતત પ્રવાસમાં તેમની સાથે રહેવું વગેરેની સૂચના વલ્લભભાઈ જ સ્થાનિક નેતાઓને આપતા. આથી કેટલાય પ્રશ્નો આપોઆપ ઉકલી જતા હતા.

વલ્લભભાઈ જાહેરસભામાં ક્યારેય બોલ્યા નથી, પરંતુ પ્રવાસ દરમ્યાન યાત્રિકો સાથે તથા તેમને મળતા જનતાના લોકો સાથે મર્માળા, વેધક અને હાસ્ય વિનોદ સાથેના વાર્તાલાપ મુસાફરીનો થાક ઉતારી નાખતા હતા.

દરેક વખતે વાતાવરણમાં રહેલી ગંભીરતાને પોતાની આગવી લાક્ષણિક રમૂજથી ઓગાળી વાતાવરણને હળવું બનાવી નાખતા હતા. આમાં તેમની કાર્યકરોને કઈ રીતે સાથે રાખવા અને તેમને કઈ રીતે સતત થાક વગર કાર્ય કરતા રાખવા, છતાં તેમને આનંદમાં રાખવાના એક કુશળ રાજનેતાના ગુણોનાં દર્શન થાય છે.

ભુજની નાગરવંડીની ઘટના પછી કચ્છ નાગર સમાજના આગેવાનો કાંતિપ્રસાદ અંતાણી, પ્રભુલાલ ધોળકિયા, દોલતરામ ધોળકિયા તથા ગુલાબશંકર ધોળકિયા ભુજની નાગર જ્ઞાતિએ નાતબહાર કર્યા હતા. આ સમાચાર વલ્લભભાઈને મળતાં તેઓ આનંદિત આપ્યા હતાં. આ હકીકતની ગાંધીજીને જાણ પણ વલ્લભભાઈએ જ કરી હતી.

ગાંધીજીના પ્રવાસ દરમ્યાન કાર્યકરોનો જમાવડો એકઠો થઈ ગયો હતો. કચ્છના ગામેગામથી કાર્યકરો પ્રવાસમાં જોડાઈ રહ્યા હતા. આથી આયોજકોની ઉતારા, ભોજન વગેરેની મુશ્કેલી પારખી જતાં વલ્લભભાઈએ ખાસ કાળજીપૂર્વક કાર્યકર નારાજ કે નિરાશ ન થાય એ રીતે કાર્યકરોને સાચવી લઈ અને માર્મિક ટકોર કરી હતી કે, આપણે બાપુની જાનમાં નથી આવ્યા. તમે સૌ તમારા ગામમાં જઈ બાપુના કાર્યનો પ્રચાર કરો. એ કાર્ય પ્રવાસમાં જોડાવા કરતાંય અગત્યનું છે.

વલ્લભભાઈએ આખાય પ્રવાસ દરમ્યાન માત્ર માંડવીમાં પ્રવચન કર્યું હોવાનું પ્રભુલાલભાઈ કહે છે. તેઓ નોંધે છે એ મુજબ માંડવીના પ્રવાસ દરમ્યાન ભાટિયા સમાજની વાડીમાં બનેલ ઘટના પછી માંડવીની બીજી સભામાં એમણે લોકોની વૃત્તિ પર રીતસરના ચાબખા માર્યા હતા અને જણાવ્યું હતું કે માંડવીની ઘટનાએ ત્રણ વ્યક્તિઓનાં અપમાન કર્યા છે. એક અંત્યજોનું, બીજું ગાંધીજીનું તથા ત્રીજું લોકોનું પોતાનું. સરદારની આ ચોટદાર વાણીથી માંડવીનો ગણતરીબાજ અને વ્યવહારૂ ધનિકવર્ગ રીતસર ભોંઠો પડી ગયો હતો.

**હસ્તકલા કારીગરોના સવાલો સાંભળ્યા :** માંડવી પ્રવાસ દરમ્યાન જ માંડવીના મશરૂકામના હસ્ત કલાકારો પોતાની સમસ્યા લઈને આવ્યા હતા.

તેને વલ્લભભાઈએ ખુબજ શાંતિથી સાંભળ્યા. આ કારીગરોની સમસ્યાએ હતી કે, સામાન્ય રીતે માંડવી બંદરે બંધાતાં વહાણોના સઢ બનાવવા માટે એ વણકરોએ વણેલું કાપડ અત્યાર સુધી વાપરવામાં આવતું હતું. પરંતુ કેટલાક સમયથી જાપાન અને યુરોપિયન દેશોમાંથી આયાત કરાયેલું કાપડ વાપરવામા આવે છે. પરિણામે તેમનો આ હાથવણાટ ઉદ્યોગ બંધ થવાની એરણે છે. વલ્લભભાઈએ આ કારીગરોની સમસ્યા જાણી તેને યોગ્ય કરવા ખાતરી આપી, કારીગરોને સંતુષ્ટ હર્યા હતા.

૩૧ ઓક્ટોબર વલ્લભભાઈનો જન્મદિવસ અને એ દિવસે સૌ માંડવીમાં હતા. સૌ કાર્યકરોએ જન્મદિવસ ઊજવ્યો, વલ્લભભાઈએ પણ ગાંધીજીને પ્રણામ કરી દિવસનો આરંભ કર્યો હતો અને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. જીવનની જોખમોને પોતાની હાસ્યશૈલીમાં રજૂ કરી સૌને હાસ્યરસમાં તરબોળ કરી આનંદિત કર્યા હતા.

**અંજારમાં રચનાત્મક કાર્યકરોને સંબોધ્યા :** ગાંધીના પ્રવાસનો અંતિમ પડાવ અંજાર હતો. અંજાર ખાતે વલ્લભભાઈએ રચનાત્મક કાર્યકરોના એક મિલનને સંબોધ્યું હતું. મિલન દરમ્યાન તેમણે કાર્યકરો સાથે કચ્છના પ્રશ્નોની ચર્ચા કરી હતી, કચ્છની તે સમયની રાજકીય ગતિવિધિની ચર્ચા કરી સૌ કાર્યકારોને દિલથી કામ કરવા શીખ આપતાં તેમણે લોકજીવનનો ઊંડો અભ્યાસ કરી, પોતાની જાતને અને સંઘશક્તિને વધારવાની સલાહ આપી હતી. રાજકીય પ્રવૃત્તિના સંદર્ભમાં તેમણે દરેક કાર્યકરને રાજકોટ, ભાવનગરનાં દેશી રાજ્યોમાં ચાલતી જાહેર પ્રવૃત્તિનો દાખલો આપી સંગઠન મજબૂત કરવાની સલાહ આપી હતી. તેમની આ અનુભવવાણીથી કાર્યકરોને નવી દિશા આપી એક કુશળ રાજનેતાનું પણ તેમણે ઉદાહરણ પુરૂં પાડ્યું હતું.

**મોના જાદુગરથી પ્રભાવિત થયા :** ગાંધીજીના ભુજ ખાતેની પ્રથમ દિવસના પ્રવાસ દરમ્યાન બનેલી ઘટનાથી ગાંધીજીનાં મનમાં ઉત્પન્ન થયેલો ઉદ્વેગ શાંત કરવાના તથા મન પ્રફુલ્લિત કરવાના હેતુથી એ સમયે કચ્છમાં જાણીતા મોના જાદુગરને બોલાવી તેનાં કરતબ ગાંધીજીને બતાવવાનું કંદોઈ વેલજી કાળા તથા કાંતિપ્રસાદ અંતાણીએ નક્કી કર્યું આ માટે વલ્લભભાઈએ આવી બાબતોમાં સમય વેડફવામાં ગાંધીજીને અવકાશ નથી. અને આ મોનો જાદુગર શું મોથ મારવાનો ? બાપુને માંડ અડ્ધો કલાક આરામ મળે તે આમ વેડફી દેવો પોષાય નહીં. એમ કહી આ દરખાસ્ત પર ચોકડી મારી દીધી, પણ કાર્યકરો અડગ હતા. તેઓ સીધા ગાંધીજી પાસે જઈને મોનાનો કાર્યક્રમ નક્કી કરી આવ્યા. એ સમયે આરંભમાં તો વલ્લભભાઈએ બહુ રસ ન દાખવ્યો, મોનાના દીદાર જોઈ અમૃતલાલ માસ્તર પાસે પોતાનો રોષ પણ ઠાલવ્યો, પરંતુ જેમ જેમ મોના પોતાનાં કરતબ બતાવતો ગયો અને મોનાની દેશભક્તિ અને વતન પરસ્તી જોઈ વલ્લભભાઈના માથે જે ભાવ હતા તે હટી ગયા અને માનભરી નજરે મોનાને જોવા લાગ્યા હતા. જો કે, આ ઘટના પ્રભુલાલભાઈએ પોતાની નોંધમાં નથી લખી, પણ કચ્છના જાણીતા બુઝુર્ગ ઈતિહાસકાર, સાહિત્યકાર ઉમિયાશંકરભાઈ અજાણીએ પોતાની પુસ્તક મોનો ખેલાડીમાં આલેખી છે. આ ઘટના સમયે કાંતિપ્રસાદભાઈ અંતાણી, પ્રભુલાલભાઈ ધોળકિયા વગેરે હાજર હોવાનું ઉમિયાશંકરભાઈ નોંધે છે અને તેમના પુસ્તક પ્રકાશન સમયે પણ આ બન્ને મહાનુભાવ હયાત હતા અને તેમણે આ ઘટનાનું ખંડન પણ નથી કર્યું એ સૂચક છે. આમ, ગાંધીજીના કચ્છ પ્રવાસ દરમ્યાન વલ્લભભાઈ પટેલ સક્રિય રહ્યા હતા અને પોતાના તમામ ગુણોની અમીટ અને શાશ્વત છાપ મૂક્તા ગયા છે.

Pick up & Drop

**CHERIAN** (ESTD. 1962)

Motor Driving School

5-9-108/109, H.A. Plaza Cellar, P.G. Road,
Nampally, Metro Piller No. A1264, Hyderabad.
Cell : 98495 84518, 80084 55467

ADVT 03/22

# કચ્છી વહાણવટી કાનજી માલમ

ડૉ. મિહિર એમ. વોરા
ભુજ - કચ્છ



કચ્છી વહાણવટી કાનજી માલમ ની વાતો વિશે બહુ જાણવા મળ્યુ નથી ગુજરાત ના વહાણવટીઓ ના ઇતિહાશ માં કાનજી માલમ નું નામ મોટું છે પણ તેના વિશે બહુ ઓછું સંશોધન થયું છે, વધારે સંશોધન કરવાની જરુર છે. કચ્છના અને ગુજરાતના અનેક ઇતિહાશકારો અને લેખકોએ આના વિશે લખ્યું છે પણ તેમાં અમુક વાત નો ઉમેરો કરવો જરૂરી છે અહીં મેં માહિતી ઉમેરવાની કોશિશ કરી છે વિવિધ સંધર્ભો નો ઉપયોગ કરીને જેની નોંધ લેવા વિનંતી છે આવો, જાણીએ અને માણીએ કાનજી માલમ વિશે મેં માત્ર માહિતી આપવાનો પ્રયાશ કર્યો છે કદાચ ગુણવંત આચાર્ય ની દરિયા ની નવલકથાઓ માં આનો ઉલ્લેખ છે તેવું લાગે છે. જગડુશાહ (ઈ.સ. ૧૨૧૦-૧૨૭૫) અને કાનજી માલમ (ઇ.સ. ૧૪૪૨-૧૫૧૬) જેવા કચ્છી વેપારીઓ અને વહાણવટીઓનાં વૃત્તાંતો બતાવે છે કે તેમણે માત્ર કચ્છની જ નહીં, ગુજરાત અને સમગ્ર ભારતવર્ષની અસ્મિતાને વિશ્વભરમાં દ્રષ્ટિગોચર કરી હતી.

૧૮મા સૈકામાં થઈ ગયેલા દાદા મેકરણ નામના સંતે કચ્છી કાવ્ય દ્વારા કચ્છની અસ્મિતા આબેહૂબ રીતે વ્યક્ત કરી છે : ‘‘ઊંડા ઊંડા સાંયર બંબજલ ભરેઆ, તેમાં મચ્છ વસે બહુ મોટા,વહાણને વીશ રખે ખરાબે, ચડાવો, માલમ થશે સર્વે ખોટા. કેના કેના બેડલાં પેલે તડ પોતા, વણજુ કરી ઘરે વસેલાં,મરજીવા હોઈ મહાસમુદ્રમાં પેઠા, હીરા બોરી વહાણ ભરેલા’’ કાનજી માલમનાં સમકાલિન પોર્ટુગીઝ મુસાફર ડુરાટ બાર્બોસાએ ઇ.સ. ૧૫૧૮માં નોંધ્યું હતું તે મુજબ ગુજરાતી અને આરબ વેપારીઓ ગુજરાત ઉપરાંત ઇસ્ફહાન, મસ્કત અને પૂર્વ આફ્રિકામાં ઠેરઠેર ફેલાયા છે અને તેઓ ગુજરાતમાં બનેલા સફેદ બાસ્તા જેવા વસ્ત્રો ધારણ કરે છે.

સંખ્યાબંધ સંસ્કૃત, પ્રાકૃત, અરબી, ફારસી અને ચીની સ્ત્રોતો બતાવે છે કે પ્રાચીન અને મધ્યકાલીન સમયમાં કચ્છી વેપારીઓ અને વહાણવટીઓ કચ્છના જહાજવાડામાં બનેલા વહાણોમાં મીઠુ, અફીણ, ઢાલ, તલવાર, ચપ્પુ, કિનખાબ જાડું કાપડ, ધાબળા, ઢાલ અને પગરખા જેવી ચીજવસ્તુઓને લાદીને દરિયાપારનાં દેશોમાં જતા અને ત્યાંથી ખજુર,હાથીદાંત, ઘઉં, ચોખા, નારીયેળી, સુકો મેવો, રેશમ અને મરીમસાલા કચ્છમાં ઠાલવતા. તેઓ પૂર્વ આફ્રિકામાંથી હાથીદાંતની આયાત કરતા, કચ્છમાં તેમાંથી ચૂડા-જેવી વિવિધ ચીજો બનાવતા અને આફ્રિકા અને અન્ય દેશોમાં વેચતા.

કચ્છીઓની પૂર્વ આફ્રિકામાં વસાહતો હતી. મહમદ બેગડા અને કાનજી માલમનો એક સમકાલિન મલિક અયાઝ હતો. તે મહાન નૌકાધિયન્સ અને દીવનો ગવર્નર હતો. તે સમયે ભરૂચ અને ખંભાત ઉપરાંત કચ્છનાં ભદ્રેશ્વર, કોટેશ્વર, માંડવી અને મુંદ્રા જેવા બંદરોમાં રહેતા વેપારીઓ અગ્નિ એશિયા, પૂર્વ આફ્રિકા, ઇરાન અને અરબસ્તાનનાં આવેલા જાવા, સુમાત્રા, ઝાંઝીબાર, મોમ્બાસા, મલીન્દી, દારેસલામ, મસ્કત અને એડન ર જેવા બંદરો સાથે વેપાર કરતા. તેમાં પણ કચ્છ અને સૌરાષ્ટ્રનાં વહાણવટીઓ ખૂબ કાર્યકુશળ અને અનુભવી ગણાતા. દેશવિદેશમાં તેમનો ડંકો વાગ્યો હતો.

કાનજી ભદ્રેશ્વર બંદરનો મુસ્લિમ ભડાલા (બનતા સુધી ભાટીયા) ઇસ્માઇલી ખોજા) હતો. ખોજાઓ અસલમાં હિંદુ (લોહાણા અને ભાટીયા) હતા. ૧૨મા સૈકામાં ઇસ્માઇલી નિઝારી ઉપદેશકોની અસર હેઠળ તેઓ ઇસ્લામમાં વટલાયા હતા. સદીઓ સુધી એમનાં રીતરિવાજો હિંદુ જેવા હતા. વીરજી, કાનજી, શીવજી, ઇબજી, ધનજી અને રૂપજી જેવા નામો પણ એવાં કે નામો પરથી કોઈ માણસ કળી ન શકે કે તે હિંદુ છે કે મુસલમાન. મુસ્લિમ નાવીકો ભડાલા તરીકે અને હિંદુઓ ખારવા તરીકે ઓળખાતા. કચ્છી નાવિકો તો આવા કૃત્રિમ ભેદભાવ રાખ્યા વગર એક બીજાનું ખાતાપીતા અને દરિયાપીર, આશાપુરા અને સીકોતર માતાને શ્રીફળ વધેરીને તથા પૂજા-આરાધના કરીને વહાણો હંકારતા.

તમામ જાતનાં કચ્છીઓને એક સમાન રીતે સાંકળતી સાંકળ કચ્છી ભાષા અને લિપી હતી.

આજે પણ કચ્છી ભાષા વિશ્વભરમાં ફેલાએલા કચ્છીઓની અસ્મિતાનાં પ્રતિકરૂપ છે.

કાનજી માલમ કચ્છી હતો. તેની માતૃભાષા કચ્છી હતી. ભદ્રેશ્વર અને માંડવી બંદરો પરથી થઈને તે મસ્કત ઉપરાંત મોમ્બાસા, મલીન્દી, મોગાદીસુ, કીલ્વા, ઝાંઝીબાર અને દારેસલામ જેવા બંદરોની સફરે જતો. કચ્છની વહાણવટાની અસ્મિતાનો સૌ પ્રથમ વિશ્વ પ્રસિદ્ધ મશાલચી કાનજી માલમ હતો. એ દરિયાઇ પવનો, વહાણોની દિશા, નકશા, અક્ષાંસ-રેખાંશ અને વહાણવટાનાં ચાર્ટસનો નિષ્ણાત હતો. વાસ્કો-દ-ગામાનું વહાણ તેણે પૂર્વ આફ્રિકાનાં કેનિયાનાં બંદર મલિન્દીથી મલબાર કિનારાનાં કાલિકટ બંદર સુધી હંકાર્યું હતું. એ પોર્ટુગીઝ મુસાફર અને તેનાં કાફલાને આફ્રિકાનાં કેપ ઓફ ગુડ હોપની પ્રદક્ષિણા કરીને કાલિકટ બંદર લઇ આવ્યો હતો.

ત્યાર બાદ ૧૬મા સૈકામાં પોર્ટુગીઝોએ હિંદી મહાસાગર અને રાતા સમુદ્રમાં દરિયાઈ સાર્વભૌમત્વ પ્રાપ્ત કરીને વિશ્વનાં ઇતિહાસને બદલ્યો હતો. જો વાસ્કો-દ-ગામાની જેમ કાનજી માલમને રાજયાશ્રય મળ્યો હોત તો ઇતિહાસ કાંઈ જૂદો જ હોત. ગમે તેમ, પણ વિશ્વનો દરિયાઈ નકશો બદલનાર કચ્છી વહાણવટી કાનજી માલમ હતો. કચ્છી જૈન, ભાટીયા, લોહાણા, ખોજા, વહોરા અને મેમણ વેપારીઓ તે સમયે મસ્કત, રોકોત્રા, એડન, માડાગાસ્કર, કિલ્વા, મલિન્દી અને મોગાદીસુ જેવા બંદરો અને ટાપુઓ સાથે વ્યાપારી ઘરોબો ધરાવતા હતા. ગુજરાતીઓ તો છેક પ્રાચીન કાળથી પૂર્વ આફ્રિકા જતા હતા. તેઓ ત્યાંનાં બંદરોને કાલીય દ્વીપ તરીકે ઓળખતા. ત્યાર બાદ આરબોએ પૂર્વ આફ્રિકામાં પ્રવેશ કર્યો અને ૯મા સૈકામાં તેઓ તેનાં શાસક બની બેઠા. કાનજી માલમ તેની એક સફર વખતે પૂર્વ આફ્રિકાના બંદરોમાં ગયા ત્યારે તેનો શાસક શેખ અહમદ નામનો આરબ હતો. તે સમયે અનેક આરબો ભરૂચ, ભદ્રેશ્વર, ખંભાત, સોમનાથ, ખંભાત અને માંડવી જેવા બંદરોમાં રહીને વેપાર કરતા હતા. આરબ વેપારીઓનું મહત્વ પીછાનીને તો જગડુશાહે ભદ્રેશ્વરમાં અને વસ્તુપાલે ખંભાતમાં મસ્જિદો બાંધી હતી. આમ કાનજી માલમનાં પૂર્વ આફ્રિકા સાથેનો સંબંધ અકસ્માતરૂપ નહોતો. તેની પાછળ ઐતિહાસિક હકીકતો હતી. આવા સંજોગોમાં જ્યારે વાસ્કો-દ-ગામા ૩ પોર્ટુગલનાં લિસ્વન બંદરથી રવાના થઇને તા. ૧૪ એપ્રિલ ૧૪૯૮ના રોજ મલિન્દા બંદર પહોંચ્યો તે સમયે કાનજી માલમ આરબ રાજા શેખ અહમદનો વિશ્વાસુ વહાણવટી હતો. મલિન્દી બંદરનાં આરબ શેખનાં કહેવાથી કાનજી માલમ વાસ્કો-દ-ગામાનાં નૌકા કાફલા સાથે મલિન્દીથી તા. ૨૪ એપ્રિલ ૧૪૯૮ના રોજ ઉપડયો. તે પોતાની પાસે ચતુષ્કોણીય યંત્ર, મેરીનર્સ કંપાસ, આલેખો અને દરિયાઇ નકશાઓ લઇને રવાના થયો હતો. એણે વિશ્વના ઇતિહાસમાં પહેલી વખત દક્ષિણ આફ્રિકામાં આવેલા કેપ ઓફ ગુડ હોપની પ્રદક્ષિણા કરી અને ત્યાંથી તે વહાણ હંકારીને મલબાર કિનારે આવેલા કાલિકટ બંદરમાં તા. ૨૦ મે ૧૪૯૮ના રોજ પહોંચ્યો. કેરાલા રાજ્યમાં આવેલું કાલિકટ બંદરનું નામ હવે કોમીકોડ છે. તે સમયનાં ઝામોરીન રાજાએ કાનજી માલમ અને વાસ્કો-દ-ગામા અને તેનાં પોર્ટુગીઝ કાફલાનાં વહાણવટીઓ અને વેપારીઓને આવકાર્યા. કચ્છી વેપારીઓ તો તેની સદીઓ પહેલાં કચ્છના બંદરોથી ઉપડીને કાલિકટ સુધી પહોંચી જતા પણ વાસ્કો-દ-ગામાને સીધા દરિયાઈ માર્ગ દ્વારા કાલિકટ લાવનાર સૌપ્રથમ કાનજી માલમ હતો. કાનજી યુરોપીયન વહાણવટી વાસ્કો-દ-ગામાના વહાણને કાનજી માલમ મલબાર કિનારે કાલિકટ બંદર લઈ આવ્યો હતો.. એલેકઝાન્ડર બર્ન્સ નામનો અંગ્રેજ તેનાં સમયનાં વીરજી માલમ જેવા વહાણવટીઓનાં પરિચયમાં આવ્યો હતો તેણે ૧૮૩૪માં લખ્યું યુરોપિયનોને એ જાણીને નવાઈ લાગશે કે કાનજી માલમ અને રામસિંહ માલમ જેવા વહાણવટીઓ દરિયાપારનાં દેશોમાં ઘૂમતા હતા.

કચ્છ અને સૌરાષ્ટ્રનાં વહાણવટીઓ ચતુષ્કોણીય યંત્રોનો, આલેખનો (ચાર્ટસ) અને નકશાઓનો ઉપયોગ કરીને તેમનાં વહાણો આજે (૧૮૩૪) પણ હંકારે છે. તેના નમૂનાઓ ઉપલબ્ધ છે. જર્મન જસ્ટુસ સ્ટ્રેન્ડસએ ૧૮૯૯માં લખ્યું હતું વાસ્કો-દ-ગામાનાં વહાણો લિમ્બન બંદરથી મલિન્દી આવ્યાનાં નવ દિવસ બાદ મલિન્દીમાં રહેતા માલમ કાનાકવા (કાનજી માલમ) નામના ભારતીય સુકાનીએ તેનું વહાણ હિંદી મહાસાગરમાં હંકાર્યું હતું. તે સહીસલામત રીતે પોર્ટુગીઝ કાફલાને મલિન્દીથી કાલિકટ લઈ આવ્યો હતો. એફ.બી. પીયર્સ નામના અંગ્રેજે ૧૯૨૦માં લખ્યું : હું ખાતરી પૂર્વક કહું છું કે કચ્છનાં રહેવાસી

કાનજી માલમે મલિન્દી બંદરથી વહાણ હંકાર્યું હતું અને તે હિંદી મહાસાગર તથા કેપ ઓફ ગુડ હોપ ઓળંગતો ઓળંગતો મલબાર કિનારાનાં કાલિકટ બંદરે પહોંચ્યો હતો.

વાસ્કો-દ-ગામાને એણે દરિયાઈ માર્ગ બતાવ્યો હતો. સિંથિયા સલ્વાડોરી નામનાં ઇટાલીયન ઇતિહાસકાર તેમનાં સંશોધન માટે જ્યારે ૧૯૮૯-૯૧માં પૂર્વ આફ્રિકા ગયા ત્યારે તેઓ મોમ્બાસામાં કાનજી માલમના વંશજો યાકુબ અબ્બાસ કાના અને ઇસાક કાનાને મળ્યા ત્યારે તેમણે સિંથિયા સલ્વાડોરીને વંશાવલી તથા નકશાઓ દેખાડયા હતા. તેમણે કહ્યું : અમે કાનજી માલમનાં વંશજો છીએ. દરિયાઇ સફરનું લોહી આજે પણ અમારી નસોમાં વહે છે. અમે વહાણવટી છીએ. અમારા પૂર્વજોની જેમ અમે પણ દરિયાઇ સફર કરતાં પહેલાં દરિયાપીર, સિકોતર અને આશાપુરાની આરાધના કરીએ છીએ. ગુજરાત ના ગણા લોકો આના વિશે નથી જાણતા તેમને માટે આ એક વિશેષ માહિતી સભર લેખ છે તેવું મારું માનવું છે આમ ખરેખર કાનજી માલમ વિશે હજી પણ સંશોધન કરવાની જરૂર છે , યુનિવર્સીટી માં પીએચડી ઈન ઇતિહાસ માં આના વિશે સંશોધન ની જરૂર છે તેવું મારું માનવું છે સંદર્ભ :કચ્છ- (ગુજરાત સમાચાર)- ડો. મકરન્દ મહેતા, વિકીપિડીયા , કચ્છ નો ઇતિહાસ શ્રી ઉમિયા શૅંકર અજાણી, શ્રી નરેશ ભાઈ અંતાણી, શ્રી કીર્તિ ભાઈ ખત્રી , શ્રી હરેશ ભાઈ ધોળકિયા ના વિવિધ લેખો આધારિત માહિતી .

## મારા મનની દિવાળીઓ

**'અજ્ઞાની' મહેન્દ્ર વોરા**
મુંદરા - હૈદરાબાદ



બધાની જિંદગીમાં દિવાળીઓ આવતી અને જતી હશે, તેમ મારી જિંદગીમાં પણ દિવાળીઓ આવી, પણ મનમાં અને જીવનમાં તો અનેક દિવાળીઓ આવી ને યાદોમાં રહી.

આઠ વરસની ઉમરે ભુજ રેડિયો સ્ટેશનમાં ગાવા મળ્યું ત્યારે ઈનામમાં મળેલ એ પાંચ રૂપિયાથી જે ખુશી તઈ , ત્યારે એ નાના મનમાં થયું મારે તો દિવાળી થઈ. દિવાળીની રજાઓમાં ફઈ અને માસી છોકરાઓ સાથે આવતા ત્યારે જાણે આખા ઘર અને ફળીયામાં મહેમાનો ઉભરાતા, ભેટ તરીકે મળતી એ પીપરમેન્ટ અને કાજુ કિસમિસથી ખીસ્સાં ભરતાં અને દોસ્તો સાથે વહેંચીને ખાવામાં જે મજા પડતી જાણે દિવાળી થઈ. તેરમા વરસે ૧૪ શાળાઓની ગીતોની હરિફાઈ થઈ, દેશભક્તિનો ગીત મારા ગ્રુપે ગાઈને દ્વિતિય ઈનામ જીત્યો, ત્યારે જે તાળીઓના ફટાકડા ફુટ્યા જાણે કે દિવાળી થઈ.

સતરમાં વરસે કચ્છ છોડી મદ્રાસ નોકરી માટે પ્રયાણ કર્યો, જીવનની નવી કેડી કંડારી, ઉત્સાહથી કામો કર્યા, શેઠિયાઓની શાબાશી મળીને મારે મન તો દિવાળી થઈ. સમય જતાં હૈદરાબાદ વસ્યો, મહેનત કરી અનુભવ લીધો, પ્રથમ મળેલા પગારમાંથી હોંશથી બા માટે સાડી ખરીદી. માતાની આંખમાં જે મમતા જોઈ એ મારે મન તો દિવાળી થઈ.

ત્રણ વર્ષ પછી પોતીકી દુકાન માંડી ઉમંગ અને કુનેહથી આગળ વધ્યો, નીતિમાં રહી ધંધો વધાર્યો, વડિલોના આશીર્વાદે પ્રગતિ કરતો રહ્યો. પ્રભુતામાં પગલા માંડ્યા, મકાનની ખરીદી એ મારે મન દિવાળી થઈ.

સમાજમાં પણ મોભો મળ્યો, સામાજિક, ધાર્મિક સંસ્થાઓમાં ભાગ લીધો. મહાનુભવોનો સાનિધ્ય મળ્યો, કાર્યક્રમો દ્વારા શીખવાની અનુભૂતિ થઈ. લલિત કલાઓમાં ભાગ લઈને મનને તૃપ્તિ થઈ મારે મન તો દિવાળી થઈ.

નિંયાપોના માધ્યમથી તમારાથી હું સંપર્કમાં રહું છું, તમારા તરફથી મળતી એ લાગણીઓના વહેણમાં તરતો રહું છું. માં શારદાની ઉપાસનાથી કંઈક લખતો રહું છું. બસ મારે મન તો આજ દિવાળી છે.

દિવાળીના દિવસે ભગવાન મહાવીર સ્વામી નિર્વાણ પામી મોક્ષે ગયા ત્યારે દેવલોકમાં એટલા બધા દિપ પ્રગટ્યા કે અમાસની રાતમાં પૂનમથી પણ વિશેષ અજવાળા થયા. બસ મારે મન તો આજ દિવાળી.

# મૃત્યુ પૂર્વની સાફસફાઈ
# ડેથ ક્લિનિંગ

રશ્મિ અશ્વિન સાવલા
ડોંબીવલી - મુંબઈ



સામાન્ય રીતે વ્યક્તિ મૃત્યુ પામે ત્યારપછી જીવનસાથી કે સંતાનો તેની વસ્તુઓ, કપડા, જણસ, દસ્તાવેજો તથા અન્ય તમામ બાબતો કાઢી, જોઈ, વાંચીને તે રાખવી, કોઈને આપવી કે ભંગારમાં કાઢવી તેનો નિર્ણય કરે છે. આ પ્રક્રિયા અત્યંત હૃદય વિદારક હોય છે. જનાર તો જતું રહે છે પણ તેની વસ્તુઓ સાથે જોડાયેલી સ્મૃતિઓ તેને નિકાલ કરવા બેઠેલી વ્યક્તિને દુઃખી કરે છે. આવું ન થાય તે માટે દરેક પંચાવન વર્ષની વય બાદ મૃત્યુ પૂર્વેની સાફસફાઈ શરૂ કરવી જોઈએ. પંચાવન સાઠ વર્ષની વય બાદ જીવ્યા એટલું તો જીવવાનું હોતું નથી. ગમે ત્યારે તેડું આવે અને ઉપડી જવાનું હોય છે. આથી આપણો સામાન તૈયાર રાખવો જરૂરી છે. દરેક પોતાની મેળે જ પોતાની વસ્તુઓ તથા મનની સાફસફાઈ કરી નાખવી અને ભૂતકાળમાં જમા કરેલો સામાન કાઢી હળવા થઈ જવું.

સૌથી પહેલાં કપડાં, એસેસરીઝ, સ્મૃતિચિન્હો, કલાકૃતિઓ, ભેટ અને યાદગીરીઓ જેવી વસ્તુઓમાંથી જે ન જોઈતી હોય તે કાઢી નાખવી. યાદ રાખો તમે વૃદ્ધ થઈ જશો પછી દુનિયા પાસે તમારા માટે સમય કે જગ્યા નથી. પરિવાર પાસે પણ આપણા માટે સમય નહીં હોય કેમ કે તેમણે પોતાનું જીવન જીવવાનું હોય છે.

તો પછી મૃત્યુ બાદ આપણી વસ્તુનો નિકાલ કરવાનો ભાર બીજા પર શા માટે નાખી જવો ? આના કરતાં આપણું શરીર સ્વસ્થ હોય ત્યારે દર થોડા સમયે વ્યવસ્થિત રીતે આપણે જ આપણી વધારાની વસ્તુઓ પાત્ર વ્યક્તિઓને આપવી જેને તે મેળવવાનો આનંદ હોય અને તે તેનો સદુપયોગ કરે. વસ્તુઓ કાઢતી વખતે મક્કમ અને એકાગ્ર રહો.

પોતાની જરૂરિયાત અનુસાર સમયની ગોઠવણી કરીને વ્યવસ્થિત રીતે સાફસફાઈનું કામ કરવું.

પોતાને ગમતી વસ્તુઓ કાઢતી વખતે લાગણીશીલ કે સંવેદનશીલ ન બનવું વ્યવહારૂ બનવું. દર અઠવાડિયે, મહિને અને વર્ષથી થોડું ડેથ ક્લિનિંગ કરતાં રહેવું.

નવી વસ્તુઓ અધિક માત્રામાં કે પૈસા હોવાને લીધે ખરીદવાની બંધ કરવી.

તમારી મૂડી કે બચત સાચવી રાખવી અને મરણોપરાંત તે કોને મળે તે માટે વસિયત તૈયાર કરવી. પરંતુ તમારી યાદોનો ખજાનો રાખવો કેમ કે તે તમારી સાથે જન્મજન્માંતર સુધી રહે છે. જાણે-અજાણે કોઈનું દિલ દુભાયું હોય તો માફી માગી લેવી અને મન પરનો બોજ હળવો કરવો.

જેમણે મદદ કરી હોય તે બધાને આભાર માનવો. કોઈપણ પ્રકારની ગ્રંથિ મનમાં ન રાખવી. જેથી જ્યારે જવાનું આવે ત્યારે શાંતિપૂર્વક કોઈપણ પ્રકારના કર્મના ભાર વગર જવાય.

માત્ર સારી સ્મૃતિઓ અને સ્થિર મન લઈને જવું. જેટલો ઓછો સામાન એટલી પ્રવાસની વધુ મજા આવશે.



# જિંદગી જીવવાની એક કળા

ચંદન હરીશ હરિયા
હમલા મંજલ - હૈદરાબાદ



**સ્કિલ તથા પર્સનાલિટી ડેવલપમેન્ટ સમિતિ તરફથી દર મહિને વિષય સંબંધિત લેખો આમંત્રિત કરવામાં આવે છે અને એમાંથી શ્રેષ્ઠ લેખને પારિતોષિક આપી નિંચાપોમાં સ્થાન આપવામાં આવે છે. આ મહિનાનો પારિતોષિક પ્રાપ્ત લેખ**

જિંદગી જિંદાદિલી કા નામ હૈ,
મૂર્દા દિલ ક્યા ખાક જીતે હૈ.

દોસ્તો, માણસ ગમે તેટલો હોશિયાર અને જ્ઞાની હોય પણ એની વિચારસરણીમાં સકારત્મક્તા અને કાર્યમાં ઉત્સાહ ન હોય, આ માટે કરવું જ છે, એવો જૂસ્સો ન હોય એને ક્યારેય ધારી સફળતા મળતી નથી.

અહીં એક કિસ્સો રજૂ કરું છું જેથી એક નાનકડો હકારાત્મક અભિગમ જીવનમાં કેવી રીતે બદલાવ લાવી શકે છે તેનો ખ્યાલ આવશે.

એક નવ વર્ષના બાળક સાથે શાળામાંથી એક પત્ર મોકલવામાં આવ્યો જે એની માતાએ જ વાંચી સંભળાવવો એવું આગ્રહ રાખવામાં આવ્યો. માતા પત્ર વાંચે છે જેમાં લખ્યું હોય છે કે તમારો દીકરો ખૂબજ હોશિયાર અને તેજસ્વી વિધ્યાર્થી છે. અને અમારી શાળામાં એને ભણાવી શકે એવા શિક્ષકો નથી. માતા ઉમેરે છે કે હવેથી એ જાતે જ પોતાના દીકરાને ભણાવશે.

માતા પોતાની બધી શક્તિ કામે લગાડી પુત્રને ભણાવે છે જે મોટો થઈને મહાન વૈજ્ઞાનિક બને છે અને આપણા બધાના જીવનમાં જે ઊજાસ છે એ એમને આભારી છે.

અમુક વર્ષો પછી એમના માતા મૃત્યુ પામે છે અને એ શાળાનો પત્ર દીકરાના હાથમાં આવે છે. જે વાંચ્યા પછી એમના હાથમાંથી પત્ર પડી જાય છે અને આંખોમાંથી આંસુ સરી જાય છે. એમાં લખ્યું હોય છે કે તમારો છોકરો મંદબુદ્ધિ છે અને એને શાળામાંથી રદબાતલ કરવામાં આવે છે

આ મહાન વૈજ્ઞાનિક એટલે થૉમસ આલ્વા એડિસન જેમણે બલ્બની શોધ કરી હતી. અહીં એમને ખ્યાલ આવે છે કે એમની માતાએ જે સમયે હકારાત્મક વલણ દાખવ્યું હતું અને જે જુસ્સાથી એમને ભણાવ્યું એના લીધે જ એ આજે મહાન વૈજ્ઞાનિક બનવા પામ્યા છે.

સફળ જીવનનું તાત્પર્ય જ સકારાત્મક્તા અને ઉત્સાહ છે જીવનમાં ડગલે ને પગલે મુસીબતો આવે છે પણ હકારાત્મક વલણ જ દરેક મુસીબત સામે લડવાની શક્તિ આપે છે.

સકારાત્મક અભિગમ માટે કોઈ મૂડી ખર્ચવાની જરૂરત નથી ફક્ત વિચારસરણી બદલવાની જરૂર છે. નિરાશા છોડી આશાવાદી બનો પોતાના મનને પોઝીટીવ બનાવો પછી જુઓ તમારા કાર્ય કેવા સરળ અને સફળ બને છે.

ડેલ કાર્નેગીએ એક બહુ સરસ વાત કરી છે કે નકારાત્મક વાતની શરૂઆત પણ હકારાત્મક રીતે થવી જોઈએ. નકાર રસ્તા બંધ કરે છે જ્યારે હકાર રસ્તા ખોલી આપે છે. નકાર આત્મવિશ્વાસને હણી લે છે જ્યારે હકાર આત્મવિશ્વાસનો ગુણાકાર કરે છે. સવાલ માત્ર અને માત્ર દ્રષ્ટિનો જ છે. સકારત્મક વિચારવાદી વ્યક્તિ પોતાની ચારે તરફ સકારાત્મક વાતાવરણનું નિર્માણ કરવામાં સહાયક બને છે.

જો તમે તમારા જીવનમાં ઉત્સાહને ટકાવી રાખશો તો એ તમને ગમે તેવા કપરા સંજોગોમાં પણ ટકાવી રાખશે. સમસ્યાઓ આવે તો હતાશ થયા વગર હકારાત્મકતા અને ઉત્સાહ સાથે તેનો મુકાબલો કરજો અને આ અભિગમને જિંદગીમાં એવી રીતે વણી લેજો કે એ તમારી જીવનશૈલી બની જાય. હકારાત્મક વલણ જ સુખ અને સફળતાનો રાજમાર્ગ છે.

જિંદગી અણમોલ છે તેને ખુશમિજાજથી અવનવા રંગો ભરીને જીવવાની અને માણવાની છે.

ક્ષણ ક્ષણ માણતા આવડે છે અમને
બીઝીમાંથી ઈઝી થા આવડે છે અમને
બસ આ સૂત્ર જીવનમાં અપનાવી લેશુ નો ફિર ક્યા.

# પરિવાર ઉત્કર્ષ

**રશ્મિ રાજેશ લોડાયા**
નલીયા - હૈદરાબાદ



વર્તમાનમાં અનેકો પરિવાર કલેશ કલહ, મનમોટાવ અને વિઘઠનના સંતાપથી ત્રસ્ત છે.

લાગણી, પ્રેમ, આત્મીયતા, સહકાર, સમર્પણ, સહનશીલતા જેવા જીવનમૂલ્યો રોજબરોજ શૂન્ય થતા જઈ રહ્યા છે.

''સપ્તેષુ મૈગી, મિત્તી મે સવ્વભૂણેસુ, વસુદૈવ કુટુમ્બકમ'' જેવા પ્રેરક વાક્યો, નારાઓ આજે ભૂંસાતા જાય છે. ત્યારે હૃદયને પીડાનો અનુભવન થાય છે જો માણસ પોતાના પ્રત્યે જાગરૂક અને બીજાના દ્રષ્ટિકોણથી પરિચિત હોય અને દરેક વ્યવહાર સોચી સમજીને કરે તો ટકરાવ અને ખટપટની સ્થિતિ ઉભી જ ન થાય.

પરિવારના ઉત્કર્ષ માટે ભૂમિકા ભજવનાર મુખ્ય મુદ્દાઓ વિશે સંક્ષેપમાં જાણવાનો પ્રયત્નો પ્રયત્ન કરશું.

પ્રથમ મુદ્દો - સમતા : આના અંતર્ગત સમભાવ, સહનશીલતા, ધૈર્ય, ક્ષમા, તિતિક્ષા આદિ સદ્ગુણોનો સમાવિષ્ટ થઈ જાય છે પરિવારમાં ભિન્ન ભિન્ન સ્વભાવવાળા વ્યક્તિઓ હોય છે. સહનશીલ વ્યક્તિ સારા નરસા, બધા વ્યવહારને પચાવી જાણે છે સમભાવપૂર્ણ વ્યવહાર અને નિષ્પક્ષ રવૈયાથી આપસી પ્રેમ પ્રગઢ અને સ્થાયી બને છે. માનવ માત્ર ભૂલને પાત્ર ને પોતાનું જીવન મંત્ર બનાવનાર, પરિસ્થિતિને શાંતિથી સંભાળી શકે છે.

બીજો મુદ્દો - વાણી સંયમ : કટુ, કર્કશ વ્યંગ્યાત્મક અને અસત્ય વાણીથી કલહની જડ સિંચિત થાય છે ત્યારે સામે હિત, મિત, મધુર વચનોનું પ્રયોગ કરી કુલીનતા અને શાલીનતાનું પરિચય આપવું જોઈએ મુદ્રભાષી, મિતભાષી, અલ્પભાષી બધાનું મન જીતી લે છે સમગ્ર પરિવારના હિત માટે.

ત્રીજી મુદ્દાની વાત છે બધાની પ્રગતિ, બધાની સમૃદ્ધિ : તેમાં પ્રસન્ન થવું સહાયક થવું ક્યારે પણ મત્સર (ઈર્ષા) ભાવના રાખવો. ત્યારેજ સુખસમૃદ્ધિ પોતાનું ડેરૂ જમાવે છે.

આ સાથેજ મહત્વપૂર્ણ છે ધાર્મિક અને આધ્યાત્મિક વાતાવરણ - આધ્યાત્મિક સાધનાઓ, વ્યક્તિને બ્રાહ્ય અને આંતરિક બન્ને રીતે સુદ્રઢ બનાવે છે અને વાતાવરણને સકારાત્મક બનાવીને પૂરા કુટુંબને એક સૂત્રમાં બાંધી રાખવામાં મહત્વનું ભાગ ભજવે છે. સમસ્ત અનુકુળ અને પ્રતિકુળ પરિસ્થિતિઓમાં પણ ચિત્તનું સંતુલન, અખિજાતા અહલાદક ભાવ બધુ ટકી શકે છે વિવેક જીવનમાં ડગલે ને પગલે જરૂરી છે.

પરિવારમાં વડિલો પ્રત્યે સન્માન સમવયસ્ક સાથે મૈત્રી અને નાનાઓ સાથે સ્નેહભર્યું વ્યવહાર અપેક્ષિત છે. જે પરિવારમાં સભયોની વચ્ચે પારંપરિક સામંજસ્ય, સમન્વય, સહકાર હોય છે તે કુટુંબના સભ્યો વધારે વ્યવહાર કુશળ, પોતાના ક્ષેત્રમાં નિપુણ અને અગ્રણી હોય છે. એમનું પરિવારરૂપી ઉપવન સદૈવ મહેકતું હોય છે. તો આવી આપણે પણ આવા ગુણોનું વૈભવ ખિલવીને આપણાં જીવન ઉપવનને મહેકતું કરીએ.

**इन्सान भी कमाल है,**
ड्रामे मे लोगों का दुख दर्द देखकर रो पडता है
और हकीकत मे लोगो के दुख दर्द को
ड्रामा समझता है ।

20 Days Medicine only Rs. 499/-

**AYURVEDIC (WEIGHT-LOSS) MEDICINE**
Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.
• AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 499/-
• AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 499/-
• VIDEO TO DVD CONVERSION
Ph : 9395347264, 9392418463, 040-27564183

ADVT 12/21

# અંતિમયાત્રાનો અંત નજીક છે ?

પંકજ વલ્લભજી સાવલા
નવાવાસ - હૈદરાબાદ



આજકાલ સ્મશાનમાં માંડ પચીસ-ત્રીસ લોકો આવે છે, અને એમાં અડધો અડધ લોકો નનામી ઉપાડી શકે એમ નથી હોતા એટલે જે દસ બાર લોકો હોય છે એ નનામી ઉપાડે છે. શબવાહિનીને છેક ઝાંપા સુધી લાવવી પડે છે .

લૌકિક વ્યહવાર બંધ થયા અને હવે તો સ્મશાન જવામાં પણ આળસ ચડે છે.. જયારે ફોન કરે છે કોઈ, કે ભાઈ ફલાણાના ફાધર કે મધર ગુજરી ગયા છે અને સવારે આઠ વાગ્યે કાઢી જવાના છે ત્યારે ફોન ઉપાડનારો પૂછે છે, બેસણું ક્યારનું રાખ્યું છે ? સવારે આઠ વાગ્યે કાઢી જવાના હોય તો પોણા આઠ વાગ્યે થોડાઘણાં લોકો ભેગા થાય છે, અને જેવા શબવાહિનીમાં મૃતદેહને મૂકે અને સ્વજન હાથ જોડે એટલે અડધી પબ્લિક ગાયબ, અને સ્મશાનમાં ઇલેક્ટ્રિક ભઠ્ઠીમાં મૂક્યા પછી બીજી અડધી અને છેલ્લે અસ્થિ લેતી વખતે તો માંડ પાંચ સાત જણા ઉભા હોય છે.

સ્મશાનેથી ઘેર આવી અને કોગળા કરી મોઢું ધોઈ ને પછી ઘરમાં જુવો તો પાંચ સાત જણા માંડ બચ્યા હોય, કોણ જમાડે એમને ? કોણ આખી રાતના ઉજાગરાવાળાને અને સ્વજનને ગુમાવ્યાના આઘાતમાંથી બહાર લાવે ? આ નવી ગોઠવાઈ રહેલી સમાજ વ્યવસ્થામાં હવે નામશેષઃ થતી જાય છે. કોઈના સ્વજનના મૃત્યુની ક્ષણો સાચવવી એવી ભાવના આજે વીસ વીસ વર્ષના સબંધો હોય, ભલેને ધંધાકીય સબંધ હોય તો પણ જનતાને આભડવા જવું તો દૂર રહ્યું બેસણામાં જતાં જોર આવે છે. હા, બહુ મોટો માણસ હોય અને એની આંખની ઓળખાણ હોયતો ફટાફટ દોડી જાય કેમ કે ત્યાં હાજરી ગણાવાની છે અને સ્ટેટસ વધવાનું છે.

આજે મૃત્યુ અને એના પછીની વિધિ, એમાં કોણ આવશે, કેટલા હાજર રહેશે એનો બહુ મોટો આધાર મૃતકના સંતાનની સફળતા ઉપર રહેલો છે.

મૃત્યુ એ ઘણા લોકો માટે શક્તિ પ્રદર્શન છે, પણ ઘણાં બધા માટે, ખાસ કરીને મધ્યમ વર્ગના માણસો માટે ખરેખર હૂંફ લાગણી સાથે જોડાયેલો મામલો છે અને માણસને માણસની હૂંફની જરૂર હોય છે, મને ઘણાં અનુભવ છે, વર્ષોના વર્ષો મળ્યા ના હોઈએ અને ક્યારેક આવા પ્રસંગે ગયા હોઈએ ત્યારે ખભે માથું મુકીને મૃતકની દીકરી કે દીકરો રડી પડે છે.

ક્યારેક ખાલી હાથ પકડીને ઉભા રહે ફક્ત બે પાંચ મિનીટની આંખોથી થતી વાત, અરે ! ખાલી આપણી હાજરી કલેજાને ઠંડક આપે અને એ દુઃખની ઘડી કાપવામાં મોટો ફાળો આપી જાય છે. RIP / OM SHANTI ના સંદેશા ફેસબુક અને વોટ્સએપ પર આવે છે એટલા લોકો બેસણામાં નથી આવતા. એકવાર પાછું વળીને વિચારવાની જરૂર છે પચાસથી ઉપરની ઉમરના તો ગમે તેમ કરીને જઈ આવે છે, જે દિવસે મરણનો વ્યવહાર તૂટશે એ દિવસ પછી સમાજને તૂટતો કોઈ નહીં બચાવી શકે.

લગનમાં તો નાચનારા ભાડે લાવ્યા હવે નનામી ઊંચકવા પણ ભાડે માણસો લાવશો ? તમે પણ વિચારજો ૧૮ વર્ષથી મોટા દીકરા દીકરીને લઈને ક્યારે બેસણા કે સ્મશાને ગયા છો ? નથી લઇ જઈને ભૂલ તો નથી કરતાને ? આ બદલતી સમાજ વ્યવસ્થાનું આબેહૂબ કડવું પ્રતિબિંબ છે.

હૈદરાબાદના શ્રી કચ્છી મિત્ર મંડળ ના સભ્યો, આપશ્રીને મુંબઇમાં એલ.આઇ.સી. પોલીસી (LIC Policy) બાબતે, કોઇપણ પ્રકારની સેવા જોઇતી હોયતો વિના સંકોચે સંપર્ક કરવા વિનંતી :

રોહિત ગાલા - દેશલપુર (કંઠી) : ૦૯૮૨૧૫૬૯૯૯૬, ૦૨૨-૩૫૫૯૮૪૮૫
PH : 09821569996, 022-35598485, email : rgala67@gmail.com

ADVT 03/22

# ખારી માની, અંતિમયાત્રા અને કર્મવીરો

વસંત ઉમરશી વોરા
પરેલ - મુંબઈ



ખારી માની એટલે સ્મશાનયાત્રામાંથી પાછા ફરેલા નજીકના સ્નેહીજનો ડાઘુઓ માટેનું સાદું ભોજન. સામાન્ય રીતે જે ઘરમાં મૃત્યુ થયું હોય ત્યાં રાંધ્યા ધાન રઝળી પડ્યા હોય. કોઈને ખાવાનું મન તો ન જ હોય, પણ નિકટના સ્વજનો આગ્રહ કરી કરી, સોગંદ આપી ને મૃતકના ઘરના લોકોને જમાડે.

હજીતો ચિતાની આગ પણ ઠરી ન હોય ત્યારે કોડિયા ગળેથી નીચે ન જ ઉતરે. ત્યારે મૃતકના સ્વજનને સંસારચક્રમાં પાછા લઈ આવવાનું પ્રથમ પગલું એટલે ખારી માની પ્રથા.

માની એટલે રોટી અને દુઃખના સમય નું ભોજન ખારુ લાગવાનું. એટલે નામ પડ્યું ખારી માની પ્રથા. દુઃખી પરિવારજનોને આગ્રહ કરી, સોગંદ આપી આ ભોજન કરાવી, જનારા જતા રહ્યા પણ આપણે હજી જીવીએ છીએ એટલે શરીરને ભોજનનું ભાડું આપવું જ રહ્યું એવા મતલબ સાથેના આ ભોજન દ્વારા મૃતકના પરિવારજનોને સામાન્ય જીવન પ્રવાહમાં લઈ આવવાની શરૂઆત ખારી માની ભોજનથી થાય છે.

આસરે સો દોઢસો વર્ષ પહેલા કચ્છના ગામોમાં કોઈ મરણ થાય તો એનો શોક આખું ગામ પાડે. એ દિવસે દરેકના ઘરોમાં સાદું ભોજન (ખીચડી) બને, ગામજનો સુગ પાડે. મૃત શરીરને સ્મશાને લઈ જાય ને તરત ઘરના આંગણામાં મોટો ચુલો બનાવી એના પર ખીચડી રાંધવા મુકે એ એ સમયની ખારી માની. એમાં માની રૂપે ક્યારેક બાજરાના રોટલા પણ હોય. ત્યારની એ ખીચડીથી શરૂ થયેલી યાત્રા આજે ખારી માની સુધી પહોચી છે.

આજે કલ્પના પણ ન થાય એટલી પ્રગતિ કચ્છી સમાજમાં થઈ છે. નહીં તો સો દોઢસો વર્ષ પહેલા પતિના મૃત્યુ પછી પત્નીની જે દશા થતી એ જાણી કાળજું કંપી જાય. આજના સમયમાં મૃત્યુ પછી સુગ (શોક) પાડવાના રિવાજને તિલાંજલિ અપાઈ રહી છે. પણ એ જમાનામાં પતિના મૃત્યુ પછી પત્ની એક વર્ષ સુધી ખુણો પાડે. એટલે કે એક વર્ષ સુધી કરઈ (ઓરડામાં) દીવાલ તરફ મોઢું રાખી પુરાઈ રહીને પતિના મોક્ષ માટે સતત પ્રાર્થના કરે, જીવનભર લસ્સો (લાલ કે મરૂન કલર નો સાડલો) પહેરવાનો, મોટા ભાગે માથે મુંડન હોય. વિધવા સારા પ્રસંગે ન જઈ શકે, નહીં તો અપશુકન થાય એવી દર્દીલી માન્યતા હતી. સ્મશાનયાત્રાથી પાછા આવી ખીચડી (ખારી માની) ખવાય અને ખુણો પાડવાની શરૂઆત થાય.

મારા ફાધરના ફોઈ ભાણીમાં અને મધરના ફોઈ દેવકામાં તેર વર્ષની ઉમરે વિધવા થઈ ગયેલા. આખું આયખું એકલતામાં વિતાવ્યું જોકે મારી માયાળુ માતા મોંઘીબાઈએ એ બંને વિધવા ફોઈમાઓની આજીવન સારસંભાળ લઈ પિતૃઋણ ચૂકવેલું.

ખીચડી ખાવાની (આજની ખારી માની) ની વિધિ પછી વિધવાઓની ખરી કમનસીબી શરૂ થતી. એ જોઈ આજથી દોઢસો વર્ષ પહેલા એક સમાજસેવકે જબરજસ્ત કાર્ય કર્યું. કચ્છની કાશી ગણાતા કોડાય ગામમાં હેમરાજભાઈ વિસરીયાએ ખીચડી ભોજન (ખારી માની) પતે પછી તરતજ આવી એકલવાયી યુવાન વિધવાઓને પંડિત રોકી ભણાવવાનું શરૂ કર્યું.

બાળવિદાવાઓને પગભર કરવા ભરતગુંથણ, રાંધણ કળા, સીવણકામ ઇત્યાદિ શીખવાડી એ જમાનામાં સામાજિક ક્રાંતિનું પ્રથમ પગલું ભર્યું.

બરાબર પચાસેક વર્ષ પછી હેમરાભાઈથી પ્રેરણા લઈ કોડાય ગામનાં જ રવજીભાઈ લાલને કચ્છી સમાજ માં પ્રથમ વિધવા વિવાહ કર્યા. આખા સમાજમાં હાહાકાર મચી ગયો. રવજીભાઈનો બહિષ્કાર થયો, છેવટે હજારો માઈલ દુર તામિલનાડુના મદુરાઈમાં એમણે આસરો લીધો. ત્યાં હોટેલિયર તરીકે કારોબાર શરૂ કર્યો. આજે એમની ત્રીજી ચોથી પેઢી મદુરાઈ અને તામિલનાડુમાં હોટેલિયર (હોટેલ સુપ્રીમ) અને એક્સપોર્ટર તરીકે પોપ્યુલર છે.

**સો-દોઢસો વર્ષ પહેલા ખીચડી (ખારી માની)**

નો રિવાજ હતો. પણ પરિસ્થિતિ પલટાઇ કચ્છથી લોકો મુંબઈ આવવા લાગ્યા. એ સમયમાં એરિયા પ્રમાણે બજાર તરીકે કચ્છીઓના સંગઠનો ઉભા થયા. દાખલા તરીકે મઝગાંવ બજાર, પરેલ બજાર ઇત્યાદિ. બજારના મુખિયા પટેલ તરીકે ઓળખાતા. એમની આગેવાનીમાં કાર્યકરો લગ્ન, મરણ ઇત્યાદિ પ્રસંગો સાચવી લેતા.

અરે થોડાક વર્ષ પહેલા મુંબઈમાં મૃત્યુ થાય ત્યારે પડોસમાં રહેતા ઓળખીતાઓ ખારી માની તરીકે મગ અને રોટલી બનાવી લાવતા અને સમય સચવાઈ જતો, પણ પાછો સમય બદલાયો. લોકો પાસે સમયની અછત રહેવા લાગી.

શુભ પ્રસંગોમાં ઈવેન્ટ મેનેજમેન્ટનો દબદબો વધવા લાગ્યો. પણ અંતિમયાત્રા કે ખારીમાંની નું કાર્ય થોડી કાંઇ ઈવેન્ટ ઓર્ગેનાઈઝર કરી આપવાના ? સમાજની આ મુશ્કેલી ઘણા લોકોને ધ્યાનમાં આવી અને ખારી માની અને અંતિમયાત્રાની વ્યવસ્થા માટેની સેવા શરૂ થઈ. લતે લતે ખારી માની અને અંતિમયાત્રા માટે સેવાભાવી કાર્યકરોના ગ્રુપ્સ સેવા આપવા લાગ્યા અને કચ્છીયતની ખુશ્બુ ફેલાવા લાગી. આવા એક કચ્છી માડુ છે પાર્લા ઇસ્ટમાં ખારી માની અને અંતિમયાત્રા માટે સેવા આપતા દિનેશ જેઠાલાલ શાહ અને સાથીદારો. માપર ગામના દિનેશભાઇ જેઠાલાલ શાહની આ સેવા પ્રવૃતિ અદભુત છે એમના સાથીદાર ભરતભાઈ કારાણી બહુ ક્રિએટિવ છે તો દિનેશભાઈ કોઈ એમ.બી.એ થયા નથી છતાં વ્યવસ્થાના માસ્ટર છે. બંનેએ પોતાના કચ્છી કોઠાસુઝથી ખારી માની ની એવી વ્યવસ્થા ગોઠવી છે કે અન્ય સમાજ ચકિત થઈ જાય છે. એકવાર દિનેશભાઈ કોઈ અંતિમયાત્રામાં ગયા હતા. ત્યારે ઝબલા થેલીમાં ખારી માની અપાતી જોઈ એમનું હૃદય દુઃખી થઈ ગયું. મૃતકના ઘરના સભ્યો ડીસ, ચમચી કે ગ્લાસ માટે સ્ટ્રગલ કરતા જોઈ મનમાં ખારી માની સેવા શરૂ કરવાનું નકી કરી લીધું. અને એવી સેવા શરૂ થઈ જે જોતજોતામાં આખા સમાજમાં દાખલારૂપ બની ગઈ કારણકે દિનેશભાઈ અનાજ, ઘી ઇત્યાદિ તો ટોપ કલાસના વાપરે જ સાથે સાથે ચમચી, મિનરલ વોટરથી લઈ ટીસ્યુ પેપર, ગાર્બેજ બેગ સહિત તમામે તમામ વસ્તુઓ અપાય. જમવાનું ઘર પહોંચ કરવામાં આવે. કાર્યકર્તાઓ જાતે જઈ મૃતકના પરિવારજનોને ભોજન કરાવે એવી અદભુત વ્યવસ્થા ગોઠવી. વાંચવામાં સરળ લાગતી આ વાત અમલમાં લાવતા બહુ ચીવટ માંગી લે એવી છે. પણ દિનેશભાઈ અને ભરતભાઈને જયંત વોરા, જય ગાલા, કેકિન શાહ જેવા કાર્યકરોનું પીઠબળ હતું એટલે આ સેવા કાર્ય ને જબ્બર લોકપ્રિયતા મળી.

ભરતભાઈ અને દિનેશભાઈએ બારીકાઇથી પ્લાનિંગ તો કર્યુજ છે પણ આ સેવા તદન નિઃશુલ્ક રાખી છે. મોટા દાનની ઓફર સવિનય અસ્વીકાર કરે. બહુ આગ્રહ હોય તો ટોકન રકમ સ્વીકારે બાકી ખર્ચ બંને બંધુ બેલડી પોતે કરે. ખારી માની ની જેમ અંતિમયાત્રાની વ્યવસ્થા પણ દિનેશભાઈ અને મંડળી કરે છે. પહેલાના સમયમાં ઠાઠળી (મૈયત) બાંધવાથી લઈ સ્મશાન યાત્રાની વિવિધ વિધિઓ / પ્રથાઓના જાણકાર લોકો હતા પણ સમય બદલાતા એવા જાણકારો ઓછા થતા ગયા.

દિનેશભાઈ અને કાર્યકર્તાઓ વિધિની આમન્યા જાળવી આ કાર્ય કરે છે. કફન થી લઈ એમ્બ્યુલન્સ સુધીની સેવા આપે છે. અરે સુતરની માળા થી લઈ ચાકુ જેવી જીણી જીણી વસ્તુઓ હાજર કરી મૃત્યુ પામનારના કુટુંબીઓને ચિંતા મુક્ત કરી દે છે.

મારી જાણકારી મુજબ લગભગ મુલુન્ડમાં વિનોદ હરીયા અને એમના સુમતિ ગ્રુપે આ સેવા શરૂ કરી હતી. ડોમ્બિવલીના ખુશાલભાઈ ગડા અને ગ્રુપ પણ કાર્ય બહુ સારી રીતે કરે છે. ખુશાલભાઈને તો ઘણીવાર દિવસમાં ત્રણ ત્રણ કોલ (કહેણ) આવ્યા હોવાના દાખલા નોંધાયા છે.

અંધેરીમાં સિદ્ધિશીલા ફાઉન્ડેશન પણ આ કાર્ય બહુ સારી રીતે કરે છે. દક્ષિણ મુંબઈ ઉપરાંત મુંબઈમાં વિવિધ એરિયામાં આ પ્રવૃત્તિ ચાલે છે.
સુરેખાબેન ગોગરી-લાલબાગ લેડીસ વિંગ અને બોરીવલી એકતા ગ્રુપ એ બંને મહિલાઓ સંચાલિત ગ્રુપ છે જેઓ ખારી માની સેવા આપી મહિલાઓનું ગર્વ વધાર્યું છે.

કચ્છી સમાજ સિવાય કોઈ સમાજમાં આવી

વ્યવસ્થાઓ અસ્તિત્વમાં નથી. અને આવી અનોખી પ્રવૃત્તિઓથી જ કચ્છી સમાજ બીજા સમાજથી બે ડગલાં આગળ સાબિત થાય છે. અરે શંભુગીરી બેચરગીરી નામના એક કચ્છી માડુ એ તો કચ્છી દાતાઓની મદદથી અંધેરીનું સ્મશાન દત્તક લઈ, સ્મશાન જેવા જીવનના અંતિમ સ્થાનને જાણે તીર્થસ્થાન બનાવી દીધું છે.

ખારી માની પરથી દિનેશભાઈની વાત પર આવીએ તો મહારાષ્ટ્રના ઘણાં આદિવાસીઓ દારુણ ગરીબીમાં સબળે છે. એમના માટે દિકરીના લગ્ન કરવા મુશ્કેલ છે, દિનેશભાઈ અને ભરતભાઈ દર વરસે આવી અઢીસો ગરીબ આદિવાસી કન્યાઓના લગ્ન કરાવવા સક્રિય બને છે, દર વરસે ભારત વિકાસ પરિષદ સંસ્થાને સથવારે તેઓ અઢીસો આદિવાસી કન્યાઓના સમુહલગ્નમાં કન્યાને કન્યાદાન આપવા ભાગ્યશાળી બને છે. એ પણ દર વરસે. આ બંધુ બેલડી ભારત વિકાસ પરિષદના ઉપક્રમે વૃક્ષારોપણની જબ્બર ઝૂંબેશ ચલાવે છે. આ મુવમેન્ટથી પર્યાવરણને તો ફાયદો થાયજ છે પણ આદિવાસીઓને રોજી રોટી મળી રહે એવું આયોજન કરે છે. ફળ આપતા વૃક્ષોનું વૃક્ષારોપણ કરી એ વૃક્ષની ઉછેર અને સાર સંભાળ લેવાની જવાબદારી આદિવાસીઓને સોંપે છે. વૃક્ષો પરથી ઉપજતા ફળો આદિવાસીઓ બજારમાં વેંચી પૈસા કમાવી પોતાનું ગુજરાન ચલાવે છે. વૃક્ષારોપણની આવી ક્રિએટિવ આઈડિયા જવલ્લેજ કયા જોવા મળે.

કચ્છ યુવક સંઘની પાર્લા શાખાનું સંચાલન કરી દિનેશભાઈ અને ભરતભાઈ વિશાળ લોકસંપર્ક માં આવ્યા. કચ્છી નાટકો અને એન્કરવાળા રક્તદાન શિબિર ઈત્યાદિથી લોકોમાં લોકપ્રિય થયા. પછી તો સ્કાય ઈઝ નો લિમિટની ઉક્તિ પ્રમાણે અનેક સારા કાર્યોનો આરંભ થયો. એમાં મહેન્દ્રભાઈ સંગોઈ જેવા જીવદયા પ્રેમી સાથે અહિંસાધામમાં સક્રિય બની મુંગા પશુઓની સેવા એક અનોખા તરીકે જોઈ શકાય. દિનેશભાઈ મિજલસ અને મિજબાનીના માણસ છે. સોમવારથી શુક્રવાર એમના રેસ્ટોરન્ટ 'ડેઝર્ટ જન્કશન' પર સાંજે મિત્રોનો મેળો જામે. એમાં ક્યારેક તારક મહેતા ના પ્રોડ્યૂસર આશિત મોદી પણ હોય અને જેઠાલાલ બનતા દિલીપ જોષી કે મનોજ જોષી પણ હોય, ક્યારેક બી.જે.પી. નેતા મંગલપ્રભાત લોઢા હોય, તો ક્યારેક વિધાનસભ્ય પરાગ અડવાણી હોય, ક્યારેક કચ્છ યુવક સંઘના દિપક પટેલ હોય અને ક્યારેક મહેન્દ્રભાઈ સંગોઈ હોય. એ સિવાયના પણ લોકો આવે, મૈત્રીની મિજલસ જામે, અલક મલક ની વાતો થાય. ખાવા પીવાની મિજબાની થાય. દિનેશભાઈ ને આવો પરગજુ સ્વાભાવ પિતા પાસેથી વારસામાં મળ્યો છે. વરસો પહેલા એમના પિતા જેઠાલાલ બાપા પાર્લા બજારના પટેલ (પ્રમુખ) હતા. પહેલા તો એમની વસઈમાં ચોખાની મિલ હતી. પછી પાર્લામાં એમણે અનાજ દળવાની ઘંટી (લોટ પીસાવાની દુકાન) નાખી. એક કચ્છી અનાજ સિવાયની અવનવી લાઈનમાંથી મહેનત કરી પૈસા કમાવી શકે એનું ઉદાહરણ પુરું પાડ્યું.

જેઠાબાપાના એક નજીકના સગા ખીમજી ભુલાભાઇ વીરા (કે.બી.વીરા) (દેવપુર) ની ફોર્ટમાં અનાજ દળવાની ઘંટી હતી. એકવાર જેઠાબાપા અને કે.બી.વીરાએ ડોંબીવલીમાં અનાજ દળવાની ઘંટી શરૂ કરવાનું વિચાર્યું એટલે તપાસ કરવા બંને ડોંબીવલી ગયા. એ સમયે ડોંબીવલી સાવ વેરાન ગામડા જેવું હતું. સ્ટેશનની બંને બાજુ ખેતરો હતા. ક્યાંક ક્યાંક છુટાછવાયા મકાનો હતા. એક સવા કલાકના અંતરે ટ્રેન આવે. એટલે અનાજ દળવાની ઘંટી નાખવાનું મુલત્વી રાખ્યું, પણ આટલે લાંબે આવ્યા હોવાથી કાંઈક નક્કર કરવું તો જોઈએ જ એમ વિચારી ડોંબીવલીમાં સિનેમા ઘર ( થિયેટર - ટોકીઝ) બનાવવાનું નકી કરી નાખ્યું. સ્ટેશન પાસેનું એક ખેતર વેંચાતુ લઈ, સિનેમાઘર બનાવવાનું શરૂ કરી નાખ્યું. એમને ટોકીઝનું સામાન્ય જ્ઞાન પણ નોતું, પણ કોઠાસુઝથી કામ શરૂ કર્યું. એ વખતે એરકંડીશન તો હતા નહીં એટલે પંખા, અંદરના બેસવાના બાંકડા, પ્રોજેક્ટર ઇત્યાદિ નવા કે સેકન્ડ હેન્ડ વસાવતા ગયા. થિએટર બાંધવાનું પાંસઠ હજારનું બજેટ હતુ પણ લાખેક રૂપિયા ખર્ચાઈ ગયા. આ બધા કામોમાં થિએટર શરૂ કરવા માટે લાઇસન્સ જોઈએ એ સાવ ભુલાઈ ગયું. એ વખતના મુંબઈ રાજ્યના મુખ્યપ્રધાન મોરારજી દેસાઈએ પરવાનગી આપવાની ના પાડી

દીધી, પણ હથિયાર હેઠા મુકી દે તો કચ્છી માડુ શાના ? છેવટે જીદી સ્વાભાવના મોરારજી દેસાઈને સમજાવવા સફળતા મળી અને ડોંબીવલીમાં પ્રથમ સિનેમાઘર 'તિલક ટોકીઝ'ની શરૂઆત થઈ.

આજે તો કે. બી. વીરા ગ્રુપની બીજી ઘણી ટોકીઝો ડોંબીવલીમાં છે. કે.બી. વીરા હાઈસ્કૂલમાં પણ એમનો મસમોટો ફાળો છે. આવા સાહસિક જેઠાલાલબાપા પાર્લા બજારના પટેલ તો હતા જ પણ બોમ્બે ગ્રેન ડીલર્સના ટ્રસ્ટી અને રિટેઈલ ગ્રેઈનના ડાયરેક્ટર પદે રહી સેવા આપી છે. એમના પગલે ચાલી દિનેશભાઈ સામાજિક કાર્યો કરે છે. દિનેશભાઈના મોજીલા મિત્ર ભરતભાઈને સેવાના સંસ્કાર તો ઘોડિયામાં જ મળ્યા છે.

મુળ ડુમરા ગામના ભરતભાઈના પિતા પ્રેમજીભાઈ અને કાકા હીરજીભાઈ કચ્છના માંડવીમાં રહે. માત્ર માંડવીમાંજ નહીં આખા કચ્છમાં આર.એસ.એસ. નો પાયો નાખવા એમણે પુરુષાર્થ કરેલો. કચ્છના બે બે ધરતીકંપ, અસંખ્ય દુષ્કાળોમાં સેવા અને શિક્ષણક્ષેત્રે મસમોટુ પ્રદાન કર્યું છે. એમના પગલે ચાલી સંઘ પરિવારમાં ભરતભાઈના પ્રદાન ઉપર અલગ લેખ કરવાનું ધાર્યું હોવાથી અહીં ઊંડો નથી ઉતરતો, પણ એટલી નોંધ ચોક્કસ લઈશ કે ભરતભાઈ સ્વામિનારાયણ સંતોના લાડકા કાર્યકર છે.

લંડન, આફ્રિકા, અમેરિકા ઇત્યાદિ વિદેશોથી પોતાની જન્મભૂમિ પધારતા પટેલો તેમજ સ્વામિનારાયણ પંથના પ્રવાસીઓ માટે ફરવાથી લઈ રહેવા સુધીની સગવડો કરી આપે છે. ક્રિએટિવ દિમાગ અને વિશાળ વાંચનશોખ ધરાવતા આ માડુ સુરેશ મહેતા (ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી) થી લઈ નરેન્દ્રભાઈ મોદી સુધીના મહામાનવો સાથે સંઘના પ્રચારક તરીકે દેશવ્યાપી કાર્ય કર્યું છે. એમાંય મુરલી મનોહર જોશી ની કન્યાકુમારીથી કાશમીર સુધીની એકતા યાત્રામાં નરેન્દ્રભાઈ મોદી ના જોડીદાર બની પોસ્ટર ચોડવાનુ કાર્ય કર્યું છે.

## પુણ્ય



જયંતિલાલ હીરજી રાંભિયા
મુલુન્ડ – મુંબઈ

બાપુજી, બા ને દવાખાને બતાવીને લાકડીને ટેકે રીક્ષામાંથી ઉતરી ઘેર મોડે મોડે દોઢ વાગે પહોંચ્યા. ત્યાંતો દરવાજો બંધ, તાળું મારેલું. બાપુજી ધ્રુજતા હાથે ખિસ્સામાથી મોબાઈલ કાઢે ત્યાં જ પાડોશીએ કહ્યું, તમારી વહુ ચાવી આપી ગઈ છે, એમ કહીને તાળું ખોલી આપ્યું. દંપત્તી અંદર પહોંચે ત્યાંજ વહુ આવી ગઈ.

ઝડપથી એક ગ્લાસમાં બાપુજી માટે માટલાનું અને એક ગ્લાસમાં હાંડાનું પાણી બા માટે લઈ આવી, લાલાની પેરેન્ટ્સ મીટીંગમાંથી આવતા સ્કુટીમાં પંચર પડ્યું એટલે મોડું થયું. એવો અફસોસ કરતાં રસોડામાં જઈ ફટાફટ દાળ ગરમ મુકી. બા માટે ખમળેલી હળદર, બાપુજી માટે કડકા. બાપુજીની દાળ ગરણીથી ગાળી નાખી. થાકેલ બા ને ડાનીગ ટેબલ ને બદલે સોફા પર જ જમવાનું દેવાના હેતુથી થાળી, વાટકો અને ગ્લાસ ટીપાઈ પર ગોઠવતી હતી ત્યાં તો બા એ વહુનો હાથ પકડી લીધો. વહુ કહે, બા કેમ છો ? સારૂ તો છે ને ? કહી વહુ બા નાં પગ પાસે બેસી ગઈ. બા એ દવાની કોથળી ખોલી એમાંથી દવાખાને જતી વખતે વહુએ છાનુંમાનું મુકી દીધેલ બિસ્કીટનું પેકેટ ખોલી બે બિસ્કીટ વહુના મોઢામાં મુકી દીધાં, બા તમે દવાખાને ખાધા નહીં ? વહુએ પુછ્યું.

બા કહે, તને મુકીને હુ ઘરડી ડોશી ખાઈ લઉ ? ઘડીક શ્વાસ લે. વહુ એ બા નાં ખોળામાં માથું રાખી દીધું ને આખો થાક ઉતરી ગ્યો. અચાનક વહું કહે, બા મારે એકાદશી હતી. બા કહે, તુ અમને જે રીતે સાચવે છે ને, તને તો રોજ ભાગવત સપ્તાહનું પુણ્ય મળે છે. કહેતાં કહેતાં બે બિસ્કીટ પાછા મોઢામાં મુકી દીધાં. ત્યાં સામેની ખુરશીમાં બેઠેલા બાપુજીએ બિસ્કીટ માટે મોઢું ફાડી રાખેલ જે જોઈ સાસુ વહુ ખડખડાટ હસી પડ્યા. આ બધાં પ્રસંગ વચ્ચે ઘરનો દરવાજો ખુલ્લો રહીં ગયો એ ખબર ન રહીં. ધ્યાન ગયુ ત્યારે દાદાની હયાતી ચેક કરવા આવેલ દોઢ લાખ પગારવાળા બેન્ક મેનેજર આ દ્રશ્ય જોઈ રડી રહ્યાં હતાં. ખબર નહી કેમ...

# કાવ્ય લહર

## ડીયારી મનાયૂં...

ડીયે થી ડીયા પેટાઈ, ઊજારો કરાયૂં,
કેંક જે ડીયે તેલ પૂરી, ડીયારી મનાયૂં,

અડણ કેંજા વે સુના,ત રઙોડી ભનાયૂં,
હીંયે જે રડસે સજાઈ, ડીયારી મનાયૂં

ડિસાજે કો ભુખ્યો, ઇનજો પેટ ભરાયૂં,
મિઠી વાની ખારાઈ ને, ડીયારી મનાયૂં,

ન વે પેરણ કપડા, ઇનજા અડ ઢકાયૂં,
નાં વાઘા પેરાઈ ઇનકે, ડીયારી મનાયૂં,

સેવાધારી નિંઢેકે પાં, સામેથી બોલાયૂં,
મિઠાઈ ભેગો માન ડિઈ, ડીયારી મનાયૂં,

પિરભે જી રાણી કે પાં, ઈ હોંસે વધાયૂં,
વસંત હુંભસે મિલીને પાં, ડીયારી મનાયૂં.

## ખાલી હથ વિઞણૂં

કુરો ખણી આયા, કુરો ખણી વિઞણૂં
ભેરો કરેલ છડીને, ખાલી હથ વિઞણૂં,

ધુનીયા જીતીને, હલ્યો વ્યો સીકંધર,
કીંય ન અચે કમ, ખાલી હથ વિઞણૂં,

ખોટો સચો કઈને, કે કઈક તૂં ભેગો,
આયૂજી ડૂરી તુટે, ખાલી હથ વિઞણૂં,

ડેવ કઈક પૂજ્યા, મડેજો કીં ન છડ્યાં,
ટકો કિત ખરચે ન, ખાલી હથ વિઞણૂં,

જીંયણ મિલ્યો નામી, જીંધે તૂં સિખે ન,
ડાન ધરમ કીં કે ન, ખાલી હથ વિઞણૂં,

વસંત ચે સમજ, હજી મોકો આય હથ,
ભરી બંધલ ન મિલે, ખાલી હથ વિઞણૂં.



## છંઢ છુંઢ

વસંત કાનજી મારૂ
મુલુન્ડ - મુંબઈ

આવઈ ડીયારી ત છંઢ છૂંઢ કરી ગિઞ
કિતક ભર્યો મેલ ત વીચારી કઢી ગિઞ
મન જા જારા છંઢી બોઆર કઢી ગિઞ
અબોલા છડીને તૂં મોન કે તોડી ગિઞ
ધિલ કે ઘસી ઘસી ચુખો ચટ કરી ગિઞ
લાગણી વસાઈ પ્રેમજો ઢુક ભરી ગિઞ
અખીંયેજી ઇર્સા પાણી સે છંઢી ગિઞ
હેતજી હેલ ભરી હીંયે મેં વેરાઈ ગિઞ
થિઈ વિઞને હલકો મોજ માણી ગિઞ
રેયાણ જમે નામી ખૂસી કે વાંટી ગિઞ
પેટાય ડીયા ને રડોડી કે સજાઈ ગિઞ
ખિલીને વસંત ઈં ડીયારી મનાઈ ગિઞ



## ઉંઢીને વિનેજો...

ભારતી કાંતિલાલ ગડા
ડોંબીવલી - મુંબઈ

સ્વાર્થ , ઈચ્છા કઢીને વિનેજો
મમત, મોહમાયા, છડીને વિનેજો.
પ્રતિષ્ઠા ને પૈસો રખીને વિનેજો.
ખફણ હિકડો માતર ઉંઢીને વિનેજો.
ભલાઈજા કમ બ કરીને વિનેજો.
સજે જગમેં નાલો ખટીને વિનેજો.
જીયણ રેલવાઈ ઉભેતી, હલેતી
અચે કોય ટેસન, ઉથીને વિનેજો.
મયણ સેજ તે બસ મિલેં ચાર કાંધી
ને ઘરનું મસાણેં સુમીને વિનેજો.
છબી ભિતતેં લગધી ને ફુલહાર ચડધા
જિરાવાર ડુખ, પોય ભુલીને વિનેજો.

## બીજુ શું જોઈએ યાર



હરેશ ભવાનજી ગડા
નાલાસોપારા - મુંબઈ

સાવ નિરોગી કાયા હોય,
સંતાનો બધાય ડાહ્યા હોય,
માવતરની અમૂલ્ય છાયા હોય,
તો.... બીજુ શું જોઈએ યાર
ફટ ઊંઘ આવી જતી હોય,
નીતિ તરફ જ ગતિ થતી હોય,
દયાભાવ સદા ગરીબ પ્રતિ હોય,
તો.... બીજુ શું જોઈએ યાર
સંપીલો પુરો પરીવાર હોય,
મગજ પર સાવ ન ભાર હોય,
નિર્દોષ ખુશીઓની જ ભરમાર હોય,
તો....બીજુ શું જોઈએ યાર
મિત્રો સારા ને પ્યારા હોય,
સમજુ ને લાગણીશીલ દારા હોય,
જીવંત જીવનની ધારા હોય,
તો...... બીજુ શું જોઈએ યાર
જરૂર પુરતી જ ભલે વિત્ત હોય,
શીતળ સદાયે ચિત્ત હોય,
નવો આનંદ નવનીત હોય,
તો...... બીજુ શું જોઈએ યાર
પેટ ભરીને ખવાતું હોય,
ખાધેલું પચી જાતું હોય,
મોજ ભરેલી જ વાતું હોય,
તો..... બીજુ શું જોઈએ યાર
મૃત્યુનું નિત્ય સ્મરણ હોય,
ભલે પછી એ અભણ હોય,
નિર્દમ્ભ જીવવાની લઢણ હોય,
તો..... બીજુ શું જોઈએ યાર
વડલાની સેવા થતી હોય,
બિલકુલ ઠરેલ મતિ હોય,
ભરોસો નિજ પર અતિ હોય,
તો..... બીજુ શું જોઈએ યાર
સુંદર મજાનો સ્વભાવ હોય,
ભલેને રૂપિયાનો અભાવ હોય,
ભીતરી ઉજાશનો પ્રભાવ હોય,
તો..... બીજુ શું જોઈએ યાર
આવું પામે એ જ અમીર હોય,
ફરીયાદ નહી જો ખમીર હોય,
સ્વભાવે શાંત જીવતું ઝમીર હોય,
તો..... બીજુ શું જોઈએ યાર

## શુભમંગલ પ્રાર્થના



ખુશાલ વાલજી લોડાયા
હૈદરાબાદ

આવનાર નવા વર્ષની દિવ્ય ઉર્જા આપને
આપના જીવનમાં ખૂબજ સફળતા અર્પે...
સૂર્ય તમને શૌર્ય અને તેજ આપે....
ચંદ્ર તમને પદ અને શીતલતા આપે...
બુધ તમને ઉત્તમ બુદ્ધિ અને વિદ્યા આપે...
ગુરૂ તમને ધન, સુખ-શાંતિ અને ભક્તિ આપે...
શુક્ર તમને આનંદ અને વૈભવ આપે...
શનિ તમને દીર્ઘાયુ અને નિરોગી કાયા આપે...
રાહુ કેતુ તમને ખુબજ અણધાર્યો લાભ આપે....
પૂર્વમાંથી પ્રતિષ્ઠા.... પશ્ચિમમાંથી દાયિત્વ...
ઈશાનમાંથી ઐશ્વર્ય... અગ્નિમાંથી આકર્ષણ...
નૈઋત્યમાંથી નૈતિક્તા... વાયવ્યમાંથી વૈભવ....
આકાશમાંથી આમદાની અને પાતાળમાંથી પુંજી...
આમ દશે દિશામાંથી...
ધન, સુખ, શાંતિ, સમૃદ્ધિ, વૈભવ પ્રાપ્ત થાય
તેવી નૂતન વર્ષની શુભમંગલ પ્રાર્થના...

## ડોલી વાળો



હંસકુમાર રાયચંદ સાયલા
હૈદરાબાદ

શિખરજીની યાત્રા કરતા કરતા
મનમાં એક ભાવ જાગ્યો..
અને આવતો જન્મ ડોલી વાળાનું માંગી લીધુ
હૃદય ડોલીમાં બેસાડીને પ્રિયે
રોજ રોજ શિખરજીની યાત્રા કરાવીશ
એવો સંકલ્પ કરી લીધું

## गुनगुनाहट

अंधेरोने कुछ गुनगुनाया
जमाने ने उसे गीत कहा
मै सिर्फ मुस्कुरा दिया
फीर मुझे मालुम नही जमाने ने क्या किया ?




## पंचगव्य

1) गौदुग्ध (दुध)
2) गौघृत (घी)
3) गौमूत्र (मूत्र)
4) गौदही (दही)
5) गौमेह (गोबर)




ઇન્સ્યોરેન્સ ક્ષેત્રે ૫૭ વર્ષોથી આપની સેવામાં...
દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા તથા મેડીક્લેઇમ-હેલ્થ ઇન્સુરેન્સ
માટે સંપર્ક કરો: **લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી,
સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯, ૯૯૪૯૫૧૮૦૭૬
ADVT 12/21

KE
ESTD: 1980
**કિરણ ઇલેક્ટ્રોનિક્સ KIRAN electronics**
Distributors & Stockist: Industrial Electronic Components & Tools
Email: hydkiranelec@yahoo.com WhatsApp no. 9394 58 8636
Website: www.kiranelechyd.com, www.kiranelectronicshyd.com
Follow us on - Facebook & Instagram : hydkiranelec



# One stop services
## for all your needs

## FINANCIAL INVESTMENTS
## INSURANCE
## SAVINGS & TAX PLANNING

### SERVICES OFFERED

- General Insurance - New India Assurance & Star Health
- Life Insurance - HDFC Life & LIC
- Postal Savings - RD / MIS / NSC / KVP / TD
- Pure Risk Plan
- Cancer Care Plan
- Retirement Plan
- Mutual Funds
- Fixed Interest Instruments

Assuring of Services at your Doorstep

For all your requirements Contact : **Financial Consultants**

**Madhusudan Modani : 98491 60807**

**Lalitha Modani : 92461 50501**

1-8-337/1, Block 1, Flat No. 401, Fore Front's Royal,
Indian Airlines Colony, Begumpet, Hyderabad - 500 016.
Phone - Res : 040 2790 2297. e-mail : msmodani@gmail.com

advt





If undelivered please return to

**SHRI KUTCHHI MITRA MANDAL**
Kutchhi Bhavan,
3-5-142, Eden Bagh, Ramkote,
Hyderabad 500 001. Telangana
Phone : 2475 2383

Printed Matter only. Posted u/c 5A of P&T guide. Hence not to be taxed
BOOK - POST


Printed & Published by SHRI KUTCHHI MITRA MANDAL, 3-5-142, Eden Bagh, Ramkote, Hyd-1. Edited by : DINESH GOSAR
Printed at Chandraprabha Graphics, Shop No. 37, Royal Plaza Complex, Sultan Bazar, Hyderabad. Ph : 040-40258999, 9848666999, chandraprabhagraphics@gmail.com